# સમતા અને વિકાસ સંસ્થાન, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ

**અંતર્ગત**

**પ્રકલ્પ અહેવાલ**

# છોટાઉદેપુર જીલ્લાનો ‘આદિવાદસી આર્થિક વિકાસ દર્શન’


**પ્રકલ્પ સંયોજક**
ડૉ. નિમિષા શુક્લ

**માનદ નિયામક**
ડૉ. વિદ્યુત જોષી

**સંશોધક**

ડૉ. રાજેશ રાઠવા
સંશોધન મદદનીશ
**સમતા અને વિકાસ સંસ્થાન,ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**


**વર્ષ–૨૦૨૨–૨૩**

## સારાંશ અને ભલામણો

### ૧.૧ પ્રસ્તાવના

આદિવાસી આર્થિક વિકાસ પ્રકલ્પના ભાગ સ્વરૂપે છોટાઉદેપુર જીલ્લાના 'આદિવાદસી આર્થિક વિકાસ દર્શન' અહેવાલ તૈયાર કરવા કુલ પાંચ પ્રકરણો સર્વેક્ષણમાં આવરી લેધેલ છે. જેમા આદિવાસીઓનો વિકાસ અનેક કારણો સર થઈ શક્યો નથી. જેમા મુખ્યત્વે શૈક્ષણિક સંકુલો ખુબ સરસ આકાર પામ્યા પરંતુ અસરકારક શિક્ષણનો અભાવ, આર્થિક સ્થિતિ, સામાજિક તેમજ આરોગ્ય, ખેતી અને વસવાટની પરિસ્થિતિ નબળી, યોજનાઓથી અજાણપણું વગેર છે. આ સમગ્ર ક્ષેત્રમાં ગરીબીનું પ્રમાણ જોવા મળે છે. મધ્યપ્રદેશ સીમા પરના ગ્રામિણ સમુદાયોમાં જોવા મળ્યું છે કે તેમનું શોષણ પણ થાય છે. માત્ર વરસાદ આધારિત ખેતી થવાથી તેઓ જીવન નિર્વાહ માંટે સ્થળાંતર કરવું પડે છે. તેમ છતાં આખું વર્ષ માત્ર જીવન ગુજારી કરે છે. આ ક્ષેત્રના આદિવાસીઓ આળસું નથી, સખત મજૂરી અને પરિશ્રમ કરે છે, છતાં તેમનો જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બને છે, તેવા સમયે તેઓ આત્મવિશ્વાસ અને ગૌરવથી જીવન જીવી શકે તે માટે થોડી મદદ કરી આગળ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો બીજા આદિવાસઓ કરતાં ઝડપથી આગળ આવી શકે તેમ છે. ક્ષેત્રકાર્ય દરમિયાન અભ્યાસને આધારે તેમજ પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ પાસે છેલ્લા પાંચ વર્ષની આંકડાકીય માહિતી મેળવી તેનો અભ્યાસ કરી છોટાઉદેપુર જિલ્લામાં વસતાં આદિવાસી સમુદાયનો તેમની ઈચ્છા મુજબ તેમનો વિકાસ કરવો હોય તો શું કરવું જોઈએ ? તેના સૂચનો અહીં મૂક્યાં છે, જે તેમના ભાવીવિકાસને માટે અત્યંત વિચારણાં માગી લે તેવાં છે.

આ નવા અભિગમ મુજબ 'આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ' વિકાસના આ અભિગમ હેઠળ છોટાઉદેપુર જીલ્લામાં આદિવાસી વિકાસના પડકારો અને પ્રશ્નો તપાસી તેના ઉકેલ માટે સ્થાનિક આદિવાસીઓની ક્ષમતાનુ માપન કરી તે મુજબ તેમના વિકાસની કાર્ય–યોજના તૈયાર કરી છે. તથા આ કાર્ય યોજનાના અમલ માટે વાસ્તવદર્શી ભલામણો લેખિત સ્વરૂપમાં રજૂ કરવામાં આવી છે.

### ૧.૨ સારાંશ

પ્રસ્તુત અભ્યાસનો અહેવાલ કુલ પાંચ પ્રકરણોમાં વિભાજિત છે. આ પાંચે પ્રકરણોનો ક્રમશઃ સારાંશ નીચે મુજબ છે.

પ્રકરણ–૧ : સારાંશ અને ભલામણો
પ્રકરણ–૨ : આદિવાસી વિકાસનો અભિગમ
પ્રકરણ–૩ : આદિવાસી અને છોટાઉદેપુર જિલ્લાની ઓળખ
પ્રકરણ–૪ : આદિવાસી વિકાસના ક્ષેત્રો
પ્રકરણ–૫ : કાર્ય યોજના (Action Plan)

પ્રસ્તુત અહેવાલના પ્રકરણ–૧માં સમગ્ર અહેવાલનો સારાંશ અને મુખ્ય ભલામણોનો સમાવેઈ કરેલ છે. આદિવસી ક્ષેત્રોમાં શિક્ષણનું માધ્યમ,શિક્ષા ક્ષેત્રોમાં સુવિધાઓ સંદર્ભે ભલામણો, આરોગ્યની સુવિધાઓ સંદર્ભે ભલામણો, જંગલ–જમીન અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત અધિકારલક્ષી ભલામણો, જંગલ અને ખેતી આધારિત ઔદ્યોગિક તાલીમી સંસ્થાઓ, આદ્વિવાસી કાયદાઓની સ્થિતિ અને ભલામણો, ગ્રામસભા અને તેના કાર્યોની જાણકારી આપવા ભલામણો, પેસા એક્ટની અમલવારી, વન ઔષધિ આધારિત ગ્રામોદ્યોગના વિકાસ ની ભલામણો, દેશી/પ્રાકૃતિક ખેત પોદાશો આધારિત ગ્રામોદ્યોગના વિકાસ ની ભલામણો, જળ વ્યવસ્થાપનની ભલામણો, મત્સ

ઉદ્યોગના વિકાસની ભલામણો, પશુપાલન ક્ષેત્રે વિકાસલક્ષી ભલામણો, ગ્રામ હાટનું વ્યવસ્થાપન, ખાણ અને ખનીજો, વ્યસનમુક્તિ સંબંધિત પગલા, વનબંધુ કલ્યાણ યોજનાલે લગતી ભલામણો, ક્ષેત્રકાર્ય દરમિયાન સ્થાનિક સમુદાયોના સૂચનો, થળાંતરિત મજૂરો માટેની ભલામણો, બજાર સુવિધાની ભલામણો, જળ વ્યવસ્થાપનની ભલામણો, પશુપાલનક્ષેત્રે વિકાસની ભલામણો, સ્થાનિક–ગાયકોની ગાયકી સુધારણા અંગે ભલામણોનો સમાવેશ થાય છે.

પ્રકરણ–૨ માં આદિવાસી વિકાસ અંગે નવા અભિગમને વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. પ્રકરણના પ્રારંભ, વિકાસની પરિભાષા, વિકાસના અભિગમો, વ્યવસાયિક કલા – કૌશલ્યો દ્વારા વિકાસ સ્વાલંબન વિકાસ, જન–સમૂહ જે વ્યવસાય સાથે જીવે છે તેના દ્વારા વિકાસ, કુદરતી સંશાધનો દ્વારા ખાણ, ખનીજ વગેરેના અધિકારો દ્વારા, આદિવાસી વિકાસ અંગે ઊભા થતા સવાલો. આદિવાસી વિકાસનો નવો અભિગમ, સામાજિક– સાંસ્કૃતિક ક્ષમતા વર્ધન, શૈક્ષણિક વિકાસ, વ્યવસાયિક કલા કૌશલ્યોનો વિકાસ, સામૂહિક જીવનશૈલીનો વિકાસ, પરંપરાગત ક્ષમતાઓનો વિકાસ, પેસા કાનુન, વનબંધુ કલ્યાણ યોજના, એફ.આર.એ. ઉપરાંત આયોજિત વિકાસ કાર્યક્રમો વગેરેની સમીક્ષા કરી છે. તાર્કિક અને આયોજનપૂર્વકના આ બધા પ્રયાસો છતા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં અપેક્ષિત બદલાવ લાવી શકાયો નથી. તેથી આ માટે નવાઅભિગમને સૂચિત કરાયો છે. નવા અભિગમ અનુસાર આદિવાસીઓનો સંપોષિત વિકાસ કરવો હોય તો તેમની ક્ષમતાઓનુ પ્રફૂલ્લન કરીને તેમની સંસ્કૃતિ–પ્રકૃતિને અનુરૂપ વિકાસનું માળખુ ગોઠવવું જોઇશે. આ અભિગમ મુજબ આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ, પ્રસ્તુત પ્રકરણમા છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓના આર્થિક વિકાસ માટે મુખ્ય પાંચ ક્ષમતાઓ આધારિત 'પંચવર્ધિત' વિકાસનો અભિગમ વિચારાયો છે. જેમા ૧) દરજ્જા વર્ધન ૨) કૌશલ્ય વર્ધન ૩) મૂલ્ય વર્ધન ૪) ભાગીદારી વર્ધન અને ૫) સ્વાશ્રય વર્ધન. નો સમાવેશ થાય છે.

પ્રકરણ–૩ માં આદિવાસી અને તેમના જિલ્લાની ઓખળ વિશેનો ઐતિહાસિક પરિચય, રાજકીય પરિચય, જિલ્લાનું ભૌગોલિક –સાંસ્કૃતિક પરિચય, જિલ્લાનો નકશો, છોટાઉદેપુર જિલ્લાનાં જોવાલાયક સ્થળો, શિક્ષણની સવલતોમા ગૌણ માહિતીના આધારે આદિવાસીઓનો વર્તમાન આર્થિક–સામાજિક દરજ્જાનો અભ્યાસ કરવામાં આવ્યો છે, જેમા છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓની સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક ઓળખ અને ભૌગોલિક સ્થિતિને પણ આવરી લીધી છે. આ ઉપરાંત આજીવિકાના તમામ ક્ષેત્રો, જેવા કે કૃષિ, ઉદ્યોગ, સેવા, સહકારી પ્રવૃત્તિઓ, કારીગરી અને ખાણ–ખનિજ વગેરેની વર્તમાન સ્થિતિ અને તેમા આવેલ પરિવર્તનો તપાસ્યા છે. સાથે સાથે છેલ્લા પાંચ વર્ષના આંકડાકીય માહિતીના આધારે છોટાઉદેપુર જિલ્લામાં આંતરમાળખાકીય સવલતોની સ્થિતિ અને તેમાં આવતા પરિવર્તનોને ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કર્યુ છે.

પ્રકરણ–૪ માં રૂબરૂ મુલાકાત અને જુથ ચર્ચાના માધ્યમથી છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓની ક્ષમતાઓનુ માપન દર્શાવ્યુ છે. છોટાઉદેપુ જિલ્લાના આદિવાસી વિકાસના વિભન્ન ક્ષેત્રોમાં આદિવાસી વિકાસના પ્રશ્નો અને તેના ઉકેલ માટે તેમનામાં રહેલી ક્ષમતાને માપી તેને વિકસાવવાની શક્યતાઓનો વિચાર કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે વિકાસના પાયાના તમામ ક્ષેત્રોને આવરી લીધા છે. જેમ કે શિક્ષણ, જંગલ–જમીનનો ઉપયોગ અને અધિકારો, વનપેદાશ એકત્રીકરણ અને ઉપયોગ, પરંપરાગત કૃષિ પેદાશો તથા તેનુ બજાર, પશુપાલન, મત્યઉદ્યોગ, સહકારી પ્રવૃત્તિઓ વગેરે ક્ષેત્રો સમક્ષના પડકારો–પ્રશ્નો તેના ઉકેલ માટે સ્થાનિક આદિવાસીઓમાં રહેલી ક્ષમતા અને વિકાસની શક્યતાઓ ચકાસવામાં આવી છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓના વિકાસ સમક્ષ રહેલા પડકારો અને તેના પ્રશ્નો ચકાસ્યા બાદ તેને ઉકેલવા સ્થાનિક આદિવાસીઓની પરંપરાગત અને વર્તમાન ક્ષમતા માપન કરી તેના માધ્યમથી કેવી રીતે સ્થળાંતર અટકાવી શકાય તેના ઊપાયો વિશે ચિંતન કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રકરણ–૫માં કાર્ય યોજના વિશે છોટાઉદેપુર જિલ્લાના સ્થાનિક આદિવાસીઓની ક્ષમતા, ભાગીદારી, સંસ્કૃતિ, જીવનશૈલી, સ્થાનિક સાધનો, સ્થાનિક જરૂરિયાતો, વર્તમાન નીતિઓ, કાયદા અને સ્થાનિક લોકોની ઇચ્છા મુજબની તૈયાર કરવામાં આવી છે. તથા આ કાર્ય યોજનાનુ અમલીકરણ કેવી રીતે અને કોના દ્વારા થશે, સરકારી તથા બિનસરકારી સંસ્થાઓની, સ્થાનિક સંગઠનો અને નાગરિકોની કઈ ભૂમિકા રહેશે વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ કાર્ય યોજનામાં આર્થિક–સામાજિક વિકાસના સ્થાનિક કક્ષાના તમામ પાયાના ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### ૧.૩ ભલામણો

### ૧.૩.૧ આરોગ્યની સુવિધાઓ સંદર્ભે ભલામણો

➢છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્યની સુવિધામાં માત્ર સામાન્ય રોગોનું નિદાન થાય છે. પૂર્વ પટ્ટીનો સૌથી મોટો જિલ્લો પરંતુ ઇમરજન્સીમાં વડોદરા સુધી લાંબા થવા શિવાય કોઈ જ વિકલ્પ નથી તેની પૂર્તિના આયોજન કરાશે.

➢મેડિકલ સાધન સામગ્રીનો આભવ, અને જો સાધન વસાવ્યા તો ચલાવનારાં એક્ષપર્ટનો અભાવ, મોઘા મશીનો ધૂળ ખાય છે. હજી સુધી સી.ટી. સ્કેન મશીન નથી આ તમામની વ્યવસ્થા ઊભી કરાશે.

➢૧૦–૧૨ કી.મી ના અંતરે આવેલા PHC, CHC સેન્ટરોમાં ડોક્ટરો નો અભાવ જોવા મળે છે. આરોગ્ય સુવિધામાં વસ્તીના આધારે મરીજને સેવા મળી રહે તે મહત્વનું જળવાશે.

➢દરેક સેંટરોમાં પૂર્ણ સમયના અધિકૃત ડોક્ટરોની નિમણૂક કરાશે.

➢નિવાસી આધિકારી, ફીઝીશીયન, જનરલ સર્જન, સ્ત્રી રોગ નિષ્ણાત, એનેસ્થેટીસ્ટ, બાળરોગ નિષ્ણાત, નેત્ર સર્જન આ તમામ ખાલી જગ્યાઓ હજી સધી હંગામી ધોરણે ચાલે છે ઉપરોક્ત માનવ સેવામાં કોઈ કાયમી ડોક્કર નથી, તેથી કાયમી ભરતી કરાશે.

➢આ જિલ્લાના જંગલોમાં પુસ્કળ પ્રમાણમાં દેશી ઈલાજના સ્થાનિક જાણકારો સાથે મળી આયુર્વેદ દવાખાનાઓ ચલાવી શકાય તેમ છે. ઘણાં એવા ગામો છે જ્યાં આજે પણ ૧૦૮ કે ચાર પૈડાવાળું વાહન પહુચવામાં મુશ્કેલીઓ છે. મોબાઈલ નેટવર્કના પ્રશ્નો છે. તેવા વિસ્તારમાં મોટરસાઈકલ વિથ બેડ સેવાની વ્યવસ્થા ઊભી કરાશે.

### ૧.૩.૨ શૈક્ષણિક વિકાસની ભલામણો.

**આદિવસી ક્ષેત્રોમાં શિક્ષણનું માધ્યમ**

➢ પ્રાથમિક શિક્ષણનું માધ્યમ સ્થાનિક આદિવાસી ભાષામાં રાખવાના પ્રયત્નો હાથ ધરાશે.

➢ શાળાનું સમયપત્રક સ્થાનિક સંજોગો અને તહેવારોને ધ્યાનમાં રાખી ઘડાશે.

➢ પરંપરાગત ચાલતા ઇન્દ–ઇન્દલ, દેવ–પૂજન, પેઢી–બદલવું, પિઠોરાં લેખન–કથા, પિઠોરા કથા, ઇંદલ કથા, દિવાસા–ગરબા, હરિયાલી કથા, હોળીનો–ડાંડ રોપવું, મેળાઓમાં જાણકાર જ્ઞાતાઓનું (બડવાઓ)

પરિક્ષણ, ચૂલ–ચાલવું (ઉતરવું) અખાત્રિજ, ખેતી–પશુ પાલન, દેવ–દિવાળી વગેરે જ્યાં ગીત–ગાયણ, સંગીત, નૃત્ય, લખારા, હુન્નર વગેરે જેવી અનેક કલાઓ શીખવી શકાય છે. આ તમામ શિક્ષણના માધ્યમો થી આદિવાસી વિદ્યાર્થિઓને કેવી રીતે જોડી શકાય તેવા પ્રયાસો કરવા.

➢ જ્યાં શિક્ષણની નવિન શાળાઓ છે, ત્યાં કાયમી શિક્ષકોની નીમણૂંક કરાશે.

➢ શાળાઓમાં ગણિત, વિજ્ઞાન, ભાષા, અંગ્રેજી, સ્પોર્ટ, સંગીત અને ચિત્રના તાલીમી શિક્ષકોની નિમણૂંક કરાશે.

➢ વિદ્યાર્થીને વાંચન પ્રત્યે રૂચિ વધારવા દરેક શાળામાં લાઈબ્રેરીની વ્યવસ્થા ઊભી કરાશે.

➢ શિક્ષકોને દર બે મહીને શાળા અભ્યાસના પુસ્તકો સિવાય અન્ય નામાંકિત પુસ્તકો વાંચવાની ફરજ પડાશે.

➢ વાચક માટે ચોક્કસ સમય મર્યાદામાં જીલ્લા કક્ષાએ અથવા તાલુકા કક્ષાએ પ્રેજન્ટેશન માટે ની વ્યવસ્થા ઊભી કરાશે.

➢ એક થી ચાર ધોરણ સુધીના વિદ્યાર્થીઓને શાળાનું વાતાવરણ અને ગામ–ઘરનું વાતાવરણ એક લાગે તે માટે સ્થાનિક ભાષા ભણાવી શકે એવા સ્થાનિક શિક્ષકોની નિમણૂક કરાશે.

➢ શાળા છોડી જનારા વિદ્યાર્થીઓના પરિવારજનો પાસે શિક્ષક સંક્ષિપ્ત અભ્યાસ કરી સૂચનો જિલ્લા શિક્ષણ વિભાગને મોકલી આપે તેવી વ્યવસ્થા ઊભી કરાશે.

➢ જિલ્લાની દરેક શાળામાં એક શિક્ષક સ્થાનિક ભાષાનો જાણકાર હોય તેવી વ્યવસ્થા પુરી પાડાશે.

➢ જિલ્લા રમત–ગમત વિભાગ દ્બારા દરેક ઈન્ટર નેશનલ રમતોના કોચની કાયમી નિમણૂક કરવી. જિલ્લામાં રમત–ગમત અકાદમી શુરૂ કરાશે.

➢ સરકાર દ્બારા માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સગવડ વધારી છે ત્યાં કાયમી નિયુક્તિ કરી, વિષય નિષ્ણાત શિક્ષકોની ભરતી કરાશે.

➢આદિવાસી વિકાસનો કાયમી ઉકેલ મેળવવુ હોય અથવા સંપોષિત આદિવાસી વિકાસની દિશામાં પ્રયત્નો કરવા હોય તો શિક્ષણ અને કેળવણીને કેન્દ્ર સ્થાને રાખવુ પડશે.

➢શિક્ષકોને વસ્તીગણતરી, ચૂંટણી, સર્વે જેવા બિનશૈક્ષણિક કાર્યોમાંથી સંપૂર્ણ મુક્તિ અપાશે. શિક્ષક વિદ્યાર્થી સાથે આત્મિયતા કેળવી શકે તે માટે સ્થાનિક સામાજિક–સાંસ્કૃતિક તથા આર્થિક સ્થિતિથી વાકેફ હોય અને સ્થાનિક બોલી/ભાષા બોલી શકે એવા સ્થાનિક શિક્ષકોની નિમણુંક કરાશે.

➢શિક્ષકોના જિલ્લા બહારના દૈનિક આવન–જાવન પર નિયંત્રણ લાવવું. શિક્ષકનું નિવાસ ૧૫ કિ.મી.ની હદમાં હોવું જોઇએ.

➢શિક્ષકોની નિયમિતતા અને શૈક્ષણિક ક્ષમતા પર ભાર, આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી અને ગામના સરપંચશ્રીએ તકેદારી રાખવી જોઇશે.

➢ વિદ્યાર્થીઓને શાળાનુ વાતાવરણ આકર્ષે એવી શૈક્ષણિક સગવડો અનિવાર્ય બનાવવું.

➢ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમિત રીતે રમત–ગમતની પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ યોજીવી તથા રમત–ગમતના શિક્ષકની નિમણુંક ફરજિયાત કરાશે.

➢જિલ્લામાં યુવા અને રમત–ગમત વિભાગ સંચાલિત 'જિલ્લા રમત–ગમ્મત શિક્ષણ અને તાલીમ કેન્દ્ર(સ્પોર્ટસ એકેડેમી) શરુ કરાશે.

➢વિદ્યાર્થીઓની નિયમિતતા વધે અને શિક્ષકોને વાલીઓનો સહકાર મળે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ દ્બારા વર્ષમાં બે વખત વાલી મિટિંગનુ આયોજન કરવું,

➢સરકાર દ્વારા માધ્યમિક થી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ સુયોગ્ય સુવિધાયુક્ત છાત્રાલયોની સગવડ વધારવી, સ્થાળાંતરિત મજુરોના બાળકો માટે પ્રાથમિક શાળાઓમાં મોસમી છાત્રાલયની વ્યવસ્થા જરુરી સુધારા સાથે ચાલુ રાખવી.

### ૧.૩.૩ દેશી/પ્રાકૃતિક ખેત પોદાશો આધારિત ગ્રામોદ્યોગના વિકાસ ની ભલામણો.

➢ છોટાઉદેપુર જીલ્લામાં અળદ, તૂવર, ડાંગર, મકાઈ, સોયાબીન, જુવાર, બાજરી, બંટી, સામેલ, કાળી ડાંગર, લાલ ચોખા, તલ, મગ, મઠ, મરચાં ભરપુર માત્રામાં પાકે છે, તેના ગૃહઉદ્યોગમાં પેકિંગ પ્રોસેસિંગ યુનિટ જો આપવામાં આવે તો આ જિલ્લાના ખેડૂતોમાં ખુબ જ સારી રીતે અને ઝડપી આર્થિક સ્થિતિમાં સુધારો આવી સકે. જેના વેચાણ માટે સરકારી ધોરણે બજાર વ્યવસ્થા વિકસાવવામાં આવે તેવા માધ્યમો પુરા પાડવા.

➢ ગામદીઠ એક સરકારી મંડળી બનશે. જે દેશી ખેત પેદાશોનું એકત્રીકરણ કરશે. પ્રાથમિક સહકારી મંડળીઓનું જિલ્લા સ્તરે સહકારી સંઘ બનશે જે વેચાણ માટે અલગ બ્રાન્ડથી બજાર ઊભુ કરશે. તથા સરકાર કે બિનસરકારી સંસ્થા દ્વારા તાલીમ અને આર્થિક સહાય પૂર્તિ કરાશે.

➢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અમલી મિશન મંગલમ યોજના અન્વયે સખી મંડળીઓને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તાલીમ, સાધન સામગ્રી અને બજાર ઊભૂ કરી આપવામં આવશે. આવા સખી મંડળો મઠના પાપડ, ચોખાના પાપડ, મહૂડાંના લડ્ડુ, બૈડા–આલડીનું અથાણું, ડોળીનું તેલ, મરચું–મસાલો, લસણીયાં ચટણી, અળદના વડાની ભોજનાલય, મહુડાના ફુલની જેલી વગેર દેશી અને શરીર માટે ઉપયોગી આહારની અનેક ચીજવસ્તુઓના ગૃહ ઉધ્યોગ ચલાવી શકે તેવા માધ્યમો પુરા પાડાશે.

➢ છોટાઉદેપુર જિલ્લામાં શાકભાજીનું ખુબ મોટા પાયે ઉત્પાદન થાય છે. જેમા ટામેટાનું ઉત્પાદન વિષેશ પ્રમાણમાં થાય છે. જો ટામેટા અને કાકડીના રસનું કેચપ પેકિંગ માટે નાના પ્રોસેસિંગ યુનિટ આપી દેવામાં આવે અને પોતાના બ્રાન્ડ નામથી પેકિંગ કરી ને ટમેટો પેકિંગ કરીને સ્વૈસ્છિક મંડળો સંસ્થાઓની મદદથી વેચાણ કરીને નફો મેળવે તેવા યોજનાઓ શરૂ કરાશે.

### ૧.૩.૪ વન ઔષધિ આધારિત ગ્રામોદ્યોગના વિકાસ ની ભલામણો.

➢ વન ઔષધિઓનું એકત્રીકરણ કરતી મંડળીઓને નાના પાયા પર ચલાવી શકે તેવા ઔષધિ પ્રોસેસના યુનિટ આપવાના માધ્યમો ઊભા કરાશે.

➢ જિલ્લા મથકનું ઔષધિકેન્દ્ર સ્થાપિત કરાશે.

➢ ફાર્માસિસ્ટ કંપની સાથે એમ.ઓ.યુ કરાર કરી જરૂરી વ્યવસ્થા પુરી પડાશે.

➢ સહકારી મંડળીઓ દ્વારા થયેલ ઉત્પાદનના વેચાણ માટે સરકારી તેમજ બિન સરકારી એજન્સીના આર્થિક સહયોગથી હાટ તથા મેળાનું આયોજન કરવું. આ સાથે વેપારીઓ તથા વિક્રેતાઓને નિમંત્રણ આપી ઉત્પાદક સહકારી મંડળીઓ સાથે વેપારી કરાર કરાશે.

➢ ગ્રામિણ ઔષધિઓના જાણકારોની કાર્યશાળાનું આયોજન કરી વિવિધ પ્રકારની દવા બનાવટની લેખિત સામગ્રી તૈયાર કરી પુસ્તક પ્રકાશનની વ્યવસ્થા પૂરી પાડવી.

➢ હજી જાણકારો હયાત છે ત્યાં સુધી આ જ્ઞાન ને સંકલિત કરી લેવાની તાતી જરૂરીયાતને પ્રાધાન્ય અપાશે.

➢ જંગલ જમીનમાંથી ઔષધિઓ કાઢવાનો એફ.આર.એ–૨૦૦૬ અન્વયે સામુદાયિક અધિકાર અપાશે.

➢ સમયાંતરે ઔષધિ ઈલાજના કેમ્પનું આયોજન કરી છોટાઉદેપુર ક્ષેત્રના ઔષધિય જ્ઞાન ધરાવનારાઓને પ્રોત્સાહિત કરવામાં આવે તેવા માધ્યમો પુરા પડાશે.

➢ આદિવાસીઓનું કલ્પવૃક્ષ તેરીકે ઓળખાતા મહૂડાના વૃક્ષો ફુલ માંથી બનતો હરો (દારૂ) વિવિધ પ્રકારનો આયુર્વેદિક રસ, પોષણયુક્ત તેલ, ફુલમાંથી જેલી, પેસ્ટ બનાવી અલગ–અલગ પ્રકારના ફ્લેવર નાખી વિભિન્ન ખાદ્ય પદાર્થ તરિકે લડ્ડુ તેમજ પરફ્યુમ અને હાલ નવો પ્રયોગો કાગળ બનાવવા માટે પણ થયા છે. આ તમામ પ્રોડક્ટને સરળતાથી બનાવી શકાય તેવી કાર્યશાળા તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રોડક્શન અને વેચાણ કેન્દ્રો ઊભા કરવા યુનિટ ઊભા કરાશે.

➢ મહૂડાના બીજ (ડોળી) માથી તેલ કાઢવાની ઘાણી સેન્ટરની વ્યવસ્થા ઊભી કરી તેની અસરકાકતા પ્રમાણિત કરવા તેમજ શરીરને થતા ફાયદાઓ વિશે અભ્યાસ કરાશે.

➢જંગલ અને વૃક્ષોને સાચવવાની અને તેના ગુણધર્મો વિશેની આદિમ પ્રણાલીને નવી પેઢી સુધી પહુચાડવાના કાર્યક્રમો સરકાર દ્વારા આયોજનો કરાશે.

➢સરકાર દ્વારા ઔષધિઓના જાણકાર ભગતોને દવા બનાવી ઈલાજ અને વેચાણની માન્યતા આપવી.

➢જંગલ જમીનમાંથી ઔષધિઓ કાઢવાનો એફ.આર.એ–૨૦૦૬ અન્વયે સામુદાયિક અધિકાર આપવા, પ્રારંભિક મૂડીરોકાણ માટે આર્થિક સહાય અને જરૂરી સાધન સામગ્રી આપવી.

➢આયુષ, વિભાગ દ્વારા પ્રમાણિત કરીને આવી દવા અને ઈલાજ કરનારને પ્રમાણપત્ર આપવા મસયાંતરે ગુજરાત આદિજાતિ વિકાસ સોસાયટીના માધ્યમથી આયુર્વેદિક ઈલાજના કેમ્પનું આયોજન કરાશે.

**૧.૩.૫ જંગલ–જમીન અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત અધિકારલક્ષી ભલામણો.**

➢ વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ આખા ભારતમાં વંચિત વન અધિકારોને પુનઃસંગ્રહ પ્રદાન કરે છે. વન ભૂમિમાં ખેતી માટે વ્યક્તિગત અધિકાર અને ભાગીદારી સંપતિ સંસાધનો પર સામુદાયિક અધિકાર પ્રાપ્ત કરાવે છે. આ એક્ટનો સંપૂર્ણ રીતે અમલવારી કરવાના પ્રયાસો કરાશે.

➢ આ એક મહત્વપૂર્ણ અધિનિયમ છે જે એકીકૃત સંરક્ષણ અને લોકોની આજીવિકાના અધિકાર પ્રાપ્ત કરવા માટે ઐતિહાસિક અવસર ઉત્પન્ન કરે છે. તેનો અમલ કરાશે.

➢ પરિસ્થિતિકિ તંત્રનું સંતુલન બનાવી રાખવું તથા પર્યાવરણને સુરક્ષા પ્રદાન કરાશે.

➢ પ્રાકૃતિક સંસાધનોને સંરક્ષણ અપાશે.

➢ નદીઓ,તળાવો,જલધારાઓના પ્રવાહ ક્ષેત્રમાં ભૂમિનું ધોવાણ રોકવું તથા તે ક્ષેત્રમાં રેતીના ઠુવાને થતા રોકવાના પ્રયાસો કરાશે.

➢ગાઢ વનીકરણ કાર્યક્રમ અને સામાજીક વાનિકી કાર્યક્રમ ચલાવી વન ક્ષેત્ર અને વૃક્ષોમાં વૃદ્ધિ કરાશે.

➢ વનો પર આશ્રિત રહેવાવાળા આદિવાસી સમુદાયના ઉપયોગ માટે બળતણ લાક્ડા અને પશુઓના ચારા માટે ઉચિત વ્યવસ્થા કરાશે.

➢ રાષ્ટ્રીય આવશ્યકતાઓની પૂર્તિ માટે વન ઉત્પાતનોનું સંવર્ધન કરવું.

➢ વન સંસાધનના યોગ્ય ઉપયોગને પ્રોત્સાહન આપવું તથા લાકડાના ઉપયોગ માટે વૈકલ્પિક બીજી વસ્તુઓનો ઉપયોગ કરવો તથા પર્યાવરણ માટે તેમને પ્રોત્સાહન આપવું.

➢ વન્યજીવને વધારે મહત્વ આપવું તેનું સંરક્ષણ કરાશે.

➢ વનો ને આવકનું સાધન સમજવા કરતા તેને રાષ્ટ્રીય સંપતિ સમજવી.

➢ વન ને થતાં નૂકશાન ઓછા કરવા નવી તકનિકોનો ઉપયોગ કરાશે.

➢સ્થાનિક સમુદાયની આજીવીકા હેતુ આવક વધારવા સાથે વનોને શૂન્ય નૂકશાનવાળા પર્યાવરણીય પર્યટન (Eco torisum) ને વિકસિત કરાશે.

➢ વન અધિકાર ૨૦૦૬ અન્વયે ચાર હેક્ટરની મર્યાદામાં રહી દાવો કરેલ સંપૂર્ણ જમીન માન્ય કરવામાં આવે. એજ રીતે ગ્રામસભા ઠરાવ કરે તે મુજબના તમામ સામુદાયિક દાવાઓ ગ્રામ સમિતિ દ્વારા માન્ય કરાશે.

➢ સહભાગી વન વ્યવસ્થાપન કાર્યક્રમને સુધારા સાથે લાગુ પાડવામાં આવે જેમા વન મંડળી ઈચ્છે એ વૃક્ષો કે ઉપયોગી વન ઔષધિનો ઉછેર કરી શકે, વેચી શકે તેમજ નાના પાયે યુનિટ ચલાવી શકે અને વેચાણ ઉપજનો સંપૂર્ણ હિસ્સો પ્રાપ્ત કરાશે.

➢ વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં સ્થાનિક જન સમૂહો માટે ઊપયોગી બને એવા ઔષધિ તેમજ કિમતી વૃક્ષોનો ઉછેર કરાશે.

➢ સ્થાનિક સ્વરાજ્યની યોજનાઓ દ્વારા અમલમા રહેલ યોજનાઓનો લાભ વધુને વધુ ખેડૂતોને મળે તે માટે જમીન સમતલ, સંરક્ષણ દિવાલ જેવા કામોનું વિસ્તરણ કરાશે.

➢ જમીન સમતલ, સરક્ષણ દિવાલ, બોરીબંધ જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા અમલમાં રહેલ યોજનાઓનો લાભ વધુને વધુ ખેડૂતોને મળે તે માટે આવી યોજનાઓનું વિસ્તરણ કરવું.

➢ છોટાઉદેપુર જિલ્લામાં જંગલ વિસ્તાર વધુ હોવાથી લોકોની આજીવિકા વધારવા જંગલ પેદાશ પર સંપૂર્ણ હિસ્સો અને તેની સુરક્ષાની જવાબદારી પણ સ્થાનિક આદિવાસીઓને આપાય તેવા માધ્યમો ઊભા કરાશે.

➢ પશુ પાલન વિકાસ હેતુથી જંગલ જમીનમાં પશુઓને ઘાસ ચારવા માટે અલગ અને માત્ર ઘાસ ઉછેર માટે અલગથી સ્થાનિક આદિવાસીઓને હક અપાશે.

### ૧.૩.૫ જળ વ્યવસ્થાપનની ભલામણો

➢ નર્મદા નદીનું પાણી વિશાળ નહેર દ્વારા છોટાઉદેપુર જિલ્લાના મધ્ય ભાગથી પસાર થઈ સૌરાષ્ટ અને કચ્છમાં પહોચે છે. પરંતુ છોટાઉદેપુ ની ઓરસંગ નદી મૃતપ્રાયઃ હાલતમાં છે તે ઠીક નથી. નાના પાયે નહેર યોજના કરી સમગ્ર જિલ્લાને નર્મદાનું પાણી મળી રહે તેવું આયોજન કરાશે.

➢ છોટાઉદેપુર જિલ્લાના હાફેશ્વર થી નર્મદા નદી પસાર થાય છે. જો આ જિલ્લાની સૌથી મોટી જીવદોરી ગણાતી એવી ઓરસંગ નદી આવેલ છે પરંતુ રેત ખનન ભરપુર માત્રામાં થવા થી આસ–પાસ ના ગામડાંઓમા પાણીના સ્ત્રોત કુવા તથા બોરવેલ–હેન્ડ પંપ સહિત પાણી સુકાઈ જવા પામે છે. સમગ્ર જિલ્લો ઉનાળામાં પાણી માટે વલખા મારે છે. ખેતી થઈ સકતી ન હોવાના કારણે ઘણી મોટી સંખ્યામાં રોજગારી માટે સ્થાળાંતર થવા મજબૂર થવું પડે છે. માણસ જાત સાથે જીવ–જનાવરોં પણ જોડાયેલા હોય છે માટે હાફેશ્વર થી ઓરસંગ નદી ને જોડતી મોટી નહેર ની યોજનાનું અમલીકરણ વહેલી તકે થાય તેવા પ્રયત્નો કરાશે.

➢ વ્યક્તિગત ધોરણે વરસાદના પાણીનું સંગ્રહ કરવા માટે દરેક કુટુંબને ઓછા ઓછી ૧૦ થી ૧૫ હજાર લીટરની ભૂગર્ભ જળ સ્ત્રોત યોજના જે પોતાના ઘરની છતનું પાણી સંગ્રહ કરવાની સંપૂર્ણ ગોઠવણ કરી આપવામાં આવે માત્ર ટાંકા બનાવીને કામ અધુરૂ છોડવું ન જોઈએ. આ કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કરી શકે તેવા આયોજનો તૈયાર કરાશે.

➢ એફ.આર.એ. ૨૦૦૬ અન્વયે સામુદાયિક વન અધિકાર આપી, ખેડૂતોની જમીન ડૂબાણમાં ન જાય તથા લોકોએ વિસ્થાપિત થવાની જરૂર ન પડે વગેરે બાબતોને ધ્યાને લઈ પડતર કે જંગલ જમીનમા ડેમ–ચેકડેમ બનાવવા જોઈએ. સરકારના સહાયથી બનેલ ડેમના પાણીના વપરાશ માટે સહભાગી સિંચાઈ વ્યવસ્થા લાગુ કરાશે.

➢મનરેગા હેઠળ જંગલ જમીન, પડતર કે ખરાબાની જમીન પર ખાડા કરી વરસાદના પાણીને જમીનની અંદર ઊતારી પાણીના સ્તર ઉપર લાવવાની યોજના અમલમાં મુકવી જોઈએ.

### ૧.૩.૬ પશુપાલનક્ષેત્રે વિકાસલક્ષી ભલામણો.

➢ છોટાઉદેપુર જિલ્લામાં પશુ–પાલન વિપુલ પ્રમાણમાં હોવાથી દેશી પશુ ઉછેર ઓછા ખર્ચે વધુ આવક ઊભી થવા પામે છે. મરઘા ઉછેર, બકરા ઉછેર, દેશી ગાય–ભેંસ વધારે પ્રમાણમાં મળી રહે તે ઉછેર કરી શકે તેવી યોજના પુરી પડાશે.

➢ છોટાઉદેપુર જીલ્લામાં જંગલ વિસ્તારની મહદઅંશે વિપુલતા હોવાથી દેશી પશુ ઉછેર લઘુત્તમ ખર્ચે શક્ય બને છે.

➢ છોટાઉદેપુર દૂધ પ્રમાણમાં વધારે થવાથી ઘી, દૂધની બનાવટોના નાના પાયે દૂધમાંથી પાવડર, દહીં–છાશ પેકિંગ કરવાના યુનિટ આપવા જેથી બજારની પ્રોડક્ટ ઘરમાં જ બનાવી શકે અને તેની બનાવટોનું અલાયદુ બજાર ઊભું થઇ કરી શકે તેવા પાયાના માધ્યમો વિકસાવવા જોઇએ.

➢સાથે સાથે સહકારી ડેરી ઉદ્યોગના પ્રવર્તમાન પ્રશ્નોનું નિરાકરણ કરી ખેડૂતોમાં સહકારી ધોરણે ડેરી પ્રોડક્ટ વિકસાવી શકાય.

### ૧.૩.૭ મત્સ ઉદ્યોગના વિકાસની ભલામણો

➢ ➢ છોટાઉદેપુર જીલ્લામાં તાજેતરમાં કેટલાંક સ્થાનિક યુવા સાહસિકો ગામ તળાવમાં મત્સ્ય ઉછેરના સફળ પ્રયોગો કરી રહ્યા છે. આ યુવા સાહસિકોના મતે સ્થાનિક કક્ષાએ માછલીઓના બજાર કે માંગનો પ્રશ્ન નથી, પરંતુ મૂડીરોકાણ ખર્ચની મોટી સમસ્યા રહેલી છે. તેથી સરકારી કે બિન સરકારીન સંસ્થાઓ દ્વારા નીચે મુજબની તકનિકી અને આર્થિક સહાય પુરી પાડીને આ ઉદ્યોગ વિકસાવી શકાય.

(૧) તળાવ ખોદી આપવામાં આવશે તેવી યોજના તૈયાર કરાશે.

(૨) તળાવમાં સારી ગુણવત્તાનુ પ્લાસ્ટિક પાથરી આપવામાં આવશે, તેથી પાણીનો સ્ત્રોત જળવાઈ રહે તેવી યોજના પુરી પાડાશે.

(૩) મત્સ ઉછેર અને માછલીઓ માટેના દાણ બનાવવાની તાલીમ અપાશે.

### ૧.૩.૮ સ્થળાંતરિત મજૂરો માંટેની ભલામણો

➢છોટાઉદેપુર જિલ્લામાં સૌથી વધારે મોટી સંખ્યામાં મજૂરો પોતાના વિસ્તારમાં ખેતી લાયક જમીન હોવા છતાં પાણીના અભાવે કામ ન મળતું હોવાથી અન્ય જિલ્લામાં સ્થાળાંતર થવા મજબૂર બને છે. માટે કામ કરવાથી કે કામ મળવાથી વિકાસ થઈ જતો નથી. પરંતું કામ કેવા પ્રકારનું છે ? મહેનતાણું કેટલું મળે છે ? ખર્ચ કેટલો થાય છે ? કામ કયું છે ? આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

➢સ્થળાંતરિત થયેલા મજૂરો ક્યા ગામમાં થી ક્યાં શહેરમાં, કોને ત્યાં કામ કરી રહ્યા છે. તેની સંપૂર્ણ માહિતી સરપંચ દ્વારા બંને બાજુનો રેકોર્ડ ડેટા જિલ્લા સરકારી કચેરીના અધિકૃત અધિકારી પાસે પહોચે તેવા ફોર્મ ફોર્મેટ તૈયાર કરવું જોઈએ.

➢સીમાન્ત અને નાના ખેડૂતો કે જે મોસમી બેરોજગાર છે. તેમના માટે ખેતીને સહાયક એવા પશુપાલન વ્યવસાય ઉત્તમ વિકલ્પ છે. સહકારી ધોરણે પશુપાલન, દાણ–ઘાસચારાની વ્યવસ્થા વગેરે અનુભવ જન્ય વ્યવસાય છે.
ટૂંકમા, સ્થાનિક કક્ષાએ કાયમી અને પૂરક રોજગારીના વિકલ્પો વિકસાવવાની આવશ્યકતા છે.

### ૧.૩.૯ ગ્રામસભા અને તેના કાર્યોની જાણકારી આપવા ભલામણો.

➢ગ્રામસભાનો સમય ગામના બહોળા સમુદાયને અનુકૂળ હોય તેવી રીતે રાખવો. બને ત્યાં સુધી ગ્રામજનો અને અધિકારીઓ એકજ પ્રકારની બેઠક ઉપર બેસી શકે અને ભારતીય બેઠક હોય તે વધુ આવકાર દાયક રહશે.

➢ ગ્રામસભામાં ગામનો મોટો સમૂહ એકત્રીત થાય તે માટે તલાટી દ્વારા બે દિવસ અગાઉ માઈક દ્વારા દરેક વોર્ડમાં સૂચના પહોચાડવામાં આવશે.

➢ ગ્રામસભા પૂર્ણ જાહેર કરતા પહેલા અધિકારી દ્વારા રજૂ થયેલા સવાલો લેખિત મસ્ટર માથી માઈક દ્વારા વાંચન કરી ગ્રામસભા પ્રમુખની મસ્ટરમાં સહી કરી સભા પૂર્ણ જાહેર કરાશે.

➢ ગ્રામસભામાં ગામના વિકાસ અર્થે આવેલ ગ્રાન્ટ તેમજ યોજનાઓની માહિતી પુસ્તીકા તૈયાર કરાશે.

➢અનુસૂચિત વિસ્તારમાં ખનન કે માઈનિંગ માટે પ્રોસ્પેક્ટિંગ લાઇસન્સ અથવા માઈનિંગ લીઝ આપતા પહેલા ઉચિત સ્તરે ગ્રામસભાની મંજૂરીને ફરજિયાત અમલીકરણ કરાશે.

### ૧.૩.૧૦ રેતી અને ખાણ–ખનીજો અંગેની ભલામણો.

આ ક્ષેત્રનો આદિવાસી વિસ્તાર મોટા ભાગે પ્રાકૃતિક સંસાધનો વાળો વિસ્તાર છે. આ વિસ્તામાં પ્રાકૃતિક સંસાધનો સાથે ખનીજ સંપત્તિ પણ ઘણી છે. આથી જો ખનીજ સંપત્તિનો ઉપયોગ વધી જાય તો તે વિસ્તારના લોકોની જીવનશૈલી પર તેની અસર તો થાય જ,પરંતુ સાથે–સાથે પ્રાકૃતિક સંસાધનો પર પણ તેની અસર થાય છે. એટલે કે આખી જીવસૃષ્ટિ પર તેની અસર થાય છે. આથી ખનીજ સંપત્તિનો ઉપયોગોમાં સંયમ રહે અને યોગ્ય માપદંડનો અમલ કરાશે.

➢ કોઈ પણ કંપની, વ્યક્તિ કે સરકાર દ્વારા ખનીજ માટે ખોદકામ કરવાનું હોય ત્યારે ગ્રામસભાની મંજૂરી હોય તો જ ખોદકામ થાય તેવી જોગવાઈ કરવી, અને તેની કડક અમલવારી પણ કરાશે.

➢ માત્ર ખનીજ હેતુ માટે જમીન મેળવનારે અરજી કરે ત્યારે સરકારે તેની સાથે ગ્રામસભાને પણ લેખિતમાં જાણ કરવી જોઈએ. અને ગ્રામસભાની મંજૂરી અને શરતોને આધીનજ સરકારે મંજૂરી આપે તેવા ઠરાવ કરાશે.

➢ જે વિસ્તારમાંથી ખનીજ કાઢવામાં આવે, તેની આવકનો વપરાશ તે જ વિસ્તારના રહેણાંકમાં શાળા–કોલેજ દવાખાના, લાઈબ્રેરી, સ્થાનિક રોજગારના માધ્યમોનો વિકાસ કરાશે.

➢ સ્થાનિક લોકોના વપરાશ માટે પણ ગ્રામસભાએ નક્કી કરેલ માપદંડ પ્રમાણે ખાણ–ખનીજ લેવાની છૂટ હોવી જઇએ.

➢ ખાણ–ખનીજની મંજૂરી આપતા પહેલા ગ્રામસભા પર્યાવરણના સંરક્ષણને ધ્યાનમાં રાખી તેના માપદંડ આધારિત તે અંગે માર્ગદર્શન પુરૂ પાડવું જોઈએ.

➢ આદિવાસી વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ લોન લેવા માંગે તો તે ગ્રામસભાના માધ્યમ થી લોન લઈ શકે તેવી જોગવાઈ કરવી જોઈએ.

➢ નાણાં ધીરનાર વ્યક્તિએ પણ પેસા એક્ટ લાગુ વિસ્તારમાં નાણાં ધીરતા પહેલા ગ્રામસભાની મંજૂરી લેવી પડશે.

➢ લોન લેનારનું શોષણ થતું હોય એમ લાગે તો જે તે નાણાં ધીરનાર સામે લોન લેનાર ગ્રામસભા સામે ફરીયાદ કરાશે.

### ૧.૩.૧૧ ગ્રામ હાટનું વ્યવસ્થાપન

છોટાઉદેપુર જિલ્લામાં આવેલા બજારો કે ગ્રામહાટ કે ફેરીયાઓના ભાવ, વજન, ગુણવત્તા, કઈ વસ્તુઓ વેચાણ કરાવા દેવી, એ અંગે ગ્રામસભાએ સૂચવેલા સૂચનોનો ગંભીરપણે અમલવારી થાય તેવા આયોજનો કરાશે.

➢ મામલતદાર કોઈપણ દુકાનદારને પરવાનગી આપતા પહેલા ગ્રામસભાની મંજૂરીનો આગ્રહ રખાશે.

➢ ગ્રામસભા દ્વારા અપાયેલી ફરિયાદને અગ્રીમતા આપી તાત્કાલીક પગલા લેવાય તેવું આયોજનો કરાશે.

**૧.૨.૧૨ બજાર સુવિધાની ભલામણો**

➢ Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee (GTAFPMC)

➢ Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee નું માળખું આ પ્રમાણે હોય શકે.

➢ પેસા એક્ટ લાગુ હોય તેવા તમામ તાલુકા કક્ષાનું (CLUSTER)હશે. જે Agricultural and Forest Produce Market Committee ના નામથી ઓળખાશે.

➢વન ગૌણપેદાશો ભેગી કરવા અને મૂલ્યવર્ધન કરવા માટે ગ્રામસભાએ મંજુર કરેલ સભ્યોની નિમણૂક કરી સ્થાનિક સેન્ટર ઊભા કરાશે.

➢ દરેક તાલુકામાં એકથી વધારે સેન્ટર હોઈ શકે છે. એક સેન્ટરમાં ઓછા ઓછા ૨૦(વધુ લોકોનો પ્રોત્સાહન મળે એટલા માટે) સભ્યો હશે. વધારેમાં વધારે ગમે તેટલા હોઈ શકે. આ તમામ સભ્યો તાલુકા ક્ક્ષાના Tribal Agricultural તાલુકા ક્ક્ષાએ પ્રમુખ/મંત્રી, સેક્રેટરી જેવા જરૂરિયાત પ્રમાણે પદો ઊભા કરી ગ્રામસભામાંથી સુચવાયેલા સભ્યોમાંથી પસંદગી કરી શકાય.

➢ તાલુકા ક્ક્ષાના તમામ જૂથો Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee સભ્યો ગણાશે.

➢ Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee નું પણ વહીવટી માળખું જરૂરિયા પ્રમાણે લોકશાહી ઢબે ગોઠવી શકાય. અથવા તો હાલની TSPના વહીવટી માળખાનો ઉપયોગ કરી પણ માર્કેટીનું વ્યવસ્થાપન ગોઠવી શકાય.

➢ તાલુકા ક્ક્ષાના સેન્ટર વેલ્યુ એડેડ પ્રોડક્ટ કરવાની સગવડો ઊભી કરી શકાશે.

➢ રાજ્ય ક્ક્ષાનું માળખું વેલ્યુ એડીશનની અને તેને લગતા સાધનો ચલાવવાની તાલીમ આપવામાં, વેલ્યુ એડેડ સંસાધનો પુરા પાડવામાં મદદરૂપ થશે.

➢ રાજ્ય કક્ષાનું માળખું સ્ટોરેજ અને પરિવહનની સગવડ પુરી પાડશે.

➢રાજ્ય કક્ષાનું માળખું અનેક સંસ્થાઓ સાથે જોડાણ કરશે.

➢ રાજ્ય કક્ષા નું માળખું Quality Control & Testing/Certification Labs નું માળખું ઊભુ કરશે.

➢ રાજ્ય કક્ષનું માળખું પ્રદર્શન વેચાણ માટેના મેળવડાઓનું આયોજન કપ્રદર્શન વેચાણ માટેના મેળવડાઓનું આયોજન કરશે.

Johar Web & Mobile Application મા સગવડો.

➢ આ એપમાં ઉત્પાદન સામગ્રીનું સંગ્રહ કરનાર કેન્દ્રની વિગતો, ઉત્પાદનની વિગતો, પ્રોડક્ટની વિગતો, ભાવ, સંપર્કની વિગતો હશે.

➢ તાલીમની વિગતો, સભ્યોની વિગતો, ઓનલાઈન ખરીદી અને વેચાણની સગવડો અને તેની માહિતી પણ હશે.

➢ દરેક સેન્ટર પ્રમાણે કે વ્યક્તિગત વેચાણ કરવા માટે એકાઉન્ટ ખોલવાની સગવડ હશે.

➢ વ્યક્તિગત વેચાણ કરનાર તથા તેની પ્રોડક્ટની વિગત હશે.

➢ વેલ્યુએડેડ પ્રોડક્ટ કરવા માટે જરૂરી સાધન–સામગ્રીની વિગત તેમજ તે સાધન ખરીદવાની જોગવાઈ હશે.

➢ આ એપ દ્વારા દરેક સેન્ટરોનું મોનીટરીંગ પણ કરી શકાશે.

➢આ એપ પર સેન્ટર કે વ્યક્તિના લોકેશનની પણ જાણ થશે.

➢લોગીન કરનાર દરેક સેન્ટર કે વ્યક્તિ અગાઉના વ્યવહારની વિગત પણ સાચવવાની સગવડ રહેશે.

➢ ખરીદનાર અને વેચનાર બંન્ને એ લોગીન કરવાનું રહેશે. તાલુકા કક્ષાના સેન્ટરો PEMS કે GEM રજીસ્ટ્રેશનની જોગવાઈ હશે.

➢ હાલમાં ખરીદી અને વેચાણ માટે ઉપલબ્ધ અન્ય પ્લેટફોર્મ પરથી પણ વેચાણ કે ખરીદી કરી શકાશે.

➢ આ એપમાં આદિવાસીઓના વિવિધ મેળાવડાઓ વિશે પણ માહિતી અપડેટ થતી રહેશે. જેથી ત્યાં રૂબરૂ જઈ વેચાણ કરી શકે.

### ૧.૩.૧૩ સ્થાનિક લોક–ગાયકોની ગાયકી સુધારણા અંગે ભલામણો

છોટાઉદેપુર જિલ્લામાં સૌથી વધારે મોટી અસર લાઈટ મ્યુઝિક અને ડી.જે નો ઊંચો અવાજ ધોરણ ૧૦–૧૨ અને ઊચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નૂકશાન કારક છે. સૌથી વધારે નૂકશાન ટીન–એજર (૧૩ થી ૧૮ વર્ષ)ના બાળકોમાં જોવા મળે છે. છ–સાત વર્ષોથી લાઈટ સાઉંડમાં નવિન કલાકારો પોતાની કીર્તિ સામાજીક સ્તરે વધારવા અને તત્કાલીન લોક ચાહના મેળવવાની લાલચમાં પારંપરિક રાઠવી ગીતોમાં બિભત્સ શબ્દોના વર્ણનો નાખવાનું ચાલુ કરી દિધું છે, તેના માઠા પરિણામો નવી પીઢી ભોગવી રહી છે. તેની અસરથી શિક્ષણમાં નબળી રૂચિ પૈદા કરી રહ્યું છે. તેના માટે ક્ષેત્રિય ભાષાનું વૈવિધ્યપૂર્ણ વારસો સચવાઈ રહે તે માટે સંગીત–સ્ટુડિયો પર ચોક્કસ માપદંડ સૂચિનું અમલીકરણ કરાશે.

### ૧.૩.૧૪ ક્ષેત્રકાર્ય દરમિયાન સ્થાનિક સમુદાયોના સૂચનો

➢ ગ્રામસભાએ નક્કી કરેલા પ્લાનના આધારે સરકારી ગ્રાંટ વપરાવી જોઈએ.

➢ કાચામાલને પાકો કરી પેકીંગ કરી ઉત્પાદનના સંદર્ભમાં બજાર ઉપલબ્ધ થવું જોઈએ.

➢ આદિવાસી વિસ્તારમાં સસ્તા અનાજનું વિતરણ સ્થાનિક ખેડૂતો પાસેથી ખરીદીને સ્થાનિક વિસ્તારમાં જે ધાન્યો તૈયાર થતા હોય તે જ સસ્તા અનાજથી રાશનનું વિતરણ કરવું જોઈએ.

➢ આદિવાસી વિસ્તારમાં સ્થાનિક આયુર્વેદિક ઓષધીઓનો વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવો જોઈએ.

➢ સ્થાનિક સંસાધનોને અનુરૂપ ઉદ્યોગ નક્કી કરવા જોઈએ, નુકશાન કરતા ઉદ્યોગોને સ્થાન ન આપવું જોઈએ.

➢આદિવાસી વિસ્તારમાં જૈવિકખેતીનું પ્રોત્સાહન આપી તેને અનુરૂપ બજાર પુરુ પાડ્વું જોઈએ.

➢આદિવાસી સંસ્કૃતિન અને પરંપરાને પોષક હોય તેવું વૈજ્ઞાનિક શિક્ષણ પુરૂ પાડવું જોઈએ.

➢ આ ક્ષેત્રમાં જમીન ઉપજાઊ છે પરંતું પાણી નથી, પાણી આપી દે તો કોઈ વધારે યોજનાઓની જરૂ ર રહેશે નહી.

➢ વિકાસના કામો નક્કી કરવાની સત્તા ગ્રામસભાને સોપવું જોઈએ.

➢ પર્યાવરણને નુકશાન કરનાર ઉદ્યોગો જેવા કે પત્થર દળવાની ઘંટીઓ, ક્વોરી, રેત–ખનનની ખાણો જેવા ઉદ્યોગો આ વિસ્તારમાં ધણાં વર્ષો થી ચાલે છે તેની સ્થાનિક આદિવાસીઓના જીવન વ્યવહાર અને સ્વાસ્થ્ય પર થયેલી ઘટનાઓ અને જીવલેણ કીસ્સાઓ અને રેતી–વાહનો દ્વારા થયેલ મૃત્યુઆંકનો અભ્યાસ થવો જોઈએ.

➢ આદિવાસી વિસ્તારમાં મોટા સરોવર ન બનાવતાં નાના ડેમો તેમજ ચેક ડેમો બનાવી પાણીનું લેવલ ઊંચુ લાવી શકાય.

આમ, આદિવાસી ક્ષેત્રમાં સ્થાનિક સમુદાયો માટે બનાવવામાં આવેલા અનેક કાયદાઓ અને હાલમાં લાગુ હોય તેવી અનેક યોજનાઓનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો નથી. આ ક્ષતિઓને દૂર કરવાની જરૂર છે. અને જિલ્લામાં છેલ્લામાં છેલ્લી વ્યક્તિઓને સરકારની તમામ યોજનાઓની જાણકારી હોવી જોઈએ, અને જરૂરીયાતમંદોને સળતાથી લાભ મળી રહે તેવા માધ્યમો વિકસાવવા.

---------------------- ---------------------- ----------------------

## પ્રકરણ ૨ – આદિવાસી વિકાસનો અભિગમ

### ૨.૧ વિકાસની પરિભાષા

વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલ હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારનો વિકાસ કેટલાક વર્ગને જ સ્પર્શતો હતો. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે. પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ–સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. એકાદ દષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ પણ જોવા મળે છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થ માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્ર્યના વિકાસ અને માનવ અધિકારોન અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. ડૉ. વિદ્યુત જોશી વિકાસની પ્રક્રિયા વિશે જણાવતા કહે છે જ્યારે આપણે ધ્યેયો કહીએ છીએ ત્યારે આપણે સામાન્ય રીતે વિકાસ કે તેના અભાવને પ્રભાવિત કરતાં ઊંડા સાસ્કૃતિક મૂળોનો જ નિર્દેશ કરતા હોઈએ છીએ. પરંતુ વિકાસ તો લોકોની ક્ષમતાઓને પ્રગટાવી, પ્રોત્સાહિત કરી ખિલવવાની પ્રક્રિયા છે. *(વિદ્યુત જોષી, આદિવાસી વિકાસ દર્શન–૨૦૨૧–૧૧).* એટલે હવે વિકાસને માપવા માટે હવે આર્થિક અને બિનઆર્થિક એમ બન્ને પરિબળોનો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકો શિક્ષણ અને વ્યવસ્થા, સંસ્કૃતિ, ભૂમિવિમુખતા, ક્ષમતા નિર્માણ, શ્રમ અને રોજગારી, ખેતીની વ્યવસ્થા, સ્થાનિક સંશાધન સાથેનું જોડાણ, વગેરે નિર્દેશકોને ધ્યાનમાં રાખી વિકાસ સંદર્ભે યોજના ઘડાવી જોઈએ.

**વિકાસના અભિગમો :**

### ૨.૨ વ્યવસાયિક કલા – કૌશલ્યો દ્વારા વિકાસ

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ પાસે પ્રાપ્ત ખેતી પદ્ધતિ, કાષ્ઠકલા, માટીકલા, હસ્તકલા, લોકશિલ્પ, લોકનૃત્યકલા, વાંસકલા, રસોઈકલા, રમતકલા, આદિવાસી જીવન દર્શનથી મકાન બનાવવાની પદ્ધતિ, ખેતી કરવાની ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની ટેકનોજી, શિકાર કલા, દારૂબનાવવાની કલા, મોતીકલા, લોકકસબ, ઉર્જા શક્તિની ટેકનોજી, ગીલોલ, ગોફણકલા, વગેરે કલાઓને વ્યવસાયિકરણ થાય તે માટે જરૂરી તકનિકી સહાય અને બજાર ઉપલબ્ધ થાય તેવા માધ્યમો વિકસાવવા જોઈએ.

## ૨.૩ જન–સમૂહ જે વ્યવસાય સાથે જીવે છે તેના દ્વારા વિકાસ

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ પાસે પ્રાપ્ત આદિમ ચિત્રકલા છે. તેને વધુ તાલીમ આપી તેનું વ્યવસાયીકરણ કરી શકાય. કાષ્ઠકલાને પણ વધુ કેળવી તેના માટે બજાર ઉપલબ્ધ કરી શકાય. પરંપરાગ હસ્તકલાઓની સાથે સ્થાનિય સંસાધનોને ધ્યાનમાં રાખી અન્ય કલાઓનું તાલીમ આપી તેને વિકસાવી શકાય. લોકશિલ્પ માટે પણ તકનિકી સહાય કરી વધુ કલાત્મક બનાવી શકાય છે. લોકનૃત્યકલાઓમાં પણ વેશભુષામાં પરિવર્તનો કરી વધુ કલાત્મક બનાવી શકાય. વાંસકલાને પણ તકનિકી તેમ જ વાંસકલાની ભિન્ન ભિન્ન કલાત્મકતાની તાલીમ આપી તેનું વ્યસાયીકરણ કરી શકાય. રસોઈકલામાં જંગલમાંથી સિજનલ ભાજી અને તેના વૈજ્ઞાનિક ઉપલ્બધ થતી વિવિધ સામગ્રીમાંથી બનાવાતી વિવિધ વાનગીઓની વૈજ્ઞાનિક રીતે તપાસી તેને ગુણવંતા તથા તેમાં રહેલા પ્રોટીન વિશે અવગત કરાવવા જોઈએ. આદિવાસીઓની પરંપરાગત આદિવાસી રમતકલાને પ્રોત્સાહન આપી બાળપણથી આદિવાસી બાળકોમાં સાહસવૃત્તિ કેળવી શકાય, માટીકલા દ્વારા બનાવતા રસોઈના સાધનોના ફાયદાઓ વિશે પ્રચાર પ્રસાર કરી એ કલાને પ્રોત્સાહન આપી શકાય. તેમ જ વિવિધ તાલીમાંનું આયોજન કરી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકાય. સ્થાનિક સાંસ્કૃતિક પરિવેશ સાથે જોડાયેલી કલાઓને બીજા પ્રદેશની કલાઓ સામે મૂકી તેમા રહેલા સારપ અને નબળાયઓ દર્શાવી કલે વિકસાવી શકાય. આદિવાસીઓ પાસે પરંપરાગત ઘણી ટેકલોલોજી છે. જેમકે – પરંપરાગત મકાન બનાવવાની ટેકનોજી, ખેતી કરવાની ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની ટેકનોજી, વગેરે ટેકનોલોજીઓને વૈજ્ઞાનિક અભિગમ આપી વિકસાવી શકાય. શિકાર કલા તથા દારૂબનાવવાની કલાને પણ બીજી રીતે ઉપયોગી કરી તેને સર્જનાત્મક બનાવી શાકાય. મોતીકલાને બજાર અને તકનીકી સહાય આપી વિકસાવી શકાય. આદિવાસી પાસે રહેલા લોકકસબને લોકશિક્ષણ માટે ઉપયોગ કરી શકાય. ગીલોલ, ગોફણકલા, વગેરે કલાઓને વ્યવસાચિકરણ થાય તે માટે જરૂરી તકનિકી સહાય અને બજાર ઉપલબ્ધ કરાવવું જોઈએ. ઉર્જા શક્તિની ટેકનોજીમાં મહુડાના ડોળીનું તેલ જેને ખાવામાં ઉપયોગ લેવામાં આવે છે. જુદા જુદા વૃક્ષોની બીજમાંથી કાઢવામાં આવતું તેલ જેને પ્રકાશ મેળવવા માટે સળગાવવામાં આવે છે. આ તમામ કલાઓને તકનીકી સહાય દ્વારા વધુ વિકસાવી શકાય. આ બધી જ કલાઓના વિકાસમાં એ ધ્યાન રાખવું પડશે કે એમાં સંપોષિતતા સાચવાવી જોઈએ. એ વિકાસમાં આદિવાસી સાંસ્કૃતિક વારસાને, આદિમ પરંપરાને, સંગીત,ગીતકથા, વિભિન્ન ઘૂનોને વિવિધ ટ્યુનો બનાવી શકાય જે હજી આવ્યુ નથી, નવી પેઢી માટે ખૂજ જ વિચારી સામુદાયિક ચિંતન કરવાનો વિષય છે.

## ૨.૪ સ્વાલંબન વિકાસ

આદિવાસીઓ વ્યક્તિગત પણ સક્ષમ બને તે માટે તેને જાતે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરી શકે તેવા સક્ષમ બનાવવા જોઈએ. આદિવાસીઓમાં સાહસ, નેતૃત્વના ગુણો છે, તેને વધુ ખીલવવા જોઈએ. પ્રાથિક જરૂરિયાતોના સંદર્ભમાં સ્વલંબન બને તેવી જીવનશૈલીને પ્રોત્સાહન આપવું જોઈએ. તે માટે યોગ્ય માધ્યમ ઊભુ થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.

આદિવાસી વિકાસના ઉપરોકત સૂચનોને યોગ્ય રીતે સ્વયંભૂ આદિવાસી વિકાસને વેગ આપી શકાય. આદિવાસી વિકાસ સંપોષિત વિકાસ સિવાય શક્ય નથી. જળ, જમીન અને જંગલથી અલગ કરી પણ એમનો વિકાસ કરવો શક્ય નથી. આવા સંજોગોમાં જળ, જમીન અને જંગલની સાથે આદિવાસી વિકાસ કેટલો અને કેવી રીતે અને કેવો કરવો જોઈએ તે અંગે ચિંતન કરવાની જરૂ લાગે છે. વિકાસ સંદર્ભે નવા વિચારો, નવું માળખુ, નવી ટેકનોજીની જરૂ નથી પણ તેમની પાસે જે ક્ષમતા વર્ધક વિચારો, માળખું અને ટેકનોલોજીનો સહજ સ્વિકાર કરવો જોઈએ, તો જ પરિવર્તનની નવીન દિશાઓ પણ ખુલવાની ભરપૂર સંભવનાઓ રહેલી છે.

## ૨.૫ સ્થાનીય કુદરતી સંશાધનો દ્વારા ખાણ, ખનીજ વગેરેના અધિકારો દ્વારા

છોટાઉદેપુર જિલ્લો કુદરતી ખાન– ખનીજ થી ભરપુર છે. ઓરસંગન નદી, આંબાડુંગર હાફેશ્વરની પહાડીઓ, પત્થરોના પેટાળમાંથી ખૂબ મોટા પ્રમાણમાં સંશાધનોની છે. આ તમામ સંશાધનો ના બંધારણિય અદિકારો દ્વારા સ્થાનિય સમુદાયોને લાભ આપવામાં આવે તો સ્થાળાંતર ખૂબજ મોટા પ્રમાણમાં અચકી જશે.

ગુજરાતમાં વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિકાસની રૂપરેખા ઘડાવી જોઈએ. સાંસ્કૃતિક તરેહોમાં ભૌગોલિક એકમ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભોગોલિક દષ્ટિએ જોઈએ તો ગુજરાતના ત્રણ ભાગ પડે છે. ૧. દ્વિપકલ્પનો પટ્ટો ૨. મેદાની પટ્ટો અને ૩. ડુંગરાળ પટ્ટો. છોટાઉદેપુર જિલ્લો ત્રીજા ભાગના ભૌગોલિક વિસ્તારમાં આવે છે. આથી આ પ્રદેશના વિકાસની તકો જુદા પ્રકારની છે. છોટાઉદેપુર જિલ્લો મેદાની પ્રદેશ ઘણો ઓછો છે. આ પ્રદેશની ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ.

- છોટાઉદેપુર જિલ્લામાં પરંપરાગત રીતે ચાલી આવતી વિવિધતા હોવાથી આ ક્ષેત્રના આદિવાસીઓમાં પ્રતિભાશાળી વ્યક્તિત્વમાં પણ અનેક વિવિધતા છે. આ સમુદાયમાં રહેલી જ્ઞાન પરંપરાના વાહકોમાં આદિમ સભ્યતાની અવિરત ધારાને ઓળખી તેને વધારે વિકસાવવી જોઈએ.
- આ જિલ્લામાં પ્રાકૃતિક સંપદા વિશેષ હોવાથી, પ્રાકૃતિક સંપદાના આધારે તેમનામાં કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ.
- તાલીમ આપનાર કે તાલીમાર્થી સ્થાનિક હોવું ખૂબ જરૂરી છે, તે સાથે આ ક્ષેત્રની જે તે સમુદાયની ભાષાનો જાણકાર હોવું પણ એટલુ જ જરૂરી છે. તે માટે સિસ્ટમ સપોટ કરવું જોઈએ.
- વિભિન્ન સમુદાયોમાં પોતાની આગવી ઓળખ કોઈ ચોક્કસ કામ–કલા– હુન્નર, સાથે જોડાયેલા છે તેવા સમુદાયોને વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી જોઈએ.
- જ્ઞાતિ આધારિત કલા કે હુન્નરનો ઉપયોગ તેમના જ જીવનામાં વધુ થતો હોય તેવી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી વિકસાવવું જોઈએ.
- છોટાઉદેપુર જિલ્લામાં દરેક તાલુકાની સાંસ્કૃતિ વિશેષતા પણ અલગ એલગ છે. આથી આ વિસ્તારમાં વિકાસ કરવા માટે અલગ અલગ ઘટકો બનાવી વિકાસનું માળખું બનાવવું જોઈએ.

- છોટાઉદેપુર જિલ્લામા સ્થાનિક ભાષા ભેદ પણ ઘણાં છે. આથી શિક્ષણ સંદર્ભે આ વિવિધતાને પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

## ૨.૬ આદિવાસી વિકાસ અંગે ઊભા થતા સવાલો.

આદિવાસી વિકાસ અંગે અંગ્રેજોના શાસનથી લઈ આજ દિન સુધી અનેક પ્રયાસો થયા. અનેક સમિતિઓ અસ્તિત્વમાં આવી, વ્યુહરચનાઓ ઘડાઈ, અનેકો વિકાસલક્ષી યોજનાઓ ઘડવામાં આવી તેમ છતા આદિવાસી સમુદાયોનો જોઈએ તેટલો વિકાસ થયો નથી. આદિવાસીઓના સ્વતંત્ર્ય વિકાસ માટે બંધારણીય જોગવાઈઓ પણ કરવામાં આવી તેમજ પેસા એક્ટ જેવા વિશિષ્ટ કાયદાઓ પણ ઘડવામાં આવ્યા. સરકારી બિન સરકારી વિવિધ એન.જી.ઓ. અન્ય નાગરિક સંગઠનો પણ આદિવાસીઓના વિકાસ માટે અનેક કાર્યક્રમો લઈને આદિવાસી ક્ષેત્રોમાં આવ્યા પરંતુ આદિવાસી વિકાસ બાબતે મૂળ અધિકારોના સવાલો સામે કોઈ ચોક્કસ પગલા ભરાયા નથી. સવાલો આજે પણ યથાવત છે.

- આદિવાસી વિસ્તારમાં ગમે તેટલી યોજનાઓ દાખલ કરો એમનો વિકાસ આઝાદીના ૭૫ વર્ષો પછી પણ નહિવત થવા પામ્યો છે ?
- આદિવાસી વિસ્તારમાં માળખાકીય સવલતો ઊભી કરવાથી તેમનો વિકાસ થાય છે ?
- આદિવાસી વિસ્તારમાં શિક્ષકો અને શાળા પુરતા પ્રમાણમાં હોવાથી શિક્ષણનું પ્રમાણ વધે છે ?
- આદિવાસી વિસ્તારમાં જુદીજુદી યોજનાઓ લાગુ કરવાથી વિકાસ થાય છે ?
- જંગલ–જમીન જેવા સ્થાનિક સંસાધનોની ઉપજનો હિસ્સો આદિવાસીઓને કેમ મળતો નથી ?
- શિક્ષણ સંકુલો બનાવી દેવાથી વિકાસ થાય છે ?
- હલ્કી ગુણવત્તાનો દારૂ ગામડાઓમાં કેમ ઠાલવવામાં આવે છે ?

વ્યસનના કારણે આદિવાસીઓમાં શિક્ષણનું સ્તર નીચું ગયુ છે તેથી વિકાસ નથી થતો.

આમ ઉપોરોક્ત સવાલોને ધ્યાનમાં લેતા આદિવાસી વિસ્તારમાં વિકાસ માટે નવી દિશા અને નવા અભિગમો વિશે વિચારવું જોઈએ. છોટાઉદેપુર જિલ્લામાં વસતા આદિવાસીઓની પરંપરાગત સાંસ્કૃતિ અને ભૌગોલિક પરિસ્થિતિ જુદી હોવાથી તેના વિકાસનો અભિગમ પણ જુદો હોવો જોઈએ.

## ૨.૭ આદિવાસી વિકાસનો નવો અભિગમ

આઝાદી પછી આદિવાસીઓના વિકાસ માટે સરકારે તેમજ વિવિધ સંસ્થાઓએ અનેક પ્રયાસો કર્યા છે. પરંતુ નહિવત પ્રમાણમાં સફળતા મળી છે. એના કારણો તપાસીએ તો જણાય આવે છે, કે એ વિકાસના બધા જ માપદંડો તજજ્ઞોની બુદ્ધિની નિપજ હતી. એ વિકાસ માટે આદિવાસીઓ સાધન માત્ર હતા. આદિવાસીઓની અપેક્ષા, ક્ષમતા, જરૂરિયાતને ધ્યાનમાં રાખ્યા વગર યોજનાના ભાગરૂપે વિકાસ કરવાના પ્રયાસ થયા છે. આથી આદિવાસી વિકાસ અંગે નવો અભિગમ અપનાવવાની જરૂર લાગે છે. આદિવાસી વિકાસના નવા અભિગમ માટે નીચે મુજબની બબાતોને ધ્યાનમાં લેવાની જરૂર છે.

- છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓમાં રહેલી ક્ષમતાઓ અનુસાર તાલીમની વ્યવસ્થા કરી શકાય. ટ્રેનીંગ પણ સ્થાનિક વિસ્તારમાંથી જ વધુ ક્ષમતા ધરાવતા હોય તેવા ટ્રેનર દ્વારા અપાવી જોઈએ.
- આદિવાસી વિકાસમાં માત્ર આર્થિક વિકાસને વધારે પ્રાધાન્ય અપાય છે. તેની જગ્યાએ માનવ વિકાસના સંદર્ભમાં તમામ પાસાઓને ધ્યાનમાં રાખી વિકાસના અભિગમો વિચારવા જોઈએ.
- છોટાઉદેપુર જિલ્લામાં વસતા આદિવાસીઓમાં કઈ કઈ ક્ષમતાઓ છે. તેની શોધી તેમની ક્ષમતાઓમાં વૃદ્ધિ કઈ રીતે કરી શકાય તે અંગે વિચારવું જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં વિકાસના કામો, યોજનાનું સ્વરૂપ, યોજનાનો સમયગાળો નક્કી કરવાની સત્તા ગ્રામસભાને આપવી જોઈએ.
- યોજનાઓનુ નિર્માણની સાથે તેનું સંચાલન પણ એજન્સીને આપવા કરતા સ્થાનિક સમિતિ જ કરે તે જરૂરી છે. સુચારું સંચાલન માટે સ્થાનિક સમિતિને તાલીમ આપી તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય.
- આદિવાસી વિસ્તારમાં આર્થિક સહાય કરતા તકનિકી સહાય, કૌશલ્યવર્ધન માટે તાલીમની સહાય, બજાર વ્યવસ્થા પૂરી પાડી તેમનામાં આત્મવિશ્વાસ ઊભો કરવાની જરૂર છે. તે દ્વારા આત્મનિર્ભરની દિશામાં લઈ જવું જોઈએ.
- વ્યક્તિગત યોજનાઓ કરતા સામૂહિક યોજનાઓ પર વધારે ભાર મુકાવો જોઈએ.
- સ્થાનીય કુદરતી સંસાધનો દ્વારા ખાણ, ખનીજ વગેરેના અધિકારો પર ભાર મૂકવો જોઈએ.
- સ્થાનિક સમુદાય જે વ્યવસાય સાથે જીવે છે તેના દ્વારા વિકાસના માધ્યમો વિકસાવવા જોઈએ.

ઉપરોક્ત બાબતો પરથી એમ કહી શકાય કે, આદિવાસીઓનો વિકાસ સંપોષિત વિકાસ હોવો જોઈએ. એ માટે તેમની સાંસ્કૃતિક અને ભૌગોલિક અને સ્થાનિક પરંપરાગત વહિવટી માળખાને અનુરૂપ વિકાસનું માળખું ગોઠવાવું જોઈએ. ટૂંકમાં આદિવાસીઓના પોતાના જે કૌશલ્યો છે, તેમની પાસે જે ક્ષમતા છે તેમાં વૃદ્ધિ થવી જોઈએ, એ જ સાચો આદિવાસી વિકાસ છે. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓની સાંસ્કૃતિક અને ભૌગોલિક અને સ્થાનિક પરંપરાગત વહિવટી માળખાને જોતા નીચે મુજબના કૌશલ્યો અને ક્ષમતામાં વૃદ્ધિ કરી આદિવાસી સમુદાયોનો વિકાસ કરી શકાય.

### ૨.૮ સામાજિક– સાંસ્કૃતિક ક્ષમતા વર્ધન.

સાંપ્રત સમયમાં વૈશ્વિક સ્તરે ગરીબીની પરિભાષા વધુ વ્યાપક બની છે. તે પ્રમાણે ગરીબી માત્ર આર્થિક અભાવની સ્થિતિ નથી, પરંતુ સામાજીક, સાંસ્કૃતિક અને રાજકીય તકોનો અભાવ કે પછાતપણાની સ્થિતિ છે. આવી અભાવની સ્થિતિ વ્યક્તિ કે કુટુંબના સામાજીક દરજ્જામાં ઘટાડો લાવે છે. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ પોતાના સમુદાયમાં કે પ્રદેશમાં ઊચો દરજ્જો ધરાવે છે. જે દરજ્જો પોતાના સમાજમાં પણ ઊચો અંકાય તે રીતે તેમનું દરજ્જા વર્ધન કરવાની આવશ્યકતા છે. આ માટે છોટાઉદેપુર જિલ્લાના આધ્વાસીઓની નીચે મુજબની સામાજીક–સાંસ્કૃતિક વિશેષતાઓને વિકસાવીને સાર્વત્રિક સ્વરૂપ આપવાની જરૂર છે.

(૧) ગુણવત્તા સભર કેળવણી અને શૈક્ષણિક વિકાસ

(૨) પ્રકૃતિ રક્ષક અને પ્રકૃતિ પૂજાની પરંપરાઓની જાળવણી

(૩) જન્મ–મૃત્યુ અને લગ્ન પ્રસંગે સામાજીક પરંપરાઓ તથા લોક સંસ્કૃતિની જાળવણી.

(૪) લોક સંગીત વાદ્યો અને લોક નૃત્યોની જાળવણી.

(૫) વન ઔષધિ આધારિત ચિચિત્સા પદ્ધતિનું પુનઃ સ્થાપન

(૬) શારિરીક–માનસિક સ્વાસ્થ્ય વર્ધક જીવનશૈલી.

આ જિલ્લના આદિવાસી સમુદાયોમાં પરંપરાગત ખાન–પાન પ્રોટીનની દષ્ટીએ તપાસ કરી. પ્રોટીનવાળા ખોરાકનું જતન કરવું જોઈએ. તે માટે પરંપરાગત અનાજ બેંકની સગવડ ઊભી કરવી જોઈએ. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવું જોઈએ. ખેતી આધારિત અને જંગલમાંથી મળી રહેતા કુદરતી કંદ–મૂળના સ્ત્રોતને સંવર્ધન કરવું જોઈએ. ખોરાક પકવવાની રીત, અનાજ સાચવવાની રીતમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય. દરેક સમાજે પોતાનો વારસો, પરંપરાગત સામાજિક ઓળખ અને પ્રાકૃતિક જીવન પદ્ધતિની જ્ઞાન

પરંપરાને ટકાવી રાખવાના પ્રયાસો કરવા જોઈએ. સામાજિક માળખાને તોડનાર પરિબળોને શોધીને એવા પરિબળોને આદિવાસી વિસ્તારમાં ન પ્રવેશે તેની કાળજી રાખવી જોઈએ. સંયુકત કુટુંબ, સામૂહિક કાર્ય, સામૂહિક ઉત્સવો, પરંપરાગત ઉત્સવો, પરંપરાગ નૃત્યો, પારંપારિક પૂજા–વિધિ વિધાનો, વગેરેને પ્રોત્સાહન આપી સંવર્ધન કરવું જોઈએ. એમાં રહેલા દુષણો સામે નવિન સૂઝ અપનાવી સ્વયં નવો દ્રષ્ટિકોણ સમાજને આપવો જોઈએ. આ દુષણો દુર કરવા પોતાના જ સમાજના વડીલો નેતૃત્વ કરી નવી પેઢીને પારંપરિક જ્ઞાન પુરૂ પાળવાના પ્રયાસો કરવા જોઈએ.

તેમની આસપાસની પ્રાકૃતિક જંગલ પેદાશની ઔષધિને ચિકિત્સા તરિકે ઉપયોગ કરે તેવો અભિગમ વિકસાવવો જોઈએ. એ માટે તેમની પાસે રહેલા પરંપરાગત જ્ઞાનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરવી જોઈએ. એ માટે નાના પાયે પ્રોસેસિંગ યુનિટ સહાય પુરી પાડી શકાય.

સામાજિક અને પરંપરાગત પ્રસંગો જેમા અમર્યાદિત ખર્ચાઓ થાય છે તે ઓછા ખર્ચાળ, સાદગીપૂર્ણ અને પર્યાવરણ સંરક્ષણવાળા અને દુષણ અને પ્રદુષણ રહિત છે. તેવા સામાજિક પ્રસંગોને માત્ર બજાર આધારિત ન રહે તેવા પ્રયાસો કરવા જોઈએ.

### ૨.૯ શૈક્ષણિક વિકાસ

છોટાઉદેપુર જિલ્લામાં રાઠવી, બારેલી, ડુંગરાભીલી, નાયકી, તડવી, આમ પાંચેક ભાષા ભેદ વાળા સમુદાય રહેતા હોવાથી શરૂઆતનું શિક્ષણ સ્થાનિક ભાષામાં મળે તેવા પ્રયાસ કરવા જોઈએ. અભ્યાસ ક્રમમાં આવતી સામગ્રીમાં સ્થાનિક ઈતિહાસ, કલા–વારસો, પરંપરાગત સંસ્કૃતિ, જીવન પદ્ધતિ, અન્ય જીવો સાથેનું વ્યવહાર જગત, રિત–રિવાજ આવે તેવા પ્રયાસો કરવા જોઈએ. આ જિલ્લાના આદિવાસીઓ પાસે ૧૨૦૦૦ વર્ષ જુની ચિત્રલિપિ છે જે અક્ષરો ની જગ્યાએ સાંકેતિક ચિત્રો દ્વારા ક્રિયાઓ, ભાવોને અભિવ્યકત કરે છે. જે ઘરમાં બેઠકની સામેની દિવાલ પર લખાય છે, તેને બાબા–પિઠોરા દેવ તરિકે ઓળખવામાં આવે છે. સ્થાનિક બાળકોમાં પિઠોરા દેવના ભિતચિત્ર વિશે તેને સમજવાનો વિશાળ દ્રષ્ટિકોણ હોય છે. પિઠોરામાં સમગ્ર જીવનદર્શન સમાયેલું છે, તેથી બાળશિક્ષણમાં બાળ કૌશલ્યોને ઐતિહાસિક ધરોહરથી વિકસાવવાની તક મળે તેવું શાળાનું માધ્યમ ઊભું કરવું જોઈએ. બાળ રમતોમાં પરંપરાગત બાળ રમતોને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. પરંપરાગત બાળશિક્ષણમાં રહેલો વૈજ્ઞાનિક દષ્ટિકોણ, સાહસવૃત્તિ, શ્રમનો મહિમા, સમૂહશિક્ષણ, વગેરેના અભિગમોને વિકસાવવા જોઈએ. બાળકોમાં તોલ–માપના, ગોલાકાર–લંબાઈ–ચોડાઈના પરંપરાગત માપદંડોનો આધાર લઈ વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસાવવો જોઈએ. પોતાની આસપાસની વિવિધ જીવસૃષ્ટિની ઓળખ, વન્યસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ, જળસૃષ્ટિની, ઓળખની તક બાળકને બાળપળથી જ મળવી જોઈએ. વૃક્ષ–વનસ્પતિની

ઓળખ, તેની ઉપયોગીતા, તેના ગુણધર્મ અંગેની સમજ બાળકને સહજ રીતે મળતું રહે તેવું માધ્યમ શાળામાં ગોઠવાવું જોઈએ. પહેલા બાળક પરિવારના સભ્યો પાસેથી પારંપરાગત જ્ઞાન વાર્તાઓ,ગીત–કથાઓ દ્વારા ખૂબ સરળ રીતે મેળવી લેતુ હતું. તે જ્ઞાનથી શાળામાં જવાથી બાળક સામાજીક વ્યવહાર જગતથી વંચિત ન રહે તેની તકેદારી રાખવી જોઈએ. આદિવાસી જીનવદૃષ્ટિ ની ફિલોસોફી અનુરૂપ શિક્ષણ અપાવું જોઈએ. જેથી બાળક પોતાની સંસ્કૃતિથી વંચિત ન રહે. અને પોતાના વારસાને સન્માનથી જોવાનો અને સમજવાનો પ્રયાસ કરે. તે માટે વિભિન્ન કલાઓનું જ્ઞાન બાળકને શાળામાં જ મળી રહે તેવી માધ્યમ પુરૂ પાડવું જોઈએ. પ્રાથમિક શિક્ષણ સ્થાનિક ભાષામાં આપવું ત્યારબાદ ક્રમશઃ અન્ય ભાષાઓ સાથે જોડવાના પ્રયાસો કરવા પરિણામે બાળક પોતાની ભાષામાં મેલવેલી મજબૂત પકડ થી દેશની કોઈપણ અન્ય ભાષાને ખૂબજ સરળતાથી સમજવામાં સફળ રહશે. તેથી પોતાની ભાષામાં પ્રારંભિક જ્ઞાન કૌશલ્ય પ્રાપ્ત થાય તેવું માધ્યમ પુરૂ પાડવું જોઈએ.

### ૨.૧૦ વ્યવસાયિક કલા કૌશલ્યોનો વિકાસ

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ પાસે માટીના વાસણો બનાવવાની કલા ખૂબ પ્રાચીન છે. તેમ મહુડાના ફુલોને વૈજ્ઞાનિક કોઠાસૂઝથી રસ કાઢી હરો(દારૂ)બનાવવાની કલા પણ ખૂબ પ્રાચીન છે, હરો એ આદિમ સમયથી આદિવાસીઓના ઘરોમા પૂજન–વિધિમાં દેવને પ્રસન્ન કરવા, અર્પણ કરવામાં આવતી ઔષધિ છે. તેને આદિવાસી સમુદાયોનું આયુર્વેદ તરિકે ઓળખવામાં આવે છે. અમુક પ્રકારના રોગો માટે હરાને અક્ષિર માનવામાં આવે છે. મહુડાના ફળનું તેલ પણ સ્વાસ્થ્ય માટે ખૂબજ ઉપયોગી છે. મહુડાના ફુલના લડ્ડુ અને હાલ કાગળ બનાવવામાં પણ સફળતા મેળવી છે, તાજા ફુલોની જેલી, પેસ્ટ વગેરે બનાવી ખૂબ મોટા પ્રમાણે વ્યવસાય થઈ શકે છે. તેથી મહુડો આદિવાસીઓનું  કલ્પવૃક્ષ છે. આમ મહુડો આદિવાસીઓના આજીવિકાનું સાધન હવોથી આ વૃક્ષને માત્ર દારૂ જેવા નિમ્ન શબ્દ પ્રયોગોથી ઉપર ઊઠીને તેની દરેક પ્રોડક્ટને લેબ ટેસ્ટિંગ કરી પોસ્ટિક આહાર અને આયુર્વેદલક્ષી માધ્યમો પુરા પાડવા જોઈએ. લોકશિલ્પ, લાકડાંની મૂર્તિકલા,માટીની મૂર્તિઓ, ખાદી ઉદ્યોગ, મોતીકલા, લોકનૃત્ય કલા, વાંસકલા, રસોઈકલા, રમતકલા, ગીલોલ, ગોફણકલા, ઊંઢણકલા, પોટીકલા, તીર કમાન કલા, પરિધાન કલા, ગરૈયાકલા, મહિલાઓની આભૂષણ કલા, આદિવાસી સમુદાયમાં મકાન બનાવવાની કલા, ખેતી કરવાની સરળ ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની પદ્ધતિ, શિકાર કલા, લોકકસબ, રાઠવી પાઘડી બાંધવાની કલા ખૂબ પ્રાચીન છે, દુનિયાની કોઈપણ આદિમ પ્રજાતિ પાસે રાઠવી પાઘડીનો વળ–આકાર મળતો આવતો નથી તેથી તે ખૂબ નોખી કલા છે. સંગીતના વિવિધ સાધનો બનાવવાની કલા, ખૂબ મોટા ઢોલ આ સમુદાય પાસે છે, તેને ચઢાવીને વગાડવાની કલા સાથે પેહી–પેહો, વાસળી વગાડવાની કલા પણ અદ્ભુત છે. આ

જિલ્લાના આદિવાસીઓ પાસે આ તમામ કલાઓને જીવંત રાખવા એને વ્યાપ વધારવા પ્રશિક્ષણ કાર્યક્રમો થવા જોઈએ. તેની સાથે વ્યવસાય અને બજારમાં વેચાણ કેન્દ્રોને લગતા માધ્યમો પુરા પાડવા જોઈએ.

## ૨.૧૧ પરંપરાગત ક્ષમતાઓનો વિકાસ

આદિવસી સમુદાયોમાં પરંપરાગત જ્ઞાન અને કલાને વધુ તાલીમ આપી તેનું વ્યવસાયીકરણ કરી શકાય. કાષ્ઠકલાને પણ વધુ કેળવી તેના માટે બજાર ઉપલબ્ધ કરી શકાય. પરંપરાગ હસ્તકલાઓની સાથે સ્થાનિય સંસાધનોને ધ્યાનમાં રાખી અન્ય કલાઓનું તાલીમ આપી તેને વિકસાવી શકાય. લોકશિલ્પ માટે પણ તકનિકી સહાય કરી વધુ કલાત્મક બનાવી શકાય છે. લોકનૃત્યકલાઓમાં પણ સ્થાનિક ઘટનાક્રમોનું નાટ્યરૂપાંતર કરી વધુ કલાત્મક બનાવી શકાય. સમાજિક બદલાવ ગીતોના માધ્યમથી લાવી શકાય. વાંસ કલાને પણ તકનિકી તેમ જ વાંસ કલાની ભિન્ન ભિન્ન કલાત્મકતાની તાલીમ આપી તેનું વ્યસાયીકરણ કરી શકાય. રસોઈકલામાં જંગલમાંથી ઉપલ્બધ થતી વિવિધ સામગ્રીમાંથી બનાવાતી વિવિધ વાનગીઓની વૈજ્ઞાનિક રીતે તપાસી તેને ગુણવત્તાયુક્ત તથા તેમાં રહેલા પ્રોટીન વિશે અવગત કરાવવા જોઈએ. આદિવાસીઓની પરંપરાગત આદિવાસી રમતકલાને પ્રોત્સાહન આપી બાળપણથી આદિવાસી બાળકોમાં સાહસવૃત્તિ કેળવી શકાય, માટીકલા દ્વારા બનાવતા રસોઈના ચૂલા તેમજ અનાજ સંગ્રહ કરવાના સાધનોના ફાયદાઓ વિશે પ્રચાર પ્રસાર કરી માટીકલાને પ્રોત્સાહન આપી શકાય. સ્થાનિક વ્યવસાયોનું તાલીમી કાર્યશાળા ચલાવી જોઈએ. દા.ત, મોતીકલાને બજાર અને તકનીક સામગ્રી સહાય આપી વિકસાવી શકાય. આદિવાસી પાસે રહેલા જ્ઞાનને શિક્ષણ સંકુલો સાથે જોડીને નવિન આયામો ઊભા કરી શકાય, જે વિદ્યાર્થી અને સમુદાયના કુશળ કારીગરો અને ઔષધિય જ્ઞાન–કલા પરંપરાના વાહકો વચ્ચેનો સમન્વય કરી નવી પેઢીની ઊર્જાને પણ આ કામમાં અવકાશ આપવો જોઈએ.

## ૨.૧૨ સામૂહિક જીવનશૈલીનો વિકાસ

સમગ્ર છોટાઉદેપુર જિલ્લાની પરંપરાગત જીવનશૈલી નો વિકાસ થાય તે હેતુસર પાંચમી અનુસૂચિત વિસ્તાર હોવા છતાં લાગુ કરી શક્યા નથી તે વધારે મજબુત રીતે પાલન કરાવી શકાય. સામાજિક સંગઠનો મજબુત થાય, રાજકીય નેતૃત્વ વધે અને આદિવાસી સમુદાયોનો વિકાસ કરી શકે તેવી સામાજિક દ્રષ્ટિ વાળાને જ નેતૃત્વ આપવાનો પ્રયાસ કરવો જોઈએ. પરંપરાગત રૂઢિપ્રથાને અમલી બનાવવા જોઈએ. જરૂરી લાગે ત્યાં સુધારનો સુજાવ આપી શકાય. આર્થિક સહભાગીદારી વધે, સ્વયંસંચાલિત સહકારી પ્રવૃત્તિઓ વધે તે માટે પ્રયાસ કરવા જોઈએ. વ્યક્તિગત કાર્યોમાં સહભાગીતા વધે તેવું માળખું ઊભુ કરવું જોઈએ. આથી યોજનાઓ પણ મોટા ભાગે સામૂહિક હોય તેવી જ લાગુ કરવી જોઈએ. ગ્રામસભા ગ્રામ સમિતિના દાયરામાં રહિને તમામ વિકાસ કાર્યો કરવા જોઈએ.

## ૨.૧૩ સ્વાલંબન વિકાસ

આ ક્ષેત્રના સ્થાનિક સમુદાયોમાં વ્યક્તિગત પણ સક્ષમ બને તે માટે તેને જાતે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરી શકે તેવા સક્ષમ બનાવવા જોઈએ. માત્ર સરકારી કે સંસ્થાગત અન્ય મદદ પર આધારિત લાંબો સમય ન રહેવું જોઈએ. સરકારી મદદ થી કાયમી આત્મનિર્ભર થવાની વૃત્તિ કેળવી લેવી જોઈએ. આદિવાસીઓમાં સાહસ, નેતૃત્વના ગુણો છે, તેને વધુ ખીલવવા જોઈએ. પ્રાથમિક જરૂરિયાતોના સંદર્ભમાં સ્વાવલંબન બને તેવી જીવનશૈલીને પ્રોત્સાહન આપવું જોઈએ. તે માટે યોગ્ય માળખું એમની પરંપરામાંથી પસંદ કરી મુકી શકાય.

આદિવાસી વિકાસના ઉપરોકત સૂચનોને યોગ્ય માળખામાં ગોઠવી આદિવાસી વિકાસ દર્શન માટે નવિન કેડી કંડારી શકાય. આદિવાસી વિકાસ સંપોષિત વિકાસ સિવાય શક્ય નથી. જળ, જમીન અને જંગલથી અલગ કરી પણ એમનો વિકાસ કરવો શક્ય નથી. આવા સંજોગોમાં જળ, જમીન અને જંગલની સાથે આદિવાસી વિકાસ કેટલો અને કેવી રીતે અને કેવો કરવો જોઈએ તે અંગે ચિંતન કરવાની જરૂ છે. પરંતુ ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુજીએ પાંચ મુદ્દા આપ્યા. જેને આદિવાસી પંચશીલ સિદ્ધાંત તરિકે ઓળખવામાં આવે છે જેમાં તેમણે કહ્યું કે–

(૧) આદિવાસીને તેમની સમજશક્તિ અને કોઠા–સુઝ પ્રમાણે આગળ વધવા દેવા જોઈએ. તેમના પર કશુ લાદવાનો પ્રયત્ન નહિ કરવો જોઈએ.

(૨) જંગલ અને જમીનના તેમના હક્કો માન્ય રાખવા જોઈએ.

(૩) આદિવાસી વિસ્તારમાં વહીવટ અને વિકાસ માટે આદિવાસીઓમાંથી જ યુવકો તૈયાર કરવા જોઈએ, જરૂર જણાય ત્યાં જ બહારના નિષ્ણાતોની સલાહ લેવી.

(૪) ત્યાં વિશાળ વહીવટતંત્ર ઊભુ ન કરવું જોઈએ.

(૫) વિકાસ કાર્યક્રમોમાં નક્કી કરેલા લક્ષ્યાંકો કેટલા પૂર્ણ થયા, તેમાં કેટલાં નાણાં ખર્ચાયા તેના આધારે નહીં, પરંતુ આદિવાસી વ્યક્તિઓનો કેટલા પ્રમાણમાં વિકાસ થયો, પરિવર્તન થયું છે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. ***(આદિવાસીઃ પરંપરા અને પરિવર્તન–ડૉ. ચંન્દ્રકાંત ઉપાધ્યાય. પેજ.૧૯૩)***

આમ, આદિવાસી વિકાસ અંગે પંડીત નેહરુજીની કલ્પના મુજબ આદિવાસીઓનો વિકાસ જે સ્થાનિક સમુદાયોની સંસ્કૃતિ, તેમની જરુરીયાત મુજબ તેમની રીતે, તેમના દ્વારા જ થવો જોઈએ. બાહ્ય હસ્તક્ષેપ ન હોવો જોઈએ. તેમને માત્ર ટેકનિકલ પ્રોત્સાહન અને સવલતો આપવી જોઈએ. જ્યારે હાલની સરકાર દ્વારા આ કલ્પના થી તદ્દ્ન વિરૂદ્ધની નીતિ અપનાવાઈ રહી છે. જે આદિવાસીઓના વિકાસ માટે સાર્થક સાબિત થાય તેવા નહિવત લક્ષણો દેખાય દેખાઈ રહ્યા છે.

----------------------- ----------------------- -----------------------

## પ્રકરણ ૩ આદિવાસી અને તેમના જિલ્લાની ઓળખ

### ૩.૧ રાજકીય પરિચય

છોટાઉદેપુર ક્ષેત્ર પર રાજ કરનાર રાજા ચૌહાણ રજપુતો હતા. છોટાઉદેપુર વસાવ્યા પહેલા ૧૩૪૪ થી ૧૪૮૪ સુધી ચાંપાનેર/પાવાગઢ પર રાજ કરતા હતા. ૧૪૮૨ નાં વર્ષમાં ગુજરાતનાં જાણીતા સુલતાન મહમદ બેગડાએ ચાંપાનેર પર ચઢાઈ કરીને બે વર્ષનાં ઘેરા પછી દગાથી ચાંપાનેરનાં રાજા પતાઈ રાવળ જેમનું બીજું નામ જયસિંહ દેવ હતું તેઓને હરાવ્યા, જે પછી તેઓનાં વંશજો ઉગમણેનાં ડુંગરાળ વિસ્તારમાં ચાલ્યા ગયા અને છોટાઉદેપુર અને દેવગઢ બારીયાનું રાજ ઉભું કર્યુ. છોટાઉદેપુર રાજ્ય ઉભું કરનાર પૃથ્વીરાજ હતા જે પતાઈ રાવળનાં પૌત્ર હતા.

પતાઇ રાવળને રાયસિંહજી, લીંબાંજી અને તેજસિંહજી નામે ત્રણ કુમારો હતા. મહારાજ રાયસિંહજીને બે કુમારો હતા. પૃથ્વીરાજ અને ડુંગરસિંહ. પૃથ્વીરાજે ઇ.સ. ૧૫૨૪થી ૧૫૫૪ વચ્ચે છોટાઉદેપુર વસાવ્યુ અને ડુંગરસિંહજીએ બારિયા વસાવ્યુ. પતાઈ રાવળના મોટા પૌત્ર પૃથ્વીરાજે સૌપ્રથમ નર્મદા કિનારે હાફ વસાવ્યુ પછી મોહન આવ્યા. તેઓ વિક્રમ સંવત ૧૫૮૦ (ઈ. સ. ૧૫૨૪) માં હાફની ગાદી પર બેઠા, ડુંગરસિંહ બારીયામાં પોત પોતાના જુદા જુદા રાજ્યોની સ્થાપના કરી તેઓ મોહન તથા બારીયા ના રાજ્યોના મૂળ પુરૂષો થયા.

પૃથ્વીરાજ પછી તેમનાં કુમાર બસ્તરસિંહ (ઈ.સ. ૧૫૫૪ થી ૧૫૯૫)માં હાંફની ગાદી પર બેઠા.બસ્તરસિંહ પછી તેમના પુત્ર લખધીરજી (ઈ.સ. ૧૫૯૫ થી ૧૫૯૯) માં ગાદી પર બેઠા. લેખધીરજી પછી તેમના પુત્ર રાયસિંહજી (ઈ.સ. ૧૫૯૯ થી ૧૬૭૯) માં મોવાણમાં ગાદી પર બેઠા, તેઓએ મોવાણમાં રાજ કરેલુ અને ત્યાની વાવ તથા કિલ્લો તેમણે બંધાવેલો, તેમના નાના ભાઇનુ નામ ત્રંબકજી હતુ. રાયસિંહજી પછી તેમના પુત્ર હમીરસિંહજી (ઈ.સ. ૧૬૭૯ થી ૧૬૮૩) માં ગાદી પર બેઠા એમના પુત્ર કુમાર શ્રી વિરજીએ ટિંબરવા અને વિરોલના ગઢ બનાવ્યા તે તેમના પિતાની હયાતીમાં જ મરણ પામ્યા.

ત્રંબકજી (ઇ.સ. ૧૬૮૩ થી ૧૬૮૭)ના બે પુત્રો હતા, ઉદયસિંહ અને પ્રતાપસિંહ, પ્રતાપસિંહએ ઇ.સ. ૧૬૮૭થી ૧૬૯૫ સુધી રાજ કર્યુ ત્યાર પછી તેમના પુત્રો વજેસિંહ (ઇ.સ.૧૭૦૭) તથા તેજસિંહ (તેજગઢ) થયા વજેસિંહ તેમના નાના ભાઈ તેજસિંહને તેજગઢ ભેટમાં આપ્યુ. તેજસિંહે તેજગઢના નાથુસિંહના કિલ્લામાં રહીને તેજગઢ ગામ વસાવ્યુ અને ત્યાં પોતાની ગાદી સ્થાપી. વજેસિંહને ચાર પુત્રો હતા ગુમાનસિંહ, નાથુસિંહ, પહાડસિંહ અને વજુબાવા (વજેસિંહ).

ગુમાનસિંહ પોતે રાજ્યનો બધો કારભાર સંભાળતા હતા. ગુમાનસિંહના બે પુત્રો હતા. રાયસિંહ અને કેસરસિંહ. આ બન્ને પુત્રો મૃત્યુ પામ્યા હતા અને ગુમાનસિંહ પણ મૃત્યુ પામ્યા હતા અને રાજ્યનો કારભાર વજુબાવાએ હાથમાં લીધો. વજુબાવા પણ બહાદુર હતા. તેમને લોકો બાજીરાઉલ તરીકે ઓળખતા હતા. મહારાજા વજેસિંહના પુત્રો બીનવારસ ગુજરી જતા, તેજસિંહ ગાદી પર બેઠા. તેજસિંહના ત્રણ પુત્રો હતા. સૂરજસિંહ, દુર્જનસિંહ અને જસવંતસિંહ.

સુરજસિંહના પુત્ર કેસરસિંહ હતા, કેસરસિંહના પુત્ર હમીરસિંહ હતા, તથા હમીરસિંહના પુત્ર અભેસિંહ હતા તે ઘોડા પરથી પછડાતા મરણ પામ્યા હતા. તેમને સંતાન નહી હોવાથી દૂર્જનસિંહ ગાદી પર આવ્યા, ત્યાર બાદ તેમના પુત્ર રાયસિંહજી (ઇ.સ. ૧૭૮૪) માં છોટાઉદેપુરની રાજગાદીએ બેઠા અને તેઓએ છોટાઉદેપુરમાં રાજગઢ બંધાવ્યો, રાયસિંહ પછી તેમના પુત્ર પૃથ્વીરાજ ઇ.સ. ૧૮૧૯ માં રાજગાદી પર બેઠા, જસવંતસિંહ નો વંશ રહ્યો ન

હતો.મહારાજા રાયસિંહના નાના ભાઇઓ વજેસિંહ અને ભારતસિંહ હતા. તેઓ ખુબ બહાદુર હતા તેમજ રાજ્યની સારી સેવા કરી હતી.

વજેસિંહનાં કુમાર ગુમાનસિંહ વિક્રમ સંવત ૧૮૭૮ (ઇ.સ. ૧૮૨૨ થી ૧૮૫૧) માં ગાદી પર બેઠા. તેઓએ છોટાઉદેપુરમાં કાલીકા માતાનુ મંદીર બનાવ્યુ અને ઇ.સ. ૧૮૫૯ માં તેઓ મરણ પામ્યા. તેઓને પણ કુમાર ન હતા એટલે તેમનો ભત્રીજો જીતસિંહજી (૧૮૫૧ થી ૧૮૮૧) જે મોતીસિંહજીના પુત્ર હતા. તેઓના વખતમાં બ્રિટીશ સરકાર સામે બળવો કરનાર તાત્યા ટોપે નામે મોટો બળવાખોર તા. ૨૯મી નવેમ્બર ૧૮૫૮ ના રોજ એક મોટું લશ્કર અને તોપખાનુ છોટાઉદેપુર લઇ આવ્યો. આ સમયે રાજા પાસે પુરતુ લશ્કર ના હોવાથી તાંત્યાએ ઉદેપુર લુટયું અને તેનો વિચાર ત્યાં રહી પોતાના લશ્કરમાં માણસોની ભરતી કરી વડોદરા તરફ જવાનો હતો પરંતુ એટલામાં પાછળ પડેલુ બ્રિગેડીયર લશ્કર તથા રેવા કાંઠાના પોલીટીકલ એજન્ટ મેજર બકલ આવી પહોચ્યા. તેમણે તાંત્યા ટોપેના લશ્કર પર હુમલો કરી તેને વિખેરી નાખ્યું.

જીતસિંહને સાત કુંવરો હતા. જેમાં મોતીસિંહજી, ચંદ્રસિંહજી, ઇન્દ્રસિંહજી, ભારતસિંહજી, ખુમાનસિંહજી, હિમંતસિંહજી અને ભવાનસિંહજી હતા. મહારાજનો વિચાર ચંદ્રસિંહજી ગાદી આપવાનો હતો. પણ પછી મોતિસિંહજીને વારસ નક્કી કર્યા. મોતીસિંહજી (ઇ.સ. ૧૮૮૧ થી ૧૮૯૫) શ્રાવણ વદ બીજના દિવસે ગાદી પર બેઠા. તેઓએ ૧૪ વર્ષ રાજ કર્યું. ઇ.સ. ૧૮૯૫માં મહારાજા ગુજરી જતા તેમના કુવર ફતેહસિંહજી નાના હોવાથી છોટાઉદેપુરનું રાજ સરકાર પોલીટીકલ એજન્ટે ચલાવ્યું, ત્યાર બાદ મહારાજા ફતસિંહજી ફાગણ વદ બીજ–૨ તા. ૨૨ માહે ઇ.સ.૧૯૦૬ના રોજ રાજ્ય સત્તા પોતાના હાથમાં લીધી તેમના પૂર્વજોના વારસદાર તરીકે તેમના રાજ્યાભિષેક કરવામાં આવ્યો તેઓએ રાજ્યમાં ઘણા સુધારા વધારા કર્યા અને નવા કાર્યો કર્યા, સંવત ૧૯૬૫' ૬૬ માં દરેક તાલુકામાં ટેલીફોનના તાર નંખાવ્યા અને છોટાઉદેપુરમાં વોટર વર્કસ (પાણીના નળ બનાવાયા), સંવત ૧૯૬૭માં ગેસ્ટહાઉસનું નવું મકાન બનાવ્યું. સંવત ૧૯૬૯ માં નવો રાજમહેલ બાંધવાનું કામ શરૂ કર્યું. આ સમયે છોટાઉદેપુરમાં લાઇટ શરૂ કરાવી સંવત ૧૯૭૧માં ક્લબ શરૂ કરાવી તેનું મકાન બાંધ્યુ અને છોટાઉદેપુરથી બોડેલી સુધીની રેલ્વે શરૂ કરાવી.

મહારાજા ફતેસિંહજી સંવત ૧૯૭૯ માં (ઇ.સ.૧૯૨૩ ના ગુજરી ના તેમના કુમાર નટવરસિંહજી (ઇ.સ.૧૯૨૩થી ૧૯૪૬) ગાદીએ બેઠા તેઓએ ઇ.સ. ૧૯૪૬ સુધી રાજ કર્યું. ત્યાર બાદ વિરેન્દ્રસિંહજી (૧૯૪૬ થી ૧૯૪૮) મહારાજા નટવરસિંહજીના અવસાન થતા રાજ્યની પરંપરાગત ગાદી–વારસ નટવરસિંહજીના પુત્ર વિરેન્દ્રસિંહજીને રાજગાદી મળી. મહારાજ વિરેન્દ્રસિંહજી ઇ.સ. ૧૯૪૬માં રાજ ગાદીએ બેઠા અને બીજા જ વર્ષે ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ મધ્યરાત્રીએના ૧૨–૦૦ કલાક હિન્દની પાર્લામેન્ટમાં હિન્દના અંતિમ વાઇસરોય લોર્ડ માઉન્ટ બેટને ભારતને આઝાદી આપવાની ઘોષણા કરી ત્યારે ઇ.સ. ૧૯૪૮ના પ્રારંભમાં મોટા ભાગના દેશી રાજ્યો વિલિન થયા. ૧૯૪૮ના રોજ મુંબઇ સરકારે દેશી રાજ્યો સંભાળી લીધા ત્યાં સુધી છોટાઉદેપુરનું રાજ્ય જળવાઈ રહ્યુ હતું, પરંતુ બધા રાજ્યો આઝાદી પછી મુંબઈ રાજ્યમાં ઇ.સ. ૧૯૪૯માં ભેળવી દેવામાં આવ્યા ત્યાર બાદ કરી ને ૧૯૬૦ માં બૃહદ મુંબઇ રાજ્યનું વિભાજન થતા ગુજરાત રાજ્યની અલગ સ્થાપના થતા છોટાઉદેપુર ગુજરાત રાજ્યનો ભાગ બનેલુ, વર્ષ ૨૦૧૩માં છોટા ઉદેપુરને અલગ જીલ્લો ઘોષિત કરવામાં આવ્યો.

### ૩.૨ ઐતિહાસિક પરિચય

ગુજરાતની ભીલી ભાષાઓનો પહેલો ભાષાશાસ્ત્રીય અભ્યાસ અંગ્રેજ સરકારના જ્યોર્જ ગ્રિયર્સને તેમના લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયાના (૧૯૦૭) નવમા ગ્રંથમાં કરેલો છે. તેમાં ભીલી ભાષા ભારતના ઇન્ડો–આર્યન જૂથમાં આવે છે. રાઠવી ભાષા વિશે અને રાઠવા જાતિ વિશે ઉલ્લેખ કરતાં નોંધ્યું છે કે ભિલાલાઓ અડધા રાજપૂત

અને અડધી ભીલી જાતિનું મિશ્રણ છે અને રાઠવાઓ તેનું નાનું પેટા જૂથ છે. તેમણે એમ પણ જણાવ્યું કે રાઠવાઓ રેવાકાંઠા એજન્સીના અલીરાજપુરમાં આવેલા રાઠ – વિસ્તારના વતની છે. તેઓ રાઠવા વિસ્તાર વિષે પણ નોંધે છે કે રેવાકાંઠાના બારિયા અને છોટાઉદેપુર વિસ્તારમાં રાઠવાઓની વસ્તી છે. તેઓ રાઠવી ભાષા બોલે છે. આની સાથે જ આગળ નોંધે છે કે મધ્યપ્રદેશના બડવાની વિસ્તારમાં પણ સાથે રાઠવી ભાષા મિશ્ર સ્વરૂપે બોલાય છે. તેને તેઓ ''રાઠવા ભિલાલા'' તરીકે ઓળખાવે છે. તેમનું આ ભાષાકીય વિધાન દર્શાવે છે કે બડવાની વિસ્તારમાં રાઠવાઓ હશે અને તેઓ ભિલાલી મિશ્રિત રાઠવી ભાષા બોલતા હશે.

શ્રી કે.કા શાસ્ત્રી નોંધે છે કે રાઠવા લોકોની બોલી 'ઉચ્ચારણના વિકારો'થી ભરેલી છે. તેનો ઉપયોગ તેઓ અંદરો–અંદરના વ્યવહાર માટે કરે છે. બોલીમાં ભૌગોલિક પરિસ્થિતિના કારણે ધ્વનિસ્વરૂપમાં પરિવર્તન કે ફેરફાર મળે છે. એ દ્વારા આ બોલીનું આગવું તત્ત્વ, ઉચારભેદ પ્રગટ થાય છે. બોલી એ પ્રજાની નાનમ નથી પણ વિશિષ્ટતા છે. બોલીઓમાં ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ઉચ્ચારભેદ સિવાય બીજું તત્ત્વ શોધ્યું ખાસ જડતું નથી.

મુંબઈ ગેઝેટિયર (૧૮૨૫) નોંધે છે તેમ રાઠવાઓ મધ્યપ્રદેશના માળવા નજીક અલીરાજપુર પાસેના રાઠ વિસ્તારમાંથી આવ્યા છે. એટલે રાઠવાનું મૂળ વતન રાઠવિસ્તાર છે તેમ કહી શકાય. બીજું છે કે અલીરાજપુર ગેઝેટિયરમાં નોંધ્યા પ્રમાણે અલીરાજપુર રાજ્યનો વિસ્તાર આશરે ૮૩૬–૬૩ ચો.મા. જેટલો હતો. જેમાં ૩૨૫ જેટલાં ગામો હતાં. આ રાજ્ય ઉત્તરે પંચમહાલ જિલ્લાના બારિયા સ્ટેટ સુધીનું અને પૂર્વમાં ગ્વાલિયર, ઝાબુઆ અને જોબટની સરહદ સુધીનું વિસ્તરેલું હતું. આ રાજ્ય જુદાં જુદાં પાંચ પરગણાંઓમાં વહેંચાયેલું હતું. (૧) રાઠ (૨) ભાબરા (૩) નાનપુર (૪) છકતલા (૫) ચાંદપુર. તેમાં રાઠ પરગણું ૨૩૭ ચો.મા વિસ્તારનું અને ૧૩૪ ગામોવાળું હતું. અલીરાજપુરની કોર્ટ ત્યારે રાઠ કોર્ટ તરીકે ઓળખાતી હતી. તેમાં નોંધેલ છે કે રાઠ નામ શા ઉપરથી પડ્યું તે વિશેના કશા ઉલ્લેખ મળતા નથી. ક્ષેત્ર તપાસ દરમ્યાન અલીરાજપુર મહેસૂલ ખાતામાં કામ કરતા તલાટી શ્રી ઇન્દ્રગિરી– કે જેમના કુટુંબને જૂના અલીરાજપુર રાજ્યના વખતમાં વંશપરંપરાગત રાજગુરુની ગાદી મળેલી હતી, તેમના કહ્યા અનુસાર અલીરાજપુર રાજ્યની મૂળ રાજધાની આજના અલીરાજપુરથી દક્ષિણે દસેક માઈલ દૂર આવેલા આલિ સ્થળે હતી. એ રાજ્યનો મૂળ સ્થાપક રાજા આનંદદેવ રાઠોડ વંશનો હતો. તેણે આ રાજ્ય ઈ.સ.૧૪૩૭માં સ્થાપ્યું હતું. પોતાના વંશના આધારે રાઠોડ રાજ્ય અને તેમાંથી રાઠવા વિસ્તાર કે રાઠ વિસ્તાર એમ સંભવ્યું હોય .

તેઓ નોંધે છે કે ગુજરાતના વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાનો ઉત્તર–પૂર્વ વિસ્તાર આઝાદી પહેલાં છોટાઉદેપુર રાજ્યમાં સુરસી અથવા દોર પરગણાં તરીકે ઓળખાતો હતો. આ આખું પરગણું ૩૩ ગામોનું હતું. જે મૂળે અલીરાજપુર રાજ્યનો એક ભાગ હતો. એ વિસ્તાર છોટાઉદેપુર રાજ્યનો ભાગ બન્યો.

પાલના રાઠવા (૧૯૭૭) પુસ્તકમાં શંકરભાઈ સોમાભાઈ તડવી નોંધે છે કે પ્રજાનાં નામ ઘણીવાર રહેઠાણના પ્રદેશ ઉપરથી પડે છે. છોટાઉદેપુરનો પ્રદેશ રાઠ પ્રદેશ તરીકે ઓળખાય છે. રાઠ પ્રદેશના રહેવાસી તે રાઠવા. રાઠવા નામ રાઠવિસ્તાર ઉપરથી પડ્યું હશે, તેઓ નોંધે છે કે રાઠવા શબ્દ રાઠોડ, રાષ્ટ્રીય કે રાષ્ટ્રકૂટો ઉપરથી આવ્યો હોવો જોઈએ.

ઓસ્ટ્રિયા દેશના વિયેના યુનિવર્સિટીના પ્રજાતિશાસ્ત્ર વિભાગના વડા પ્રો. હેકલે રાઠવા વિશે જણાવે છે કે ભીલાલાનાં બે પેટાજૂથો છે જેમાંનું એક રાઠવા છે, જેઓ ગુજરાતના વડોદરા જિલ્લામાં છોટાઉદેપુર તાલુકામાં વસે છે.

ડૉ. સિદ્ધરાજ સોલંકી 'આદિવાસી જીવન અને સંસ્કૃતિ' લેખમાં નોંધે છે કે રાઠવાઓ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર વિસ્તારની મુખ્ય જાતિ છે. જે ઝાબુવા, અલીરાજપુર, સેંદવા વિસ્તારમાં બરેલા–ભીલાલાના નામે પણ ઓળખાય છે. બીજું નોંધે છે કે આ આદિવાસી જાતિઓની પોતપોતાના નામે ઓળખાતી એવી ભાષાઓ છે. દા.ત., ધોડિયાઓની ધોડિયા ભાષા, ભીલોની ભીલી ભાષા, ગામિતોની ગામિત ભાષા, ચૌધરીઓની ચૌધરી ભાષા, રાઠવાઓની રાઠવી ભાષા વગેરે છે.

રાઠવી સાહિત્ય લેખિત સ્વરૂપમાં ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. રાઠવીના મૌખિક સાહિત્યમાં લોકગીતો, લોકકથાઓ, લોકવાર્તાઓ, બાબા પીઠોરાનાં ગાયણાંઓ વિધિવિધાનના મંત્રો વગેરે સાહિત્યમાં મળી આવે છે. જેને ઘણાં ઓછા સાહિત્યકારોએ લેખિત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં શંકરભાઈ સોમાભાઈ તડવીએ રાઠવી લોકબોલી, ધર્મ અને લોકદેવો, મૃત્યુ સંસ્કાર, લગ્નપ્રથા અને વિધિ તેમજ રેવાબહેન તડવીએ રાઠવાનાં ઉખાણાં, લોકજીવનમાં મંત્રવિદ્યા, નિંદણાનાં ગીતો, તથા સુભાષ ઈસાઈએ બાબા પિઠોરાદેવનાં ગાયણાં, રાઠવી બોલીમાં વાર્તાઓ, હોળીના બોલ વગેરે સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપો સંપાદિત છે. રાઠવી ગીતોમાં મુખ્યત્વે બાબા પીઠોરાના ગાયણાં, ઈંદનાં ગાયણાં, પરંપરાગત વિધિવિધાનમંત્રો, દિવાસાનાં ગીતો, લગ્નગીતો, વાર્તાઓ, ખેતીનાં ગીતો, મેળાનાં ગીતો, બાળગીતો, દેવીદેવીઓનાં ગીતો જોવા મળે છે. એના સિવાય રાઠવી ભાષામાં કહેવતો, ઉખાણાં, ટુચકા વગેરેનો સમાવેશ થાય છે.

છોટાઉદેપુર જિલ્લાના કેટલાક વિસ્તારને હેડંબાનું વન હતું એવું માનવામાં આવે છે. જેના પુરાવા આજે પણ આપણને જોવા મળે છે. જેમાં કોરાજ ડુંગર, બાબોભેંહો ડુંગર, ઘોડાલખેણ, વાઘસ્થળ, ટુંડવો–ટુંડવી, ઓરસંગનો માંડવો, તેલાવીયો ડુંગર, માખણિયો ડુંગર, રાયપુર ડુંગર અને હાથીપગલાનો ડુંગર આ ડુંગરોમાં ઘણા પ્રાચીન જૂના યુગના અવશેષો આ પ્રદેશમાં અસ્તિત્વ ધરાવે છે. ક્ષત્રપયુગની ગણાય એવી કેટલીક ઈંટો વગેરેથી આ પ્રદેશ પ્રાચીન યુગમાં વસાહતો ધરાવતો હતો એમ લાગે છે. જેમાં ખાસ કરીને દરેક ડુંગરોમાં આવેલ ગુફાચિત્રો, પ્રાચીનકાળમાં જ્યારે ભાષા કે લિપિ ન હતી તે સમયે ચિત્રો ભાષાનું માધ્યમ હતું અને ચિત્રો એ જ લિપિ હતી. જે ચિત્રો આજે પણ આ ડુંગરોમાં જોવા મળે છે. પ્રાચીનકાળમાં આ ચિત્રો દોરવા માટે કોઈ બહારથી માણસો આવ્યા ન હોય પરંતુ જે તે સમયમાં પણ આ વિસ્તારમાં થોડીઘણી વસ્તી હશે કે તે આ ચિત્રો દોર્યાં હશે. તેથી અમે કહી શકીએ કે રાઠવા જાતિ અહીંયાંની મૂળ નિવાસી આદિવાસી જાતિ છે. તેઓની ભાષા પણ રાઠવી છે અને વધુમાં કહું તો રાઠવા સમાજમાં દોરવામાં આવતું બાબાપીઠોરાદેવનું ભીંતચિત્ર અને ગુફાચિત્ર કેટલાક અંશે મળતાં આવે છે. બાબાપીઠોરાદેવનાં ચિત્રમાં ઘોડેસવાર માણસનાં ચિત્રો દોરવામાં આવે છે અને ગુફાચિત્રોમાં પણ આવા જ પ્રકારનાં ચિત્રો છે.

મધ્ય ગુજરાતનો પૂર્વ પટ્ટો એટલે આદિવાસીઓની વસ્તી ધરાવતો વિસ્તાર, આ વિસ્તારને હેડંબાનું વન તરિકે પણ માનવામાં આવે છે. આ હિડંબાવન વિસ્તારમાં જલ–જંગલ, નદી પર્વતો, અને આદિમ ગુફાચિત્રોમાં આસ્થા રાખી આદિવાસીઓ પ્રાચીનકાળથી જીવનનિર્વાહ કરતા આવ્યા છે.

પ્રકૃતિની ગોદમાં જન્મેલા અને ઉછરેલા આદિવાસીઓ આદિકાળથી ડુંગરોના દેવસ્થાનકોને પૂજતા આવ્યા છે. તેવા કોરાજ ડુંગરમાં આદિમ ગુફાચિત્ર જોવ મળે છે. વડોદરાથી પૂર્વમાં ૯૦ કિ.મી અંતરે આવેલ છોટાઉદેપુર જિલ્લાનું ઐતિહાસિક ગામ તેજગઢ, તેના વિશે જાણકારો જણાવે છે કે કોરાજ ડુંગર ઉપર તેજબાઈ નામની રાણીનો નિવાસ હતો. આજે પણ ડુંગરના ઊપરના ભાગમાં રાણીને ઝૂલવાનો હિંચકો અને તેના કડા જડેલા હોય તેવા નિશાનો પણ પત્થરોમાં જોવા મળે છે. આ ઉપરાંત રાણીના નિવાસની કિલ્લાબંધી માટે સુરક્ષિત ઈંટોની દિવાલના અવશેષો પણ જોવા મળે છે. નીચેના ભાગમા પત્થરના કેટલાંક સ્તૂપ પ્રકારના સ્થંભો જોવા મળે છે. તેની બાજુમાં પુરાણું શિવલિંગ અને હનુમાનની પ્રતિમા જોવા મળે છે. આ સ્થાનકોની બિલકુલ સામે જળસ્ત્રોત માટે ખૂબ ઊંડી વાવ પણ રાણીએ બનાવડાવી હતી, આ વાવથી થોડા અંતરમાં એક એવો સપાટ પત્થર જેને પૈસાની પેટી તરીકે ઓળખતાં ત્યા પૈસા ઉધાર મળતાં, કહેવાય છે કે કોરાજ ડુંગરની આસ–પાસ ના ગામોમાં કોઈને પણ અચાનક પૈસાની જરૂર પડે તેવા સમયે આ પત્થર પર આસ્થા રાખી જેટલાં પૈસા જોઈએ તેટલાં બોલીને જતું રહેવાનું બીજા દિવસે એજ સમયે ત્યાં પૈસા પડી જતાં, અને જઈને લઈ આવતાં, પરંતુ સરત મુજબ કામ પૂર્ણ થાય પછી પાછા પૈસા જમાં કરી દેવાના રહેતા. આમ ઘણા વર્ષો સુધી ઉધાર પૈસા મળતાં રહ્યા, પરંતુ એકવાર કોઈ અણસમજુ વ્યક્તિ ઉધારે લીધેલા પૈસાના બદલામાં નળીયાના ભાંગેલા ઠીકરાં મૂકી આવેલો ત્યારથી પૈસા મળવવાનું બંધ થયેલું તેવી વાતો કરનારા હજી હયાત છે. તેઓ જણાવે છે કે તેજબાઈ રાણીના નામ પરથી જ આ ગામનું નામ પણ તેજગઢ પડયું છે.

આ ડુંગર ઘણા પ્રાચીન યુગના અવશેષાનું અસ્તિત્વ ધરાવે છે. ઉપરના ભાગમાં ખૂબ જૂનું દેવસ્થળ પણ છે જ્યાં વાર તહેવારે આસ–પાસના ગામોના જાણકાર બડવાઓ દેવ–પૂજન કરી ગામની સુખાકારી માટે માનતા રાખતા તેથી સ્થાનીક સમુદાયોનું આસ્થાનુ કેન્દ્ર ગણાતુ. આ ડુંગર ઉપર ગુફાચિત્રની વાત જાણકારો જણાવે છે કે પહેલા આ સ્થાનક પર આસ–પાસ ના જાણકાર બડવાઓ આખી રાતભરના ગાયણાં કરતાં હતા. એક એવી પણ વાત જેમાં પ્રાચીનકાળમાં જ્યારે ભાષા કે લિપિનું અસ્તિત્ત્વ ન હતુ તે સમયે ચિત્રો ભાષાનું માધ્યમ હતું અને ચિત્રો એ જ લિપિ હતી. જે ચિત્રો આજે પણ આ ડુંગરમાં જોવા મળે છે. પ્રાચીનકાળમાં આ ચિત્રો દોરવા અમારા પર્વજો દ્ધારા આવનારા હજારો વર્ષો પછી પણ સમુદાયની ભાવિ પેઢીઓ માટેની કોઈ ઓળખ કે નિશાની મૂકતા જવાનું વિચાર કરી તેમણે ખૂબ ઊંચા પર્વતોના ગોલાકાર, મોટા પત્થરોની અંદરની બાજુમાં સચવાઈ રહે તેમ આ ચિત્રલિપિઓને દોરવાનો પ્રયાસ કરેલો અને આ ચિત્રલિપિ ભૂસાઈ ન જાય તેની કાળજી રાખી, તેવા વાતાવરણને અનુકૂળ રંગોનું મિશ્રણ પણ એક અદ્દ્ભૂત કલાનું ઉદાહરણ પુરુ પાડ્યું છે. આદિમ ચિત્રલિપિઓની સુરક્ષા માટે કેટલી લાંબી દિર્ઘદ્ધૃષ્ટિ આપણા પૂર્વજોએ રાખીને આવા ચિત્રો દોરવાનો ખ્યાલ રાખ્યો તેથી જાણકારો જણાવે છે કે ભીલ–ભીલાલા અને રાઠવા, જાતિઓ અહીંયાની મૂળ નિવાસી આદિવાસી જાતિ છે. તેઓની ભાષા પણ રાઠવી છે અને આ સમાજમાં દોરવામાં આવતું બાબા પીઠોરાદેવનું ભીંતચિત્ર અને ગુફાચિત્ર કેટલાક અંશે મળતાં આવે છે. બાબા પીઠોરાદેવનાં ચિત્રમાં ઘોડેસવાર માણસનાં ચિત્રો દોરવામાં આવે છે અને ગુફાચિત્રોમાં પણ આવા જ પ્રકારનાં ચિત્રો છે. આ આદિમ ચિત્રલિપિને વાંચવારો સમુદાય પણ હયાત હતો. બદલાતા સમયની સાથે વસ્તી–વિસ્તાર થતો ગયો તેમ–તેમ આ ગુફાચિત્રોની આબેહૂબ કલાકૃતિઓ આદિમ સમુદાયના ઘરોની મુખ્ય દિવાલ પર દોરવાની પરંપરા અસ્તિત્વમાં આવી, તેને બાબા–પિઠોરાદેવ તરિકે પૂજન વિધિ સાથે ચિત્રલિપિને લખવામાં આવે છે. તેમાં સંપૂર્ણ જીવનદર્શન સમાહિત છે. પિઠોરા લખનારાંઓને આજે પણ લખારા તરિકે ઓળખવામાં આવે છે. તેની સાથે પિઠોરાકથા જોડાયેલી છે, આ કથામાં આખી રાતભર આદિમ વાદ્ય ઢાંકના તાલે ગાયણ–ગાયણાં ગાવાય છે. આ આદિમ પુરાકથાઓના કથાવાહકો એ સૃષ્ટિ નિર્માણ થયા પછી અનેક જીવોનું આ ધરતી પર આવવું અને આદિમ સમુદાયોનો ઉદય થયો ત્યા થી લઈને આજ દિન સુધીનો જે પ્રકૃતિનો નજારો હતો એ પરિદ્ધૃષ્ય બનાવી શક્યા, જે પિઠોરા કથામાં જોવા મળે છે. હજારો વર્ષો જૂની અનુભૂતિઓને પિઠોરા કથામાં વર્ણવાઈ છે, તેમાં પ્રકૃત્તિના બધાજ તત્વો ને જીવંત માન્યા છે. આ ઐતિહાસિકતા વિશે જ્યારે પુરાતત્ત્વના અભ્યાસીઓનું ઘ્યાન તેજગઢ ભાષા સંશોધન કેન્દ્ર એ દોરાવ્યું ત્યારે કોરાજ ડુંગરનું ગુફાચિત્ર બાર હજાર વર્ષ (૧૨૦૦૦) જૂનું સાબિત થયું.

રાઠવા સમાજની મુખ્ય બોલી–ભાષા રાઠવી છે. પરંતુ આ સમાજ સાથે અન્ય સમાજ પણ વસે છે. જેથી આ સમાજની ભાષા ઉપર અન્ય સમાજની ભાષા નો પણ પ્રભાવ જોવા મળે છે. જેમકે નસવાડી અને કવાંટ તાલુકામાં ડુંગરાભીલ સમાજ વસે છે. પૂર્વ તરફ મધ્યપ્રદેશના સિમાવર્તી ગામોમાં બારેલી બોલી–ભાષાના વાહકો વસે છે. તેથી નસવાડી વિસ્તારમાં તડવી અને કવાંટ વિસ્તારમાં રાઠવાની બોલી ઉપર ડુંગરાભીલી–બારેલી ભીલી બોલી–ભાષાનો પ્રભાવ જોવા મળે છે. જ્યારે પાવાગઢ, હાલોલ, કાલોલ તથા જાંબુઘોડા ને બોડેલીની આજુબાજુનો વિસ્તાર તથા બોડેલીથી છોટાઉદેપુર વચ્ચેનો જે વિસ્તાર છે. આ વિસ્તારમાં ગુજરાતી ભાષાનું પ્રભુત્વ ધરાવતા સમૂહોની સંખ્યા થોડી વધારે પ્રમાણમાં હોવાથી આ વિસ્તારમાં રાઠવી બોલી પર ગુજરાતી ભાષાનું પ્રભુત્વ જોવા મળે છે. પંચમહાલનાં કેટલાંક ગામડાંઓ જેવાં કે ગમાણાં, ગોરમટિયા, લાવડાદરા, ગોદલી, પાલ્લા, વાંકોડ, ઝાંઝરી, મોટી ઉમરવાંણ વગેરે ગામોમાં જે રાઠવા સમાજ વસે છે તેના ઉપર પંચમહાલી ભીલી ભાષાની અસર જોવા મળે છે. બારિયાથી દાહોદ વિસ્તારને અડીને આવેલાં ગામડાંઓમાં આ અસર જોવા મળે છે. મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલાં ગામડાંઓમાં મધ્યપ્રદેશની બારેલી, ભીલાલી બોલીની અસર છે.

આમ જોતાં રાઠવી ભાષા મુખ્યત્વે છોટાઉદેપુરથી ઉત્તરે મીઠીબોર વિસ્તાર, પૂર્વમાં ફેરકૂવા સુધીનો વિસ્તાર અને દક્ષિણમાં કવાંટ સુધીના વિસ્તારમાં વસતા અન્ય સમાજ જેવા કે ધાણક, નાયક, તેમજ અન્ય ઉચ્ચવર્ગના લોકોની બોલી ઉપર પણ રાઠવી બોલીનો પ્રભાવ જોવા મળે છે. કરાલી વિસ્તારમાં પણ કોલચા લોકોની અલગ

બોલી જોવા મળે છે. જે રાઠવી સાથે સંકળાયેલી છે. આમ આ વિસ્તારનો જે શિક્ષિત વર્ગ છે તે મોટે ભાગે ઘરમાં રાઠવી ભાષા અને અન્ય જગ્યાએ ગુજરાતી અને રાઠવી મિશ્ર બોલી બોલે છે.

નસવાડી તાલુકો અને કવાંટ તાલુકા વચ્ચેના વિસ્તારમાં કેટલાક નાની નાત રાઠવા અને કેટલાક કોલચા તરીકે ઓળખાતાં જૂથો આવેલાં છે. તે પણ રાઠવા–ભીલી ભાષા કુળના જ છે. કારણ કે પહેલાંના સમયમાં જે કોઈ પુરુષ અન્ય વર્ગની સ્ત્રીને પોતાની પત્ની તરીકે રાખે અથવા પ્રેમ સંબંધથી બંધાયેલાં પકડાય ત્યારે સમાજ તેને નાતની બહાર મૂકે છે. એટલે તે વ્યક્તિને સમાજના દરેક રીતિરિવાજમાં  કોઈ પણ જગ્યાએ સ્થાન આપવામાં આવતું નથી. તેને સમાજથી દરેક પ્રકારે છૂટો પાડી દેવામાં આવે છે. તેથી પણ તેઓને નાની નાત રાઠવા તરીકે ઓળખવામાં આવ્યા હોય અથવા બીજું પણ કોઈ કારણ હોઈ શકે. એવી જ રીતે પાવી જેતપુર તાલુકામાં કેટલાક લોકો પોતાને બારિયા તરીકે ઓળખાવે છે કે ઓળખે છે. પણ તેઓ પોતાને ઉચ્ચ ગણવા માટે કે ગણાવવા માટે બારિયા લખાવે છે પરંતુ તે પણ રાઠવા જૂથના જ છે. તેમનાં મોટા ભાગનાં વિધિવિધાન તથા જીવનપ્રણાલી સંપૂર્ણપણે રાઠવાના જેવી જ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં નાયક, ધાણક, ભીલ, ડુંગરાભીલ જેવી આદિવાસી જાતિઓ તથા અન્ય ઉચ્ચ વર્ગના લોકો પણ વસે છે.

છોટાઉદેપુર જીલ્લો સપૂર્ણ રાઠ ક્ષેત્ર છે. આ સમુદાયની રાઠવી ભાષા એ જીવનવ્યવહારની ભાષા છે અને તે મોટે ભાગે સામાજિક વ્યવહારોમાં મોટા પ્રમાણમાં વપરાય છે. સામાજિક પ્રસંગોએ લગ્નગીતો, દિવાસાનાં ગીતો તથા ધાર્મિક ક્રિયાઓમાં જેમ કે બાબા પીઠોરાદેવનું ગાયણું તથા ગામના ઝઘડાના નિવારણ માટે, રોજિંદા વ્યવહારમાં, મેળાઓમાં, હાટમાં વગેરેમાં રાઠવી ભાષાનો ઉપયોગ થાય છે. રેડિયો, પ્રસારણ માધ્યમોમાં પણ રાઠવી ભાષાનો ઉપયોગ થાય છે. જેમ કે દિવાસાનાં ગીતો, હોળીગીતો, લગ્નગીતો, વાર્તાઓ દંત કથઓમાં વગેરે પરંપરાગત રીત–રિવાજ રાઠવી ભાષામાં રજૂ થતાં હોય છે. રાઠવા સમાજ ઉપર પ્રકાશિત થયેલી ઘણી બધી ઓડિયો, વિડિયો કેસેટમાં ગુજરાતી ફિલ્મમાં જેમ કે 'ધુળકી તારી માયા લાગી' ઓફિસો કે શાળાઓમાં રાઠવી ભાષાનો ઉપયોગ ઓછો જોવા મળે છે, અન્ય જગ્યાએ જેમકે આધુનિક બદલાવની સાથે ડી.જે સાઉંડની ધૂનોમાં પણ ના રાઠવી ભાષાનો ઉપયોગ થયો છે, તે ખૂબ સારી બાબત છે પરંતુ છેલ્લા ચાર–પાંચ વર્ષોથી લાઈટ સાઉંડમાં નવિન કલાકારો પોતાની કીર્તિ સામાજીક સ્તરે વધારી લોક ચાહના મેળવવાની લાલચમાં રાઠવી ગીતોમાં બિભત્સ વર્ણનો નાખવાનું ચાલુ કરી દિધું છે તેના માઠા પરિણામો નવી પીઢી ભોગવી રહી છે. તેના માટે ક્ષેત્રિય ભાષાનું વૈવિધ્યપૂર્ણ વારસો સચવાઈ રહે તે માટે સંગીત–સ્ટુડિયો પર ચોક્કસ માપદંડ સૂચિનું અમલીકરણ થવું જરુરી છે. આ વિસ્તારમાં વસતા રાઠવા સિવાયના અન્ય લોકો છે કે જે ગામડાંમાં ધંધાર્થે આવેલા છે તે પણ રાઠવી ભાષા બોલે છે. હાટ બજારમાં આવતા વેપારીઓ પણ રાઠવી ભાષા બોલે છે, જે તેનું જીવંત ઉદાહરણ છે.

છોટાઉદેપુરના આખાય પહાડી વિસ્તારના આદિવાસીઓને વિસ્તાર પ્રમાણે રાઠ્યા, હોયા, નાનીનાત્યા, મોટીનાત્યા, બારિયા, કોળી કે કોળચા વગેરે નામોથી ઓળખવામાં આવે છે.

## 3.3 જિલ્લાનું ભૌગોલિક –સાંસ્કૃતિક પરિચય

છોટાઉદેપુર આદિવાસી પ્રભુત્વ ધરાવતો જિલ્લો છે. અને જિલ્લાનું મુખ્ય મથક વડોદરાથી ૧૧૦ કિમી દૂર આવેલું છે. તે મધ્યપ્રદેશ રાજ્ય સાથે તેની સરહદો વહેંચે છે. છોટાઉદેપુર એ નર્મદા અને તાપી જિલ્લાઓ પછી પૂર્વ ગુજરાતમાં ત્રીજો આદિવાસી પ્રભુત્વ ધરાવતો જિલ્લો છે. છોટાઉદેપુર જિલ્લામાં ૭૫,૭૦૪ હેક્ટરનો જંગલ વિસ્તાર છે અને તેમાં ડોલોમાઈટ, ફ્લોરાઈટ, ગ્રેનાઈટ અને રેતીનો ભંડાર છે જે તમામનું ખાણકામ કરવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લો મોટા ડેરી ઉદ્યોગનું ઘર પણ છે. અહીં રહેતા રાઠવા આદિવાસીઓ દારૂ અને દૂધ સાથે રંગો ભેળવીને પિઠોરા ભીંતચિત્રોનું નિર્માણ કરવાની પરંપરા હજારો વર્ષો જુની છે.

૧૧૯૨ચો.કિ.મી.વિસ્તામર ૯,૬૧,૧૯૦ વસ્તી, ૬૦% સાક્ષરતા ૦૬ તાલુકાઓ ૩૪૨ ગ્રામ પંચાયત ૮૯૬ ગામડાઓ ધરાવે છે.

– છોટાઉદેપુર જિલ્લો ક્ષેત્રફળ... ૧૧૯૨ ચો. કિ.મી.
– છોટાઉદેપુર જિલ્લાની વસ્તી... ૯,૬૧,૧૯૦
– છોટાઉદેપુર જિલ્લામાં છ (૦૬) તાલુકાઓ છે.


(૧) છોટાઉદેપુર
(૨) બોડેલી
(૩) પાવી–જેતપુર
(૪) કવાંટ
(૫) નસવાડી
(૬) સંખેડા.

૩૪૨ ગ્રામ પંચાયતો અને ૮૯૬ ગામડાંઓ ધરાવે છે.

સ્થાપના–૧૫ ઓગસ્ટ ૨૦૧૩
વિસ્તાર – ૩૪૩૬ ચો. કિમી.
વસ્તી – ૧૦.૭ લાખ
તાલુકા – ૬
મહા નગરપાલિકા – ૧
સરેરાશ સાક્ષરતા – ૬૫.૨૦
નગરપાલિકા – ૧
ગામો – ૮૯૪(મહેસૂલ)

નવરચિત છોટાઉદેપુર જિલ્લાની ઉત્તરે કઠીવાળા, દેવગઢ બારિયા સુધીનો વિસ્તાર અને દક્ષિણે કવાંટ અને નસવાડી તથા પૂર્વમાં ફેરકુવા અને ગુજરાતની હદને અડીને આવેલા મધ્યપ્રદેશના ગામડાં તથા પશ્ચિમે સંખેડા, બોડેલી, જાંબુઘોડા, હાલોલ, કાલોલ થી લઈ ઘોઘંબા સુધી એટલે આ મુખ્ય સ્થળો વચ્ચેનો આખો વિસ્તાર છે તેમાં રાઠવા જાતિના રહેઠાણો જોવા મળે છે, આ સિવાય આદિવસીઓની અલગ અલગ જાતિઓ છે. એ આદિવાસી મુખ્ય જાતિઓની યાદીમાં રાઠવા જાતિનો સમાવેશ થયેલો છે. ગુજરાતમાં રાઠવા જાતિની મોટી વસ્તીવાળા બે જિલ્લા છે. આ છોટાઉદેપુર જિલ્લો પહેલા વડોદરામાં ગણાતો હતો, ૧૫ મી ઓગસ્ટ ૨૦૧૩ થી નવો જિલ્લો ગણાય છે. છોટાઉદેપુર આ જિલ્લાનું સાક્ષરતા પ્રમાણ ૬૦% છે. નગરપાલિકા–૦૧ કુલ ૦૬ છ તાલુકાઓ છે. (૧) છોટાઉદેપુર (૨) બોડેલી (૩) પાવી–જેતપુર (૪) કવાંટ (૫) નસવાડી (૬) સંખેડા અને ૩૪૨ ગ્રામ પંચાયતોના ૮૯૬ ગામડાઓ ધરાવતું વિશાળ ક્ષેત્ર છે. છોટાઉદેપુર જિલ્લાનું ક્ષેત્રફળ ૧૧૯૨ ચો. કિ.મી. છે. પાલના રાઠવા પુસ્તકમાં શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવી નોંધે છે કે મધ્યગુજરાતના પાલ પ્રદેશનું કેન્દ્ર ૨૨–૧૫ ઉ.અક્ષાંશથી ૨૨–૪૫ ઉ.અક્ષાંશ તથા ૭૩–૩૦ પૂ. રેખાંશથી ૭૪–૦૦ પૂ. રેખાંશની વચ્ચેના પ્રદેશમાં હોવાની માન્યતા છે. તાપી નદીની દક્ષિણથી ઉત્તર તરફ દક્ષિણ તરફનો ડુંગરાળ વિસ્તાર. (૩) નર્મદા અને તાપી નદીની વચ્ચે પૂર્વમાં ડુંગરાળ વિસ્તાર. જિલ્લાની ટેકરીઓ અકીકની ખાણો માટે જાણીતી છે. જિલ્લાની નદીઓમાં ઓરસંગ મુખ્ય નદી છે. ઓની, હેરણ, ઝરવો છે.

**છોટાઉદેપુર જિલ્લાનો નકશો.**




ગુજરાત રાજ્યની ઉગમણે આવેલ પંચમહાલ અને વડોદરા જિલ્લાના ગોધરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, બારિયા, સંખેડા, નસવાડી, પાવી–જેતપુર, છોટાઉદેપુર અને ક્વાંટ વિસ્તારોમાં રાઠવાઓની વસતિ છે. જેને ભૌગોલિક દૃષ્ટિએ નીચે મુજબ ચાર પ્રદેશોમાં વહેંચી શકાય.

### ૧.ગોંદરિયૂં બારિયા હોયા (ઝોઝ–કેવડી વિસ્તાર)

આ વિસ્તાર પંચમહાલ જિલ્લાના દેવગઢ બારિયા સુધી પથરાયેલો છે. અહીંના લોકો પોતાને બારિયાકોળી તરીકે ઓળખાવે છે. આ વિસ્તારના રાઠવાઓને અન્ય વિસ્તારનાં લોકો તેમને હોયા નામથી ઓળખે છે.

### ૨. રેવાકાછ–મોઠીભોય(મોટી જમીન) ક્વાંટ પાનવડ વિસ્તાર

મોટીભોંયવિસ્તાર રેવા(નર્મદા)ના કાંઠા સુધીનો ગણાય છે. આ વિસ્તારની પૂર્વમાં મધ્યપ્રદેશ અને નર્મદા ઓળંગીને મહારાષ્ટ્ર રાજ્યની સરહદ લાગે છે. આ વિસ્તારની જમીન કાળી લાલ અને સપાટ છે. આ જુદીજુદી જમીનોને કારણે આ વિસ્તારને મોટીભોંય નામથી ઓળખવામાં આવે છે. અહીં રાઠવા અને કોળી લોકોની વસતી જોવા મળે છે.

**૩. ઉગમણી રાઠ (રંગપૂર દેવહાટ વિસ્તાર)**

આ ભાગ ઓરસંગ નદીના પૂર્વકિનારાઓથી શરૂ થઈને તેને કિનારે કિનારે વિસ્તરાયેલો જોવા મળે છે. છોટાઉદેપુરના ઉત્તર–પૂર્વમાં વસવાટ કરતાં રાઠવાઓના આખા વિસ્તારને 'રાઠ' પ્રદેશ તરીકે ઓળખવામાં આવે છે. જુના વખતમાં આ વિસ્તાર મધ્યપ્રદેશના અલિરાજપુર રાજ્યના રાઠપરગણામાં ગણતો હતો. અહીંના રાઠવા આદિવાસીઓને બીજા વિસ્તારમાં રહેતાં રાઠવાઓ રાઠ્યા નામથી પણ ઓળખાવે છે.

**૪. પાલ (તેજગઢ પુનિયાવાટ વિસ્તાર)**

છોટાઉદેપુર તાલુકાનો વચલો ભાગ અને તેજગઢ વિસ્તારનો ભાગ પાલ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ ભાગમાં રાઠવા, બારિયા, કોળી, નાયકા વગેરેની વસતિ છે. આજે સંખેડા તથા પાવી–જેતપુર તાલુકાના પ્રદેશને નાનીપાલ તથા પાવી–જેતપુરથી છોટાઉદેપુર સુધીના વિસ્તારને મોટીપાલ તરીકે ઓળખાવાય છે.

રાઠવા આદિવાસીઓ જ્યાં રહે છે તે આખો વિસ્તાર પહેલા રેવાકાંઠા તરીકે ઓળખાતો હતો. આ વિસ્તાર સાતપુડા અને વિંધ્યાચળની ટેકરીઓ અને જંગલોથી આચ્છાદિત છે. સાતપુડાની પર્વતમાળાઓ નર્મદાને ઉત્તરકાંઠેથી છોટાઉદેપુર સુધી પથરાયેલી છે અને વિંધ્યાચળની પર્વતમાળાઓ મધ્યપ્રદેશમાંથી પશ્ચિમ તરફ છોટાઉદેપુરની ઉત્તરે રતનમાલ નામે ઓળખાઈ દેવગઢ બારીયામાં થઈ છેક પાવાગઢ સુધી પહોંચે છે. નર્મદાની ઉત્તરે આવેલી સાતપુડાની છોટાઉદેપુરની ટેકરીઓમાંથી મેણ અને હેરણ નદીઓ નીકળે છે અને પશ્ચિમે નર્મદાને મળે છે. ઓરસંગ નદી મધ્યપ્રદેશના વિંધ્યાચળ અને રતનમાલની ટેકરીઓમાંથી નીકળી છોટાઉદેપુર થઈ ચાંદોદ આગળ નર્મદાને મળે છે.

મોટાભાગના રાઠવાઓ આજે સપાટ ને મેદાની પ્રદેશ કરતાં પાવાગઢ, વિંધ્યાચલ અને સાતપુડાની ટેકરીઓમાં વસવાટ કરે છે. આ વિસ્તાર મહદંશે મધ્યપ્રદેશ અને ગુજરાત રાજ્યનો સરહદી વિસ્તાર છે.

**છોટાઉદેપુર જિલ્લાનાં જોવાલાયક સ્થળો**


- આદિવાસી અદાદમી તેજગઢ,
- આદિમ ગુફાચિત્ર કોરાજ ડુંગર,
- રતન મહાલ ઉડતી ખીસકોલી અભિયારણ, કંજેટા,
- આંબાડુંગર કુદરતી સૌંદર્ય હાફેશ્વર એરીયા, કવાંટ,
- વાઘ સ્થળ,છોટાઉદેપુર,
- ટુંડવો–ટુંડવી રંગપુર સઢલી.
  સુખીડેમ/માખણીયો પર્વત – જેતપુર–પાવી
  તેલાવ માતાનું મંદિર – જેતપુર–પાવી
  હાફેશ્વર નર્મદા નદીમાં આવેલ શિવમંદિર – ક્વાંટ
  અર્જુનનાથ મહાદેવ મંદિર – સંખેડા
  પંચેશ્વર મહાદેવ મંદિર – સંખેડા

### ૩.૫ શિક્ષણની સવલતો

Constructed Room

કોષ્ટક–૩.૧ : છોટાઉદેપુર જિલ્લા સમગ્ર શિક્ષણ અભિયાન દ્વારા શાળા ખંડોનું બાંધકામ દર્શાવતુ કોષ્ટક.

| Sr. No. | Taluko | Total Constructed Room |
|---|---|---|
| 1 | BODELI | 975 |
| 2 | CHHOTAUDEPUR | 1215 |
| 3 | PAVI JETPUR | 985 |
| 4 | KAWANT | 1064 |
| 5 | NASWADI | 894 |
| 6 | SANKHEDA | 685 |
| TOTAL | | 5818 |





સ્ત્રોત : છોટાઉદેપુર જિલ્લા સમગ્ર શિક્ષણ અભિયાન, જિલ્લા પ્રોજેક્ટ એન્જિનીયર છોટાઉદેપુર.

છોટાઉદેપુર જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન જિલ્લા પ્રોજેક્ટ એન્જિનિયર દ્વારા મળેલ માહિતી મુજબ આ જિલ્લામાં છ તાલુકા આવેલા છે. દરેક તાલુકામાં સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ખંડોનું બાંધકામ કરવામાં આવેલ છે, તે તાલુકા દીઠ કેટલા ખંડો હાલ અસ્તિત્વ ધરાવે છે તે માહિતી કોષ્ટક મુજબ છોટાઉદેપુર તાલુકામાં ૧૨૧૫ ખંડો બનાવેલ છે. બોડેલી તાલુકામાં ૯૭૫ ખંડો છે પાવી–જેતપુર તાલુકામાં ૯૮૫ ખંડો છે. કવાંટ તાલુકામાં ૧૦૬૪ ખંડો બનાવેલા છે. નસવાડી તાલુકામાં ૮૯૪ ખંડો નું અસ્તિત્વ છે તેમજ સંખેડા તાલુકામાં ૬૮૫ ખંડો બનાવેલ છે. આમ જોતા છોટાઉદેપુર સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શાળાના કુલ ૫,૮૧૮ ખંડો બનાવેલ છે. આ ખંડોમાં પણ ઘણા ખરા ગામડાઓમાં બહુ જૂની સ્કૂલ ના બાંધકામ છે. ઘણી જગ્યાએ તો છત તૂટે એવી સ્થિતિ છે અને કેટલીક સ્કૂલો ની વિઝીટ કરતા માલુમ પડ્યું છે કે તે ચોમાસા દરમિયાન બેસીને ભણી શકાય તેમ નથી. આખી સ્કૂલમાં વિદ્યાર્થીઓ કોઈપણ ક્લાસમાં બેસી શકે તેવી સ્થિતિ નથી. આવી પરિસ્થિતિમાં સ્કૂલના મુખ્ય શિક્ષક ખૂબ ભરપુર વરસાદ થતી હોય ત્યારે બાળકોને સ્કૂલે ન આવવાનું સૂચન કરે છે. એવી પણ કેટલી સ્કૂલો છે. જે બાંધકામ માટે પણ મોટો પડકાર છે, મર્યાદિત સુવિધામાં બાળકો અભ્યાસ કરી રહ્યાં છે.

કોષ્ટક–૩.૨ : છોટાઉદેપુર જિલ્લા સમગ્ર શિક્ષણ અભિયાન દ્વારા શાળા ખંડોનું બાંધકામ દર્શાવતુ કોષ્ટક.

| છોટાઉદેપુર જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓનું મહેકમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | શાળાઓની સંખ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | ૩૧ | ૯૩ | ૮૨ | ૧૧ |





છોટાઉદેપુર જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓનું મહેકમ પ્રમાણે શાળાઓની સંખ્યા ૩૧ મંજૂર મહેકમ ૯૩ અને ભરાયેલ જગ્યા ૮૨ છે. આમ ટોટલ મંજૂર મહેકમ માંથી ૧૧ જગ્યાઓ હાલ ખાલી બોલે છે.

છોટાઉદેપુર જિલ્લા ની સરકારી માધ્યમિક શાળા શાળાનું મહેકમ ૫% છે. જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓનું મહેકમ શાળાઓની સંખ્યા મુજબ ૧૪% છે છોટાઉદેપુર જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓનું મહેકમ મંજૂર મહેકમ ૪૩% છે આમ આમ ૩૮% મંજૂર મહેકમ માંથી ખાલી પદ છે.

કોષ્ટક–૩.૩ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા વિગત દર્શાવતુ કોષ્ટક.

| છોટાઉદેપુર જિલ્લાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મહેકમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | શાળાઓની સંખ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | ૮ | ૪૫ | ૩૯ | ૬ |

સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું મહેકમ પ્રમાણે શાળાઓની સંખ્યા ૦૮ મંજૂર મહેકમ ૪૫ અને ભરાયેલ જગ્યા ૩૯ છે. આમ ટોટલ મંજૂર મહેકમ માંથી ૦૬ જગ્યાઓ હાલ ખાલી છે.



શાળા બહારના બાળકોની વિગત : ૨૦૧૭–૧૮

કોષ્ટક–૩.૪ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા શાળા બહારના બાળકોનું વિગત દર્શાવતુ કોષ્ટક.

| નંબર | જિલ્લો | બ્લોક | ટોટલ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૪૩ |
| ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૩૮૦ |
| ૩ | છોટાઉદેપુર | જેતપુર પાવી | ૧૦૭ |
| ૪ | છોટાઉદેપુર | કવાંટ | ૩૬૫ |
| ૫ | છોટાઉદેપુર | નસવાડી | ૧૩૬ |
| ૬ | છોટાઉદેપુર | સંખેડા | ૧૫ |
| | ટોટલ | | ૧૦૪૬ |

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી બ્લોકમાં ૪૩ બાળકો, છોટાઉદેપુરમાં ૩૮૦ બાળકો, પાવી–જેતપુરમાં ૧૦૭ બાળકો, કવાંટમાં ૩૬૫ બાળકો, નસવાડીમાં ૧૩૬ બાળકો, સંખેડામાં ૧૫ બાળકો, આમ કુલ ૧૦૪૬ બાળકો જે સ્કૂલમાં ક્યારેય ગયા નથી.

**શાળા બહારના બાળકોની વિગત : ૨૦૧૮–૧૯**

કોષ્ટક–૩.૫ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા શાળા બહારના બાળકોનું વિગત દર્શાવતુ કોષ્ટક.

| .નંબર | જિલ્લો | બ્લોક | ટોટલ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૩૪ |
| ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૩૦૦ |
| ૩ | છોટાઉદેપુર | જેતપુર પાવી | ૯૦ |
| ૪ | છોટાઉદેપુર | કવાંટ | ૬૧૧ |
| ૫ | છોટાઉદેપુર | નસવાડી | ૧૬૩ |
| ૬ | છોટાઉદેપુર | સંખેડા | ૪૪ |
| | ટોટલ | | ૧૨૪૨ |

જિલ્લામાં ૨૦૧૮–૧૯માં બોડેલી બ્લોકમાં ૩૪ બાળકો, છોટાઉદેદપુરમા ૩૦૦ બાળકો, પાવીજેતપુરમા ૯૦ બાળકો, કવાંટમા ૬૧૧ બાળકો, નસવાડીમા ૧૬૩ બાળકો, સંખેડામાં ૪૪ બાળકો આમ કુલ ૧૨૪૨ બાળકો જે સ્કૂલમાં ક્યારેય ગયા નથી.

### શાળા બહારના બાળકોની વિગત : ૨૦૧૯–૨૦

કોષ્ટક–૩.૬ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા શાળા બહારના બાળકોનું વિગત દર્શાવતુ કોષ્ટક.

| નંબર | જિલ્લો | બ્લોક | ટોટલ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૬૫ |
| ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૬૯૬ |
| ૩ | છોટાઉદેપુર | જેતપુર પાવી | ૪૯ |
| ૪ | છોટાઉદેપુર | કવાંટ | ૧૬૪ |
| ૫ | છોટાઉદેપુર | નસવાડી | ૨૬૦ |
| ૬ | છોટાઉદેપુર | સંખેડા | ૪૪ |
| | ટોટલ | | ૧૨૭૮ |


૨૦૧૯–૨૦ માં બોડેલી બ્લોકના ૬૫ બાળકો, છોટાઉદેપુરના ૬૯૬ બાળક,ો પાવીજેતપુરના ૪૯ બાળકો, કવાંટના ૧૬૪ બાળકો, નસવાડીના ૨૬૦ બાળકો, અને સંખેડા ના ૪૪ બાળકો, આમ કુલ ૧૨૭૮ બાળકો જે શાળાોમાં ક્યારેય આવ્યા નથી. તેવા બાળકોની માહિતી છે.

### શાળા બહારના બાળકોની વિગત : ૨૦૨૦–૨૧

કોષ્ટક–૩.૭ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા શાળા બહારના બાળકોનું વિગત દર્શાવતુ કોષ્ટ

| .નંબર | જિલ્લો | બ્લોક | ટોટલ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૪૭ |
| ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૫૦૧ |
| ૩ | છોટાઉદેપુર | જેતપુર પાવી | ૪૧ |
| ૪ | છોટાઉદેપુર | કવાંટ | ૧૨૦ |
| ૫ | છોટાઉદેપુર | નસવાડી | ૧૯૧ |
| ૬ | છોટાઉદેપુર | સંખેડા | ૩૨ |
| | | ટોટલ | ૯૩૨ |

૨૦૨૦–૨૧મા શાળા બહારના બાળકોની વિગત આ પ્રમાણે છે. બોડેલી ૪૭ બાળકો, છોટાઉદેપુર ૫૦૧ બાળકો, જેતપુર પાવી ૪૧ બાળકો, કવાંટ ૧૨૦ બાળકો, નસવાડી ૧૯૧ બાળકો, સંખેડા ૩૨ બાળકો,આમ કુલ ૯૩૨ બાળકો એવા છે જે શાળા બહારની ગણતરીમાં છે.




**શાળા બહારના બાળકોની વિગત : ૨૦૨૧–૨૨**

કોષ્ટક–૩.૮ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા શાળા બહારના બાળકોનું વિગત દર્શાવતુ કોષ્ટક.

| નંબર | જિલ્લો | બ્લોક | ટોટલ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૨૧૫ |
| ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૬૯૪ |
| ૩ | છોટાઉદેપુર | જેતપુર પાવી | ૫૬ |
| ૪ | છોટાઉદેપુર | કવાંટ | ૨૩૮ |
| ૫ | છોટાઉદેપુર | નસવાડી | ૪૪૪ |
| ૬ | છોટાઉદેપુર | સંખેડા | ૫૨ |
| | ટોટલ | | ૧૬૯૯ |


૨૦૨૧–૨૨ મા શાળા બહારના બાળકોની વિગત બોડેલી બ્લોકમાં ૨૧૫ બાળકો, છોટાઉદેપુર બ્લોકમાં ૬૯૪ બાળકો, પાવીજેતપુરમાં ૫૬ બાળકો, કવાંટમાં ૨૩૮, નસવાડીમાં ૪૪૪, અને સંખેડામાં ૫૨ બાળકો, આમ કુલ ૧૬૯૯ બાળકો, જે શાળા બહારની ગણતરીના છે કે જેઓ શાળામાં ક્યારે ગયા જ નથી. ડ્રોપ આઉટ નો ચોક્કસ કોઈ આંકડા હજી સુધી છોટાઉદેપુર જિલ્લાનું શિક્ષણ વિભાગ પાસે નથી. પરંતુ આજ ડેટા મળ્યા છે એ સ્કૂલમાં બિલકુલ આવ્યા જ નથી, એવા બાળકોની માહિતી છે મળી છે એ જ દર્શાવવાની કોશિશ કરી છે.

આમ ઉપરોક્ત પાંચ વર્ષના શાળા બહારના બાળકોની કોષ્ટક માહિતી મુજબ છોટાઉદેપુર જિલ્લાના કુલ ૬૧૯૭ બાળકો સ્કુલ શિક્ષણથી વંચિત રહી ગયા છે. આ પ્રમાણે વંચિત બાળકોના ભવિષ્યમાં શિક્ષણ કેવી રીતે અપાય તે સરકારની યોજના હોવી જોઈએ.

છોટાઉદેપુર જિલ્લામાં સરકારી ગ્રાન્ટેડ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા મંજૂર મેહકમ અને ભરાયેલ મેહકમની વિગત આ પ્રમાણે મળેલ છે.

કોષ્ટક–૩.૯ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.

| Secondary School | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Maths/Sci | S.S. | GUJ | Eng. | Hindi | Sanskrit | P.T. | Comp. | Other |
| 90 | 15 | 61 | 60 | 33 | 20 | 8 | 6 | 14 |




સેકન્ડરી સ્કૂલમાં ગણિત–વિજ્ઞાન ના ૯૦ શિક્ષકો, એસ એસ ના ૧૫ શિક્ષકો, ગુજરાતીના ૬૧ શિક્ષકો, અંગ્રેજીના ૬૦ શિક્ષકો, હિન્દીના ૩૩ ટીચર, સંસ્કૃતના ૨૦ ટીચર, પીટીના આઠ ટીચર કોમ્પ્યુટરના છ ટીચર અને ૧૮ ૧૪ ટીચરનો સમાવેશ થાય છે. જેમાં ટકાવારીની દ્રષ્ટિએ સેકન્ડરી સ્કુલ મેથ્સ સાયન્સ ના ટીચરો ૨૯% છે સેકન્ડરી સ્કૂલમાં એસએસ ના ટીચરો પાંચ ટકા છે સેકન્ડરી સ્કૂલમાં ગુજરાતી નથી ચરો ૨૦% છે અંગ્રેજીના ટીચરો ૧૯% છે હિન્દી નથી ચલો ૧૧% છે અને સંસ્કૃતના ટીચરો ૬ ટકા છે પી.ટી. અને કોમ્પ્યુટરના ટીચરો બે થી ત્રણ ટકામાં છે. આ દયનીય સ્થિતિને સુધારવું જોઈએ.

Higher Secondary School

કોષ્ટક–૩.૧૦ : છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.


| Maths | Physics | Chem. | Bio. | Guj. | Hindi | Sanskrit | Eng. | Statistics | Eco. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | 5 | 7 | 6 | 25 | 19 | 15 | 20 | 00 | 21 |

છોટાઉદેપુર જિલ્લાની હાયર સેકન્ડરી સ્કૂલમાં ગણિતના શિક્ષકો માત્ર ૧૨ છે. ફિઝિક્સના શિક્ષકો ૦૫ છે. કેમેસ્ટ્રીના શિક્ષકો ૦૭ છે. બાયોલોજીના શિક્ષકો ૦૬ છે. ગુજરાતીના શિક્ષકો ૨૫ છે. હિન્દી ના શિક્ષકો ૧૯ છે. સંસ્કૃતના ૧૫ છે. અંગ્રેજીના ૨૦ છે, અને અર્થશાસ્ત્રના ૨૧ છે.

કોષ્ટક–૩.૧૧: છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્બારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.

| S.S. | Psychology | Geology | Business Studies | Philosophy | P.T. | History | Other |
|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 6 | 0 | 2 | 3 | 7 | 13 |

એસએસ વિષયમાં ૦૩ છે. સાયકોલોજીના ૦૮ છે. જીઓલોજીના ૦૬ છે બિઝનેસ સ્ટડિઝમાં ૦૦ છે, ફિલોસોફી માં માત્ર ૦૨ શિક્ષકો છે. હિસ્ટ્રીમાં ૦૭ શિક્ષકો અને અન્ય ૧૩ શિક્ષકોની માહિતી મળેલ છે. આમ તો આ જિલ્લામાં ખૂબ સ્થિતિ છે કે મેચના ૧૨ ટીચર હોય અને ફિઝિક્સના પાંચ ટીચર હોય અને બાયોલોજીના છ ટ જ કમનશીબી છે કે મકાનો મજબૂત હોવા છતાં શિક્ષકોનો સ્ટાફ પૂરતો ન હોય તો વિદ્યાર્થીઓ ને પોતાને જિલ્લો છોડીને બીજા જિલ્લામાં મજબૂર થઈને અન્ય કોલોજોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે જોડાય છે.



## પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## તા. ૩૧–૮–૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા તથા મળવાપાત્ર શિક્ષકોની હકીકત દર્શાવતું શિક્ષક સેટઅપ રજીસ્ટર વર્ષ છોટાઉદેપુર છ્ત લ્લાનું ૨૦૨૧–૨૨નુ પ્રાથમિક માળખુ

કોષ્ટક–૩.૧૨: છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.

| ક્રમ | તાલુકાનું નામ | શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ધો. ૧થી ૫ | | | | | ધો. ૧થી ૫ ના કુલ વિદ્યાર્થીઓ | | | શિક્ષકોની વિગત | | મળવાપાત્ર મહેકમના સંદર્ભમાં | | શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા ધો. ૬ થી ૮ | | | ધો ૬થી ૮ના કુલ વિદ્યાર્થીઓ | | | શિક્ષકોની વિગત | | મળવાપાત્ર મહેકમના સંદર્ભમાં | | ધો. ૬થી ૭માં કામ કરતાં (ધો. ૧થી ૫ના શિક્ષકો) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધો.૧ | ધો.૨ | ધો.૩ | ધો.૪ | ધો.૫ | કુમાર | કન્યા | કુલ | મળવાપાત્ર શિક્ષકોનું | શાળામાં હાલ કામ કરતાં | શિક્ષક વધ | શિક્ષક ખાલી | ધો.૬ | ધો.૭ | ધો.૮ | કુમાર | કન્યા | કુલ | મળવાપાત્ર શિક્ષકોનું | શાળામાં હાલ કામ કરતાં | શિક્ષક વધ | શિક્ષક ખાલી–૨૧– | ગણિત/વિજ્ઞા | ભાષા | સામાજીક | ગણિત | ભાષા | સામાજીક |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૧ | જેતપુર પાવી | ૨૫૭૭ | ૨૨૦૬ | ૨૬૪૨ | ૨૫૪૧ | ૨૬૦૯ | ૬૨૭૬ | ૬૨૯૯ | ૧૨૫૭૫ | ૫૩૮ | ૫૨૧ | ૩ | ૨૦ | ૨૩૬૯ | ૨૨૦૦ | ૨૦૯૯ | ૩૫૨૮ | ૩૧૪૦ | ૬૬૬૮ | ૨૫૪ | ૨૦૯ | ૧ | ૪૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સંખેડા | ૧૪૧૮ | ૧૧૬૯ | ૧૪૪૯ | ૧૩૯૭ | ૧૩૮૯ | ૩૪૭૬ | ૩૩૪૬ | ૬૮૨૨ | ૪૦૧ | ૩૮૫ | ૦ | ૧૬ | ૯૮૭ | ૯૩૨ | ૭૭૩ | ૧૪૦૯ | ૧૨૮૩ | ૨૬૯૨ | ૧૨૯ | ૧૧૫ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કવાંટ | ૩૧૫૮ | ૨૯૦૨ | ૩૪૬૮ | ૩૫૫૧ | ૩૨૩૯ | ૮૨૦૫ | ૮૧૧૩ | ૧૬૩૧૮ | ૬૬૭ | ૬૪૦ | ૬ | ૩૩ | ૨૬૩૪ | ૨૪૪૦ | ૨૫૧૮ | ૪૦૮૯ | ૩૫૦૩ | ૭૫૯૨ | ૨૮૧ | ૨૩૮ | ૧ | ૪૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | નશવાડી | ૨૧૭૮ | ૧૯૬૪ | ૨૩૫૮ | ૨૪૧૩ | ૨૩૪૪ | ૫૭૮૦ | ૫૪૭૭ | ૧૧૨૫૭ | ૫૯૬ | ૫૫૨ | ૩ | ૪૭ | ૧૭૪૦ | ૧૬૪૧ | ૧૫૮૧ | ૨૮૩૯ | ૨૧૨૩ | ૪૯૬૨ | ૧૯૧ | ૧૫૩ | ૦ | ૩૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | છોટાઉદેપુર | ૩૭૮૪ | ૩૨૬૬ | ૪૦૩૩ | ૩૭૦૬ | ૩૬૧૯ | ૯૪૦૦ | ૯૦૦૮ | ૧૮૪૦૮ | ૭૩૧ | ૭૦૦ | ૬ | ૩૭ | ૨૭૯૮ | ૨૬૬૭ | ૨૬૦૯ | ૪૨૫૨ | ૩૮૨૨ | ૮૦૭૪ | ૩૩૪ | ૨૭૯ | ૧ | ૫૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | બોડેલી | ૨૨૦૫ | ૧૯૬૬ | ૨૨૯૬ | ૨૩૬૩ | ૨૩૩૨ | ૫૬૫૪ | ૫૫૦૮ | ૧૧૧૬૨ | ૫૪૫ | ૫૩૭ | ૫ | ૧૩ | ૨૧૮૯ | ૨૦૬૭ | ૧૮૭૯ | ૩૨૭૨ | ૨૯૬૩ | ૬૧૩૫ | ૨૪૫ | ૨૧૬ | ૦ | ૨૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | | ૧૫૩૨૦ | ૧૩૪૭૩ | ૧૬૨૪૬ | ૧૫૯૭૧ | ૧૫૫૩૨ | ૩૮૭૯૧ | ૩૭૭૫૧ | ૭૬૫૪૨ | ૩૪૭૮ | ૩૩૩૫ | ૨૩ | ૧૬૬ | ૧૨૭૧૭ | ૧૧૯૪૭ | ૧૧૪૫૯ | ૧૯૨૮૯ | ૧૬૮૩૪ | ૩૬૧૨૩ | ૧૪૩૪ | ૧૨૧૦ | ૩ | ૨૨૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**મંજુર મેહકમ** **૩૪૭૮ + ૧૪૩૪ = ૪૯૧૨ ભરાયેલ જગ્યા**

**૩૩૩૫ + ૧૨૧૦ = ૪૫૪૫**


**ખાલી જગ્યા ૩૬૭**


સ્ત્રોત– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો.

છોટાઉદેપુર જિલ્લાની પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માહિતી તારીખ ૩૧–૮–૨૦૨૧ ની સ્થિતિએ આ પ્રમાણે છે પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીની સંખ્યા તથા મળવા પાત્ર શિક્ષકોની હકીકત દર્શાવતો શિક્ષક રજીસ્ટર ૨૦૨૧–૨૨ નું તાલુકા વાર માહિતી દર્શાવતું પત્રક ૦૨ ની માહિતી આ પ્રમાણે છે.

ધોરણ એક થી પાંચ વિદ્યાર્થીઓની ટોટલ સંખ્યા આ પ્રમાણે છે. જેતપુર પાવી ૧૨,૫૭૫ વિદ્યાર્થીઓ, સંખેડામાં ૬,૮૨૨ વિદ્યાર્થીઓ, કવાંટમાં ૧૬,૩૧૮ વિદ્યાર્થીઓ નસવાડી ખાતે ૧૧,૨૫૭ વિદ્યાર્થીઓ, છોટાઉદેપુર ૧૮૪૦૮ વિદ્યાર્થીઓ, બોડેલી તાલુકામાં ૧૧૧૬૫ વિદ્યાર્થીઓ મળીને ૦૬ તાલુકાના કુલ ૭૬,૫૪૨ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે.

હવે મળવાપાત્ર શિક્ષકોનું મહેકમ ધોરણ એક થી પાંચ નું આ મુજબ હોવું જોઈએ પરંતુ તે પ્રમાણે શિક્ષકોની ઘટ વર્તાઈ રહી છે. ૫૩૮ શિક્ષકોનું મહેકમ છે પરંતુ હાલની સ્થિતિએ ૫૨૧ શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે. સંખેડામાં ૪૦૧ શિક્ષકોનું મહેકમ છે. પરંતુ ૩૮૫ શિક્ષકો હાલ કાર્યરત છે કવાંટ તાલુકામાં ૬૬૭ શિક્ષકોનું મહેકમ છે, ત્યાં ૬૪૦ ટીચરો કાર્યરત છે. નસવાડી ખાતે ૫૯૬ શિક્ષકોનું મહેકમ છે ત્યાં ૫૫૨ શિક્ષકો કાર્યરત છે છોટાઉદેપુર ખાતે ૭૩૧ શિક્ષકોનું મહેકમ છે, ત્યાં માત્ર ૭૦૦ ટીચરો કાર્યરત છે. બોડીલી ખાતે ૫૪૫ શિક્ષકોનું મહેકમ છે, ત્યાં ૫૩૭ શિક્ષકો કાર્યરત છે આમ ટોટલ ૩,૪૭૮ શિક્ષકોનું મહેકમ છે. એ છ તાલુકા નું થાય પરંતુ ૩૩,૩૫ શિક્ષકો હાલ શિક્ષણ કાર્ય કરી રહ્યા છે. આમ ૨૩ શિક્ષકો એવા છે જે વધમાં છે. કોલમ ૧૨–૧૧ પ્રમાણે મળવાપાત્ર મહત્તમના સંદર્ભમાં શિક્ષકની ખાલી જગ્યા ૧૬૬ ની છે. આ થઈ પ્રાથમિક શિક્ષણમાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યા જે અપૂર્તિ છે. તેને સત્વરે પૂર્ણ કરવું જોઈએ





. કોષ્ટક–૩.૧૩: છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક

. કોષ્ટક–૩.૧૪: છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.

આમ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ધોરણ છ થી આઠ માં પાવીજેતપુરમાં ૬૬૬૮ વિદ્યાર્થીઓ, સંખેડામાં ૨,૬૯૨ વિદ્યાર્થીઓ કવાટમાં ૭,૫૯૨ વિદ્યાર્થીઓ નસવાડી ખાતે ૪,૯૬૨ વિદ્યાર્થીઓ છોટાઉદેપુરમાં ૮૦૭૪ વિદ્યાર્થીઓ, બોડીલી ખાતે ૬૧૩૫ વિદ્યાર્થીઓ હાલ ભણી રહ્યા છે. આમ ધોરણ ૦૬ માં ૧૨,૧૭૦ ૧૭

વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ધોરણ સાતમાં ૧૧,૯૪૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ધોરણ આઠમાં ૧૧,૪૫૯ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે જેમાં કુમાર ૧૯,૨૮૯ છે જ્યારે કન્યા ૧૬,૮૩૪ નો આંકડો માહિતી દ્વારા મળેલ છે આમ કુલ ૩૬,૧૨૩ વિદ્યાર્થીઓ ધોરણ છ થી આઠમાં સમગ્ર જિલ્લામાં હાલ અભ્યાસ કરી રહ્યા છે.

કોષ્ટક–૩.૧૫: છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.




આમ સમગ્રજિલ્લામાં પ્રાથમિક સ્કૂલમાં મંજૂર મહેકમ ૩૪૭૮ + ૧૪૩૪ = ૪૯૧૨ નું છે પરંતુ આ સામે કાયમી ભરતી ૪,૫૪૫ ની થઈ છે. હજી પણ ૩,૬૭ જગ્યાઓ આજે પણ ખાલી છે. આ મંજુર મહેકમ નો સમયસર ભરતી પ્રક્રિયા ન કરવાની કારણે છોટાઉદેપુર જિલ્લામાં કંઈ કેટલાય એવા ગામોની સ્કૂલો મેં જોઈ છે જ્યાં એક જ ક્લાસમાં ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ ભણતા હોય અને માત્ર એક જ શિક્ષક તેમને બધાને ભણાવતો હોય તો આખો દિવસ એક થી ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ એક જ ક્લાસમાં બેસીને ભણે તો વિદ્યાર્થીઓની માનસિકતાનો ખૂબ જ માઈક્રો અભ્યાસ કરવાની જરૂ છે. આ ખૂબ મોટી સમસ્યાઓ ઊભી કરી શકે તેમ છે. હજી પણ જો આ દિશામાં નક્કરતાથી વિચારીને કોઈ કામ કરવામાં નહીં આવશે, તો ઘણા ખરા બાળકો પોતાની આવડત હોવા છતાં પણ એ જોઈએ એટલી શાળામાં રૂચિ પેદા નહીં કરી

શકે, પરિણામે જે નવી પેઢી આવનારા સમયમાં સામે આવે તે ખૂબ જ માનસિક તાની શિકાર બનીને આપણી સામે હશે એવી સ્થિતિનું નિર્માણ ન થાય તેની પણ કાળજી શિક્ષણ સંકુલે રાખવી જોઈએ.

## FRA-STATUS OF APPROVED AND REVIEW CLAIMS

**પ્રયોજનના વહીવટદારશ્રીની કચેરી, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર**

કોષ્ટક–૩.૧૬ઃ છોટાઉદેપુર જિલ્લા પ્રાયોજના આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.

| | | | | પત્રક–૧ વન અધિકાર હેઠળ માન્ય પુનઃસમિક્ષા અને પડતર દાવાની સ્થિતિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. | જીલ્લા | મળેલ દાવા | માન્ય દાવા | તા. ૩૧–૧–૨૦૨૨ની સ્થિતીએ પુનઃ સમિક્ષા હેઠળ દાવા | | પુનઃ સમિક્ષા પડતર દાવા | | રિમાર્કસ | |
| | | | | | **FRC** સ્તરે | **SDLC** સ્તરે | **DLC** સ્તરે | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | |
| ૧ | છોટાઉદેપુર | ૧૭૫૫૭ | ૬૬૭૧ | ૧૦૮૮૬ | 0 | ૧૦૮૮૬ | 0 | | |
| | કુલ | ૧૭૫૫૭ | ૬૬૭૧ | ૧૦૮૮૬ | 0 | ૧૦૮૮૬ | 0 | | |

પ્રયોજનના વહીવટદાર શ્રી ની કચેરી છોટાઉદેપુર દ્વારા FRA વન અધિકાર હેઠળ માન્ય પુનઃ સમીક્ષા અને પડતર દાવાની સ્થિતિ તારીખ ૩૧–૧–૨૦૨૨ ની સ્થિતિએ પુનઃસમીક્ષા હેઠળ દાવા જે આ વન અધિકાર હેઠળ મળેલા દાવા ૧૭,૫૫૭ તેમાથી ૬૬૭૧ દાવા માન્ય રાખી તારીખ ૩૧ ૧ ૨૦૨૨ ની સ્થિતિએ પુનઃસમીક્ષા હેઠળના દાવા ૧૦૮૮૬ FRC સ્તરે ૦ અ SDLC સ્તરે અને ૧૦૮૬૬ **DLC** સ્તરે ૮ અને રિમાર્ક ૯ સાથે પત્રક ૦૨ મા દાવાની જંગલ જમીન અને સરકારશ્રી દ્વારા મળવા પાત્ર જમીનનો હિસ્સાની આંકડાકીય માહિતી આપેલ છે.


કોષ્ટક–૩.૧૭ઃ છોટાઉદેપુર જિલ્લા પ્રાયોજના આધિકારી દ્વારા મળેલ વિગત દર્શાવતુ કોષ્ટક.

| | | | | પત્રક–૨ | | | | | | જમીન માપણીની સ્થિતિ (તા. ૩૧–૧–૨૦૨૨ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. | જીલ્લા | અત્યાર સુધી કુલ માન્ય દાવા | માન્ય જમીન (હે.) | તા. ૩૧–૮–૨૦૨૧ની સ્થિતીએ જમીન માપણી **(N.K. Builders)** | | નવે. ૨૦૧૪ પછી વર્તમાન ટેન્ડર હેઠળની નવી એજન્સીઓ દ્વારા જમીન માપણી | | કુલ જમીન માપણી | | જમીન માપણી બાકી | |
| | | | | લાભાર્થીની સંખ્યા | માપણી જમીન | લાભાર્થીની સંખ્યા | માપણી જમીન | લાભાર્થીની સંખ્યા | માપણી જમીન (હેક્ટર) | લાભાર્થીની સંખ્યા | માપણી જમીન (હેક્ટર) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ (૫+૭) | ૧૦ (૬+૮) | ૧૧(=૩–૫–૭) | ૧૨ (=૪–૬–૮) |
| ૧ | છોટાઉદેપુર | ૬૬૭૧ | ૪૧૬૦.૦૨ | ૫૩૨૨ | ૩૩૫૬.૬૩ | ૫૩૨૨ | ૩૩૫૬.૬૩ | ૫૩૨૨ | ૩૩૫૬.૬૩ | ૧૩૪૯ | ૭૯૮.૩૯ |
| | કુલ | ૬૬૭૧ | ૪૧૬૦.૦૨ | ૫૩૨૨ | ૩૩૫૬.૬૩ | ૫૩૨૨ | ૩૩૫૬.૬૩ | ૫૩૨૨ | ૩૩૫૬.૬૩ | ૧૩૪૯ | ૭૯૮.૩૯ |

પત્રક ૨ મા તારીખ ૩૧–૮– ૨૦૨૧ ની સ્થિતિએ જમીન માપણી અત્યાર સુધી કુલ માન્યતા ૬૬૭૧ માન્ય જમીન હેક્ટર આરે ૪૧૬૦.૦૨ લાભાર્થી ની સંખ્યા ૫,૩૨૨ માપણી ની જમીન ૩,૩૫૬.૬૩ લાભાર્થી ની સંખ્યા ૫૩૨૨ માપની જમીન ૩,૩૫૬.૬૩ લાભાર્થી ની સંખ્યા ૫૩૨૨ જમીન માપણી હેક્ટર આરે ૩૩૫૬.૬૩ લાભાર્થી ની સંખ્યા ૧૩૪૯ માપની જમીન આરે ૭૮૯.૩૯ આ જંગલની જમીન છે ફોરેસ્ટ એક્ટ ૨૦૦૬ ની જોગવાઈ હેઠળ જે જમીન ખેડતા હતા એ આદિવાસી એ ખેડૂતોને પાછી જમીન આપવાનું કાનૂન સરકારે પારિત કર્યો છે. એમાંથી આ કોષ્ટક પ્રમાણે જિલ્લામાં જમીન ફાળવણી ની પ્રક્રિયા હાલ શરૂ થઈ છે પરંતુ આની જગ્યાએ કોઈના નામમાં મિસ્ટેક થઈ હોય તેવા કેસોની પારદર્શકતા રાખી જરૂરિયાત મંદ વર્ષો થી પોતાની જમીન તરીકે ખેતી કરતા ગરીબ પરિવારોને એના મહેનતની ખેડેલી જમીન પાછી મળે એવા પ્રયત્નો થશે.

*સ્ત્રોત– અધિક્ષકશ્રી જનરલ હોસ્પિટલ આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો*

| | SICKLECELL ANEMIA CONTROL PROGRAMME BLOCK WISE TOTAL SCREENING ACTIVITY DISTRICT CHHOTAUDEPUR | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **Taluka** | **Population** | **Total Screening** | **%** | **Sickle Cell Positive** | **%** | **Trait** | **%** | **Disease** | **%** | **Nagative** | **%** |
| Chhotaudepur | 237305 | 235113 | 99.08 | 24786 | 10.54 | 23354 | 9.9 | 1432 | 0.6 | 210327 | 89.46 |
| Pavi Jetpur | 195923 | 193909 | 98.97 | 21811 | 11.25 | 20471 | 10.6 | 1340 | 0.7 | 172098 | 88.75 |
| Kawant | 228722 | 220450 | 96 | 21671 | 10 | 20149 | 9 | 1522 | 1 | 198779 | 90 |
| Naswadi | 169299 | 147906 | 87.36 | 18914 | 12.79 | 14059 | 9.5 | 1136 | 0.8 | 128992 | 87.21 |
| Sankheda | 115395 | 67692 | 58.66 | 3042 | 4.49 | 2872 | 4.2 | 170 | 0.3 | 64650 | 95.51 |
| Bodeli | 201266 | 141973 | 70.54 | 11960 | 8.42 | 11470 | 8.1 | 490 | 0.3 | 130013 | 91.58 |
| **Total** | **1147910** | **1007043** | **87.73** | **102184** | **10.15** | **92375** | **9.2** | **6090** | **0.6** | **904859** | **89.85** |




છોટાઉદેપુર જિલ્લામાં સિકલસેલના દર્દીઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોવા મળે છે. ઉપરોક્ત કોષ્ટક છે એ છોટાઉદેપુર જનરલ હોસ્પિટલ દ્વારા મેળવેલ છે. તેમાં છોટાઉદેપુરમાં જિલ્લામાં ૨,૩૭,૩૦૫ ની જન સંખ્યા છે તેમાં ટોટલ સ્ક્રિનિંગ થયું ત્યારે ૨,૩૫,૧૩ નું ટોટલ ૯૯ પોઇન્ટ આઠ ટકા સ્કેનિંગ થયું જેમાં ૨૪,૭૮૬ સિકલ સેલના પોઝિટિવ કેસ જોવા મળ્યા હતા. તે ટોટલ જન સંખ્યાથી ૧૦.૫૪% જેટલું છે એમાં ટ્રાઈટ ૨૩,૩૫૪ અને ધીસ ઈસ ૧૪૩૨ નો આંકડો મળેલ છે. આમ ટોટલ જનસંખ્યામાંથી ૨,૧૦,૩૨૭ નેગેટીવ થયા.

મહત્વની વાતતો એ છે કે સિકલસેલના દર્દીઓની આ જિલ્લામાં ખૂબ મોટી સંખ્યા છે પરંતુ સમય સર ટેસ્ટીંગ થતાં નથી પરિણામે ઘણા ખરા યુવાનો સિકલસેલનો ભોગ બન્યા છે. આ દર્દની જાગૃતિમાટે સેરી નાટકો દ્વારા પ્રચાર પ્રસાર થવો જોઈએ.


**જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર ખાતેનો છેલ્લા પાંચ વર્ષના એઇડ્સના દર્દીઓની માહિતી**

| અ.નં. | વર્ષ | એઇડ્સના દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૭ | ૧૩ |
| ૨ | ૨૦૧૮ | ૦૯ |
| ૩ | ૨૦૧૯ | ૧૮ |
| ૪ | ૨૦૨૦ | ૦૮ |
| ૫ | ૨૦૨૧ | ૦૬ |
| | કુલ | ૫૪ |

સ્ત્રોત– અધિક્ષકશ્રી જનરલ હોસ્પિટલ આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો

જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર ખાતેના છેલ્લા પાંચ વર્ષના એડ્સ ના દર્દીઓની માહિતી આ મુજબ છે. ૨૦૧૭ માં ૧૩ કેસ,૨૦૧૮ માં નવું કેસ, ૨૦૧૯ માં ૧૮, ૨૦૨૦ માં આઠ કેસ અને ૨૦૨૧ માં ૬ કેસ જોવા મળ્યા છે.

મહત્વની વાતતો એ છે કે એડ્સ દર્દીઓની આ જિલ્લામાં ખૂબ મોટી સંખ્યા વધતાં પહેલા તેના માટેના ચોક્કર પગલા લઈ દર્દીનું અન્ય વ્યકિત સાથેના સંબંધો પર ધ્યાન રાખવામાં આવે. પરિણામે ઘણા ખરા યુવાનો યુવતીઓ તેનો ભોગ બન્યા છે. આ દર્દની જાગૃતિમાટે સેરી નાટકો દ્વારા પ્રચાર પ્રસાર થવો જોઈએ.




**જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર ખાતેનો છેલ્લા પાંચ વર્ષના સિકલસેલના દર્દીઓની માહિતી**

| અ.નં. | વર્ષ | સિકલસેલના દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૭ | ૪૪૮ |
| ૨ | ૨૦૧૮ | ૫૧૧ |
| ૩ | ૨૦૧૯ | ૬૧૮ |
| ૪ | ૨૦૨૦ | ૪૨૯ |
| | | |
| ૫ | ૨૦૨૧ | ૫૯૯ |
| | કુલ | ૨૬૦૫ |

સ્ત્રોત– અધિક્ષકશ્રી જનરલ હોસ્પિટલ આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો

છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી દર્દીઓની માહિતી આ મુજબ મળી છે. ૨૦૧૭ માં ૪૪૮, ૨૦૧૮ માં ૫૧૧, ૨૦૧૯ માં ૬૧૮,  ૨૦૨૦ માં ૪૨૯ થયા અને ૨૦૨૧ માં ૫૯૯ એમ કુલ મળીને ૨૬૦૫ સિકલ સેલના દર્દીઓ છોટાઉદેપુર જિલ્લામાં છે.

સ્ત્રોત– અધિક્ષકશ્રી જનરલ હોસ્પિટલ આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો



છોટાઉદેપુરની જિલ્લાની જનરલ હોસ્પિટલની આરોગ્યલક્ષી સેવાઓની સ્થિતિ ખૂબ દયનીય છે. વડોદરાથી ૧૦૫ કી.મી. પૂર્વમાં મધ્યપ્રદેશની બોર્ડરનો છેલ્લો જિલ્લો ૨૦૧૩ થી નવનિર્મિત થયો પરંતુ અપુરતી આરોગ્ય સેવાઓને લીધે ખૂબ મોટી સંખ્યામાં આ વિસ્તારના આદિવાસીઓ ઇમરજન્સીમાં વડોદરા પહૂચતા પહેલા એડધે રસ્તેથી અત્યાર સુધીમાં કેટલાય દર્દીઓ મોતને ભેટી પાછા વળ્યા હશે. અત્યાર સુધી આ સૌથી મોટી જિલ્લા લેવલની હોસ્પિટલમાં સી.ટી. સ્કેન મશીન નથી, એમ.આર.આઈ મશીન નથી. આરોગ્યલક્ષી પ્રાથમિક સવલતો અપૂરતી હોવાથી તેમજ અંતરિયાળ ગામોમાં કર્મચારીઓની નિયમ મુજબ ભરતી કરેલ નથી. મુખ્ય ડોક્ટરોતો નથી.

| અ.નં. | માહીતીનો પ્રકાર | જવાબ |
|---|---|---|
| ૧ | ડૉક્ટર્સ સહીત તમામ સ્ટાફની સંખ્યા | પત્રક સામેલ છે. |
| ૨ | સી.ટી. સ્કેન મશીન | ઉપલબ્ધ નથી. |
| ૩ | એમ.આર.આઇ. મશીન | ઉપલબ્ધ નથી. |
| ૪ | સિકલસેલ દર્દીઓની સંખ્યા | પત્રક સામેલ છે. |
| ૫ | એઇડ્સના દર્દીઓની સંખ્યા | પત્રક સામેલ છે. |

જ પરંતુ બાકીનો જરૂરી સ્ટાફ પણ હંગામી ધોરણે નિમણૂંક આપી કામગીરી ચલાવી રહ્યાં છે તે આ વિસ્તારના જન સમુદાયો પ્રત્યેની સેવાની ભાવના પૂર્તિ થતી નથી.

**જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર ખાતે અધિકારીઓ/કર્મચારીઓનું**
**મંજૂર મહેકમ ડીસેમ્બર–૨૦૨૧ અંતિત**

સ્ત્રોત– અધિક્ષકશ્રી જનરલ હોસ્પિટલ
આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો

છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્યની સુવિધામાં માત્ર સામાન્ય રોગોનું નિદાન થાય છે. પૂર્વ પટ્ટીનો સૌથી મોટો જિલ્લો પરંતુ ઇમરજન્સીમાં વડોદરા સુધી લાંબા થવા શિવાય કોઈ જ વિકલ્પ નથી. આઝાદીના ૭૫ વર્ષે પણ ડોક્ટરોનો પૂરતો સ્ટાફ નથી.

મેડિકલ સાધન સામગ્રીનો આભવ, અને જો સાધન વસાવ્યા તો ચલાવનારાં એક્ષપર્ટનો અભાવ, મોઘા મશીનો ધૂળ ખાય છે. હજી સુધી સી.ટી. સ્કેન મશીન નથી. ૧૦–૧૨ કી.મી ના અંતરે આવેલા PHC. CHC સેન્ટરોમાં ડોક્ટરો નો અભાવ જોવા મળે છે. આરોગ્ય સુવિધામાં વસ્તીના આધારે મરીજને સેવા મળી રહે તે મહત્વનું છે. દરેક સેંટરોમાં પૂર્ણ સમયના અધિકૃત ડોક્ટરોની નિમણૂક કરવી જોઇએ.

સરકારી હોસ્પિટલ સવલતો

જનરલ હોસ્પિટલ સ્ત્રોત– અધિક્ષકશ્રી આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો

| અ.નં. | મંજૂર જગ્યાનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ખાલી હોય તો કઇ તારીખથી ખાલી | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સી.ડી.એમ.ઓ/અધિક્ષક | ૧ | 0 | ૧ | ૨૨–૪–૨૦૧૦ | | |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | 0 | ૧ | ૩૦–૬–૨૦૧૦ | | |
| ૩ | ફીઝીશીયન | ૧ | 0 | ૧ | ૩૧–૩–૨૦૨૧ | | |
| ૪ | જનરલ સર્જન | ૧ | 0 | ૧ | ૨૯–૧૦–૨૦૧૪ | | |
| ૫ | સ્ત્રી રોગ નિષ્ણાંત | ૧ | 0 | ૧ | ૨૯–૧૦–૨૦૧૪ | | |
| ૬ | એનેસ્થેટીસ્ટ | ૧ | 0 | ૧ | ૨૯–૧૦–૨૦૧૪ | NHMમાં ભરેલ છે. | |
| ૭ | બાળરોગ નિષ્ણાંત | ૧ | 0 | ૧ | ૨૯–૧૦–૨૦૧૪ | | |
| ૮ | નેત્ર સર્જન | ૧ | ૧ | 0 | ૨૯–૧૦–૨૦૧૪ | | |
| | **કુલ** | **૮** | **૧** | **૭** | | | |
| | | | **પી. પી. યુનિટ** | | | | |
| ૧ | સ્ત્રી રોગ નિષ્ણાંત | ૧ | 0 | ૧ | ૩૧–૮–૨૦૦૯ | NHMમાં ભરેલ છે. | |
| ૨ | બાળરોગ નિષ્ણાંત | ૧ | 0 | ૧ | ૧૫–૭–૨૦૧૭ | પ્રતિનિયુક્તિ | |
| | **કુલ** | **૨** | **0** | **૨** | | | |
| | | | **એસ.એન.સી.યુ. વિભાગ** | | | | |
| ૧ | બાળરોગ નિષ્ણાંત | ૧ | 0 | ૧ | ૧૫–૭–૨૦૧૭ | NHMમાં ભરેલ છે. | |
| | **કુલ** | **૧** | **0** | **૧** | | | |
| | | | **વર્ગ –૨** | | | | |
| ૧ | તબીબી અધિકારી | ૫ | ૫ | 0 | | | |
| ૨ | વહીવટી અધિકારી | ૧ | ૧ | 0 | | | |
| | **કુલ** | **૬** | **૬** | **0** | | | |
| | | | **એસ.એન.સી.યુ. વિભાગ** | | | | |
| ૧ | તબીબી અધિકારી | ૩ | ૨ | ૧ | ૨૯–૧૦– | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૨૦૧૪ | | |
| | **કુલ** | **૩** | **૨** | **૧** | | | |
| **વર્ગ–૩** | | | | | | | |
| ૧ | આસિ. નર્સિંગ સુપ્રિ. | ૧ | ૦ | ૧ | ૩૦–૪–૨૦૧૯ | | |
| ૨ | હેડ નર્સ | ૪ | ૩ | ૧ | | | |
| ૩ | સ્ટાફ નર્સ | ૨૦ | ૨૦ | ૦ | | | |
| ૪ | નર્સ પ્રેક્ટીશ્નર | ૨ | ૨ | ૦ | | | |
| ૫ | કચેરી અધિક્ષક | ૧ | ૧ | ૦ | | | |
| ૬ | સીની. આસિસ્ટન્ટ | ૨ | ૦ | ૨ | ૨૩–૬–૨૦૧૪ | | |
| ૭ | સિનિયર ક્લાર્ક | ૨ | ૦ | ૨ | | | |
| ૮ | જુનિયર ક્લાર્ક | ૨ | ૦ | ૨ | | | |
| ૯ | લેબ ટેક્નીશીયન | ૨ | ૧ | ૧ | | | |
| ૧૦ | સિની. ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | ૩૧–૧૦–૨૦૨૦ | | |
| ૧૧ | જુ. ફાર્માસીસ્ટ | ૩ | ૧ | ૨ | | | |
| ૧૨ | એક્ષ–રે ટેક્નીશીયન | ૧ | ૦ | ૧ | | | |
| ૧૩ | એક્ષ–રે આસિ. | ૧ | ૦ | ૧ | | | |
| ૧૪ | ઓપ્થલ આસિ. | ૧ | ૧ | ૦ | | | |
| ૧૫ | ઈલેક્ટ્રીશીયન | ૧ | ૦ | ૧ | | | |
| ૧૬ | પ્લમ્બર | ૧ | ૦ | ૧ | | | |
| ૧૭ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | | | |

| **અ.નં.** | **મંજૂર જગ્યાનું નામ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **ખાલી હોય તો કઇ તારીખથી ખાલી** | | **રીમાર્કસ** |
|---|---|---|---|---|---|---|---|
| | **કુલ** | **૪૬** | **૩૦** | **૧૬** | | | |
| **પી. પી. યુનિટ વિભાગ વર્ગ–૩** | | | | | | | |
| ૧ | સિનિયર ક્લાર્ક | ૧ | ૦ | ૧ | | | |
| ૨ | સ્ટાફ નર્સ | ૧ | ૧ | ૦ | | | |
| ૩ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | | | |
| ૪ | લેબ ટેક્નીશીયન | ૧ | ૦ | ૧ | | | |
| ૫ | હેલ્થ વિઝીટર | ૧ | ૦ | ૧ | | | |
| ૬ | એ.એન.એમ. | ૧ | ૦ | ૧ | | | |
| | **કુલ** | **૬** | **૨** | **૪** | | | |
| **ઓર્થોપેડિક વિભાગ** | | | | | | | |
| ૧ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **કુલ** | **૧** | **૧** | **0** | | | |
| **એસ.એન.સી.યુ. વિભાગ** | | | | | | | |
| ૧ | સ્ટાફ નર્સ | ૬ | ૬ | 0 | | | |
| | **કુલ** | **૬** | **૬** | **0** | | | |
| વર્ગ–૪ | | | | | | | |
| ૧ | ડ્રેસર | ૨ | 0 | ૨ | ૩૦–૬–૨૦૧૫ | | |
| ૨ | પટાવાળા | ૧ | ૧ | 0 | | | |
| ૩ | વોર્ડ બોય | ૩ | 0 | ૩ | ૧–૨–૨૦૧૮<br>૨૯–૨–૨૦૧૬ | | |
| ૪ | ધોબી | ૧ | 0 | ૧ | | | |
| ૫ | સ્વીપર | ૮ | ૧ | ૮ | | | |
| ૬ | રાત્રી ચોકીદાર | ૧ | 0 | ૧ | | | |
| ૭ | રસોઈયા | ૧ | 0 | ૧ | | | |
| ૮ | મદદનીશ રસોઈયા | ૧ | 0 | ૧ | | | |
| ૯ | લેબ ઓ.ટી. એટેન્ડન્ટ | ૧ | 0 | ૧ | | | |
| ૧૦ | બાર્બર | ૧ | ૧ | 0 | ૧–૧૨–૨૦૦૮ | | |
| ૧૧ | વર્ગ–૪ કર્મચારી | ૧૧ | ૧ | ૧૦ | | | |
| ૧૨ | પાણીવાળા | ૧ | ૧ | 0 | | | |
| | કુલ | ૩૨ | ૫ | ૨૮ | | | |
| **નોંધ : વર્ગ–૪ની ખાલી જગ્યા આઉટસોર્સથી ભરી કામગીરી લેવામાં આવે છે.** | | | | | | | |
| **પી. પી. યુનિટ** | | | | | | | |
| ૧ | ઓટી. અટેન્ડન્ટ | ૧ | ૧ | 0 | ૩૧–૧૦–૨૦૨૦ | | |
| | **કુલ** | **૧** | **૧** | **0** | | | |
| | **કુલ સરવાળો** | **૧૧૪** | **૬૨** | **૫૩** | | | |

આંકડાકીય માહિતી, છોટાઉદેપુર જિલ્લો. સ્ત્રોત– અધિક્ષકશ્રી જનરલ હોસ્પિટલ

ઉપરોક્ત કોષ્ટક જોતા પહેલી નજરે જ આરોગ્યની સુવિધામાં ઉણપ જણાય છે. આખા જિલ્લામાં માત્ર ત્રણ હોસ્પિટલ છે. તાલુકા પ્રમાણે એક હોસ્પિટલ હોવી જરૂરી છે. ડેડિયાપાડા જેવા વિસ્તારમાં એરિયા મોટો હોવાથી એમાં એકથી વધું હોસ્પીટલ હોવી જોઈએ. હાલની સ્થિતિએ જોઈએ તો જિલ્લામાં બે લાખની વસતિએ એક હોસ્પિટલ છે. આરોગ્ય સુવિધામાં વસતિની સંખ્યા કરતા પણ અંતર મહત્વનું હોવું જોઈએ. દરેક નાગરિકને કેટલા અંતરે આરોગ્યની સુવિધા મળી રહે છે. તે અગત્યનું છે. આથી તાલુકા કે વસતિને ધ્યાનમાં રાખી અંતર પ્રમાણે સુવિધા ઊભી કરવી જોઈએ. નજીક સુવિધાઓ પ્રાપ્ત ન થવાના કારણે દર્દી ક્યાંક તો મોતને ભેટે છે. અથવા ખાનગી દવાખાનાઓનો ભોગ ભને છે. પેટા આરોગ્ય કેન્દ્રમાં તો નિશ્ચિત દિવસે જ સુવિધા ઉપલબ્ધ થતી હોવાથી એને આરોગ્યની સુવિધામાં કેટલું ઉપયોગી બને છે. તે અંગે એકવાર ફરી

મૂલ્યાંકન કરવું જોઈએ. નાગરીક મોટા ભાગે હોસ્પીટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર જ આધાર રાખે છે. આદિવાસી વિસ્તારમાં આર્યુવેદિક દવાખાનાઓને વધું પ્રોત્સાહન આપી શકાય. એમાં સ્થાનિક આદિવાસી જ્ઞાનનો પણ લાભ લઈ શકાય. ઘણાં ખરા આદિવાસી વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની મુશ્કેલી છે. જેથી ૧૦૮ની સુવિધાનો લાભ લઈ શકતા નથી. જ્યાં નેટવર્કની વ્યવસ્થા નથી ત્યાં મોબાઈલ ટાવર અંગે અથવા વૈકલ્પિક વ્યવસ્થા વિચારી શકાય. છોટાઉદેપુર જિલ્લામાં કેટલાક ગામોમાં જંગલખાતા સાથે મળી નેટવર્ક વગરના ગામોમાં વોકી–ટોકી દ્વારા સંપર્ક કરી સ્થાનિક લેવલે અલગ ગાડીઓની વ્યવસ્થા કરી ૧૦૮ એમ્બ્યુલન્સ સુધી પહોચાડવામાં આવે છે. એ સારી વ્યવસ્થા છે. પરંતું હજી તેને વધુ સુઘડ બનાવવા માટે સારાં રસ્તા હોવા જોઈએ. આવા ઊડાણના વિસ્તારમાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ રાખી તેને વોકી–ટોકીથી કનેક્ટ રાખવી જોઈએ. જેથી દરદીને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી શકે અને માનવ સેવાની સહાનુભૂતિ દાખવી રાષ્ટ્રપ્રેમ વધારવાના પ્રયોસો થવા જોઈએ.

**બાળકોના વિકાસ માટે આવેલ ગ્રાન્ટની માહિતી**
**નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭** (રકમ રૂા. લાખમાં)

| ક્રમ નં. | યોજનાનું નામ | વર્ષ દરમ્યાન આવેલ કુલ ગ્રાન્ટ | વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ | વર્ષાન્તે રહેલ બચત (જે આગળના વર્ષે લઈ ગયા) | વર્ષ દરમ્યાન કુલ લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગરમ નાસ્તો, સુખડી, મારી–મસાલો, ચણા–તુવેર દાળ વગેરે | ૬,૦૯,૪૮,૦૦૦/– | ૨,૭૯,૭૬,૩૩૭/– | ૩૨૯૭૧૬૬૩/– | ૪૩૯૦૦ | |

બાળકોના વિકાસ માટે આવેલ ગ્રાન્ટની માહિતી
નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮
(રકમ રૂા. લાખમાં)

| ક્રમ નં. | યોજનાનું નામ | વર્ષ દરમ્યાન આવેલ કુલ ગ્રાન્ટ | વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ | વર્ષાન્તે રહેલ બચત (જે આગળના વર્ષે લઈ ગયા) | વર્ષ દરમ્યાન કુલ લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગરમ નાસ્તો, સુખડી, મારી–મસાલો, ચણા–તુવેર દાળ વગેરે | ૭૫૯૬૫૦૦૦/– | ૩,૦૫,૧૮,૭૧૬/– | ૪૫૪૪૬૨૮૪/– | ૪૨૩૭૭ | |

બાળકોના વિકાસ માટે આવેલ ગ્રાન્ટની માહિતી
નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ (રકમ રૂા. લાખમાં)

| ક્રમ નં. | યોજનાનું નામ | વર્ષ દરમ્યાન આવેલ કુલ ગ્રાન્ટ | વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ | વર્ષાન્તે રહેલ બચત (જે આગળના વર્ષે લઈ ગયા) | વર્ષ દરમ્યાન કુલ લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગરમ નાસ્તો, સુખડી, મારી–મસાલો, ચણા–તુવેર દાળ વગેરે | ૪૯૪૪૬૦૦૦/– | ૨,૫૪,૦૫,૧૦૪/– | ૨૪૦૪૦૮૯૬/– | ૩૯૧૭૧ | |

| બાળકોના વિકાસ માટે આવેલ ગ્રાન્ટની માહિતી<br>નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦<br>(રકમ રૂા. લાખમાં) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | યોજનાનું નામ | વર્ષ દરમ્યાન આવેલ કુલ ગ્રાન્ટ | વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ | વર્ષાન્તે રહેલ બચત (જે આગળના વર્ષે લઈ ગયા) | વર્ષ દરમ્યાન કુલ લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
| ૧. | ગરમ નાસ્તો, સુખડી, મારી–મસાલો, ચણા–તુવેર દાળ વગેરે | ૪૯૫૨૯૦૦૦/– | ૩,૧૫,૪૫,૦૧૩/– | ૧૭૯૮૩૯૮૭/– | ૩૮૧૨૩ | |

| બાળકોના વિકાસ માટે આવેલ ગ્રાન્ટની માહિતી<br>નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧<br>(રકમ રૂા. લાખમાં) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | યોજનાનું નામ | વર્ષ દરમ્યાન આવેલ કુલ ગ્રાન્ટ | વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ | વર્ષાન્તે રહેલ બચત (જે આગળના વર્ષે લઈ ગયા) | વર્ષ દરમ્યાન કુલ લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
| ૧. | ગરમ નાસ્તો, સુખડી, મારી–મસાલો, ચણા–તુવેર દાળ વગેરે | ૫૨૫૬૯૦૦૦/– | ૩,૯૧,૬૯,૪૨૦/– | ૧૩૩૯૯૫૮૦/– | ૩૦૬૬૭ | |

છોટાઉદેપુર જિલ્લામાં ICDS દ્વારા બાળકોના વિકાસ માટે આવેલ ગ્રન્ટ્સ ની માહિતી નાણાકીય વર્ષ પ્રમાણે આ મુજબ છે સૌપ્રથમ ૨૦૧૬ ૧૭ ની આવેલ ગ્રાન્ટ વિશે આપણે જોઈશું ૨૦૧૬–૧૭ માં બસ દરમિયાન આવેલ કુલ ગ્રન્ટ્સ ગ્રાન્ટ ૬,૦૯,૪૮,૦૦૦/– એ વર્ષ દરમિયાન થયેલ ખર્ચો ૨,૭૯,૭૬,૩૩૭/– છે અને એમાંથી જે બચત થઈ છે એ ૩૨૯૭૧૬૬૩/– રૂપિયા ની બચત થઈ છે એની સામે લાભાર્થીઓ એટલે કે બાળકોની સંખ્યા ૪૩૯૦૦ હતી.

૨૦૧૭–૧૮ માં પણ ૭૫૯૬૫૦૦૦/– ની ગ્રાન્ટ મળેલ છે તેમાં આ યોજના દ્વારા બાળકોને ગરમ નાસ્તો સુખડી મારી મસાલો, ચણા દૂધ વગેરે આપવા છે અને એ વર્ષ દરમિયાન કુલ ખર્ચ ૩,૦૫,૧૮,૭૧૬/– રૂપિયાનો થયેલ છે બાકી બચેલા નાણા ૪૫૪૪૬૨૮૪/–રૂપિયા બચત છે આ વર્ષ દરમિયાન ૪૨,૩૭૭ બાળકોએ આ યોજનાનો લાભ લીધેલ છે

૨૦૧૮–૧૯ માં બાળકોના શારીરિક વિકાસ માટે આવેલ ગ્રન્ટ્સ ની માહિતી આ મુજબ છે વર્ષ દરમિયાન આવેલ કુલ ગ્રાન્ટ ૪૯૪૪૬૦૦૦/–મળેલ છે વર્ષ દરમિયાન થયેલ કુલ ખર્ચ ૨,૫૪,૦૫,૧૦૪/–છે. વર્ષ દરમિયાન બચત રકમ ૩૯૧૭૧ છે. એની સામે લાભાર્થીઓની સંખ્યા ૫૯,૧૭૧ ની રહેવા પામી છે આમ ૨૦૧૯–૨૦ માં પણ એટલી જ દાન છે ૨૦૨૧ ૨૨ માં પણ ૨૦–૨૧ માં પણ ખૂબ મોટા પેકેજ મળે છે આ જિલ્લાના બાળકો માટે પણ હજી સુધી પણ ગામડાના બાળકો બિલકુલ ખૂબ ઓછી છે તેના છોકરાઓ છોકરીઓ બન્યા છે આટલો કરોડો રૂપિયાની ગ્રાન્ટ ખરેખર જો આ બાળકો પાછળ ખસતી હોય તો કોઈ પણ બાળક પોષણ નો શિકાર ન બનવું જોઈએ અને ત્યાં આ યોજનાને લાગુ કરવામાં આ બાળકો સુધી પહોંચાડવામાં ક્યાં ક્યાં તકલીફ પડે છે ક્યાં ક્યાં મુશ્કેલી આવે છે એનો પણ એક અભ્યાસ થવો જોઈએ અને આટલા નાના પાલક બાળકો માટે ખર્ચાતા હોય તો બાળકોનું પણ ગ્રોથ લેવલ એમના હાઈ ક્યુટ ટેસ્ટ આ બધું વર્ષમાં એકાદ બે વખત થવું જોઈએ પરંતુ એવું કંઈ થતું નથી એના પરિણામે ગામડાનું પાંચ વર્ષનું બાળક સાત વર્ષ મુબારક એનો બુદ્ધિ આંક ખૂબ નબળો હોય છે એનો મૂળ કારણ છે કે એને પાયામાંથી કુપોષિત કરી દેવામાં આવે છે અને પછી આગળ જતા કંઈ પણ શકતું નથી અને મહેનત મજૂરી અને ખેતી કામના ધંધામાં કાં તો બહાર ખામી લાગી જાય છે આ પ્રકારની એક ખૂબ મોટી સંખ્યા પેદા થઈ રહી છે તો આ એક યોજના થતી કમસેકમ નવી પેઢીને ઉગાડી શકાય તેમ છે જો નક્કરથી નિયત થી આ કામ જો કરવામાં આવે કુપોષણ મા ખુબ મોટા પાયે પરિવર્તન આવી શકે.

———————— ———————— ————————

## પ્રકરણ ૪ – આદિવાસી વિકાસના ક્ષેત્રો (The Issues of Tribal Development)

### ૪.૧ પ્રસ્તાવના

છોટાઉદેપુર જિલ્લો પહેલા વડોદરામાં ગણાતો ત્યારે પણ અતિ–પછાત તરિકે ઓળખાતો હતો. ૧૫ ઓગસ્ટ ૨૦૧૩ ના રોજ નવા જિલ્લા તરિકે ઘોષણા કરવામાં આવી ત્યાર થી માંડીને ૨૦૨૨ સુધી વિકાસ ખૂબ ઝડપી થવા પામ્યો પરંતુ હજી આ જિલ્લાને પછાત તરિકે જ ઓળખવામાં આવે છે. આદિવાસીઓને સમાજના મુખ્યધારાથી દૂર રાખવાના વિવિધ કારણો છે. જેમકે રાજકીય સત્તાઓની દ્વારા ગુલામી, ઉપેક્ષા કે તશ્કરી, સામાજિક અસ્વિકાર્ય, શોષણ, દમણ, જેવા અનેક કારણોને લીધે આદિવાસીઓ મધ્ય ગુજરાતના પૂર્વ પટ્ટામાં છોટાઉદેપુર જિલ્લામાં છ (૬) તાલુકાઓ આવેલાં છે. આ વિસ્તાર પણ ડુંગરાળ અને વનરાજી વાળો છે. જો કે છોટાઉદેપુર જિલ્લામાં ૭૫,૭૦૪ હેક્ટરનો જંગલ વિસ્તાર છ અને તેમાં ડોલોમાઈટ, ફ્લોરાઈટ, ગ્રેનાઈટ અને રેતીનો ભંડાર છે જે તમામનું ખાણકામ કરવામાં આવે છે. આ જિલ્લો મોટા ડેરી ઉદ્યોગનું ઘર પણ છે. આ પ્રદેશમાં ખેતીલાયક સુલભ જમીન અંગે, અહી પણ એજ પરિસ્થિતિ પ્રવર્તે છે. કુલ ખેતી લાયક જમીનનો ફક્ત થોડોક જ વિસ્તાર સિંચાઈની સુવિધા ધરાવે છે. આ સમગ્ર પટ્ટો એકંદરે સમૃદ્ધ જિલ્લાઓમાં સ્થિત પછાત વિસ્તારનું એક વિશિષ્ટ ઉદાહરણરૂપ છે. જોકે છોટાઉદેપુર તાલુકામાં એક ફ્લોરસ્પાર યોજના શુરૂ કરવામાં આવી હતી, તે દુનિયાના સૌથી વધુ ફ્લોરસ્પાર જમા કરનારાંઓની એક છે. ખનીજ–ખાણોની કામગીરીઓએ નિમ્ન દરજ્જાની ખાસ તાલીમ કે આવડતની જરૂર એવી અણકસબી (**unskilled**) જગ્યાઓ માટેની રોજગારીની તક પૂરી પાડી છે. ઔદ્યોગિકરણની અસરોં અંગેના એક સંશોધન–અભ્યાસમાં જોવા મળ્યું હતું કે આ પ્રોજેક્ટમાં આદિવાસી મુખ્યત્વે ખાસ તાલીમ કે આવડત બિનજરૂરી હોય તેવી અણકસબી રોજગારી કરતા હતા. ૧ *(આદિવાસી વિકાસ દર્શન પેજ નં. ૧૨–૧૪ વિદ્યુત જોષી)*

છોટાઉદેપુર જિલ્લા આદિવાસીઓ બીજા બધા સમુદાયથી અલગ તરી આવે છે. તેનું કારણ તેમનું રહેઠાણનું સ્થાન, જીવનશૈલી અને સંસ્કૃતિ છે. આદિવાસી જીવનમાં જ્યાં સુધી સ્વતંત્રતા અને પરંપરાત જીવનશૈલી હતી, ત્યા સુધી ઓછામાં ઓછી મુશ્કેલીભર્યું સાદગીભર્યું જીવન જીવતા હતા. માલીકીપણાનો ભાવ ન હતો. એમની પાસે પુષ્કળ કુદરતી સંસાધન હતું. જીવજરૂરિયાતની તમામ સામગ્રી એમને કુદરત પાસેથી મળી રહેતી હતી. ધીરે ધીરે બાહ્ય લોકોના સંપર્કો વધતા ગયા તેમ તેમ તેમના જીવનમાં દખલગીરી પણ વધતી ગઈ. એમના જીવનનિર્વાહના શ્રોત પર બીજા સમુદાયોનું આક્રમણ વધતું ગયું. ધીરે ધીરે આદિવાસી સમુદાય પોતાના મૂળ જીવનનિર્વાહના પ્રદેશમાંથી વિસ્તાપિત થતો ગયો. સ્વતંત્રતા પહેલા અંગ્રેજો અને સ્વતંત્રતા પછી સરકારી નિતિ નિયમોના ભોગ આદિવાસી સમુદાય બનતો ગયો. આદિવાસોઓના જીવન વ્યવહારોને જોતા આદિવાસીઓનો વિકાસ જળ, જંગલ અને જમીનથી અલગ કરીને કરવો તે અશક્ય છે. જળ અને જમીન વગર જીવન જીવવુ એમને માન્ય પણ નથી. એમાં પણ એમની પાસે ઉપલબ્ધ પરંપરાગત કૌશલ્ય અને જ્ઞાનને પણ કામે લગાડી તેમની ઊર્જાનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. આધુનિક ટેકનોજીના નામે હાલ જે વિકાસ થઈ રહ્યો છે, તેમાં કુદરતી સંપત્તિને સૌથી વધારે નુકસાન થઈ રહ્યો છે. તેવા સંજોગોમાં આદિવાસીઓનો વિકાસ દિર્ઘ દૃષ્ટિપૂર્ણ હોય છે. પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધીને ધીરજ પૂર્વક પ્રકૃતિના તમામ તત્વોને પોતાના અભિન્ન અંગ માની આસ્થા જગાવી રહ્યા છે એ માત્ર પોતાના માટે નહીં પરંતુ સમગ્ર મસુદાયના તમામ જીવોના વિકાસ માટે જે ઊર્જા ખરચી રહ્યા છે, તેમના માટે નવો વિકલ્પ ઊભો કરવાની જરૂર છે.

### ૪.૧ આદિવાસીઓની ક્ષમતા અને ક્ષમતા નિર્માણની શક્યતા

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ ખૂબ મહેનતુ હોય છે. ભલે શારીરિક રીતે કુપોષણના ભોગ બન્યા હોય. મરચું ને રોટલો ક્યારેક ખાઈ લેતા હોય છે. પરંતું માનસિક રીતે તે ઘણાં મજબુત હોય છે. આથી

તે મહેનતવાળું કામ પણ લાંબા સમય સુધી કરી શકે છે. તેમની પાસે પરંપરાગત અનેક ક્ષમતાઓ છે. અને કેટલીય ક્ષણતાઓનું નિર્માણ કરવાની શક્યતા પણ તેમનામાં રહેલી છે. માટીમાંથી વિવિધ ચીજ વસ્તુઓ બનાવવાની ક્ષમતા, ઘરના બનાવટમાં વિવિધ લાકડાના શિલ્પ બનાવવાવાની ક્ષમતા, વાંસમાંથી વિવિધ જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવવાની ક્ષમતા, દોરીથી વણાટ કરી ખાટલો ભનાવવાની ક્ષમતા, સુથારી કામની ક્ષમતા, શિકારના સાધનો બનાવવાની ક્ષમતા, વિવિધ વાદ્યો બનાવવાની ક્ષમતા, ભરત કામની ક્ષમતા, દોરી–દોરડા ગૂથવાની ક્ષમતા, ચિત્ર દોરવાની ક્ષમતા, નૃત્ય – નાટ્ય કરવાની ક્ષમતા, સંગીતના પેહી–પેહો, મોટા ઢોલ વગાડવાની જેવા વાદ્યો વગાડવાની ક્ષમતા, ગીત ગાવાની ક્ષમતા, વિવિધ રમતો રમવાની ક્ષમતા, વિવિધ પ્રકારની રસોઈ કરવાની ક્ષમતા, વગેરે ક્ષમતાઓ એમની પાસે પરંપરાગત જોવા મળે છે. આ ક્ષમતાઓને તાલીમ આપી તેની ક્ષમતાઓમાં વધારો કરી શકાય એમ છે. અથવા તો એ ક્ષમતાઓ આધારીત અન્ય ક્ષમતાઓ તરફ તેને વાળી શકાય છે.

આદિવાસીઓ પાસે કેટલીક પરંપરાગત આવડત પણ છે. સૌ પ્રથમ તો એમની પાસે પરંપરાગત ખેતીની ટેકનોલોજી છે. કોઈપણ જાતના ઊર્જાનો ઉપયોગ કર્યા વગર સપાટ અને ઢોળાવવાળી જગ્યા પર ખેતી કરવાની ટેકનોલોજી તેમણે વિકસાવી છે. કોઈપણ જાતના ખેડ કર્યા વગર પણ કુદરતનો જ ઉપયોગ કરીને કારીગરી તેમણે હસ્તગત કરી છે. ચોમાસા શિયાળામાં ખેતરમાં ઉર્જાનો ઉપયોગ કર્યા વગર પાણી પીવડાવવાની ટેકનોજીની શોધ તેમણે કરી છે. ઉચાણવાળા પાણીના શ્રોતનો ઉપયોગ કરી નીચાળવાળા ખેતરોમાં નીક વાટે પાણી પીવડાવે છે. લાકડામાંથી ચાકડો બનાવી પાણી માટે ઊંડો ખાડો બનાવી ચાકડા દ્વારા પાણી પીવડાવવાની પદ્ધતિની શોધ કરી છે. શિકાર કરવાની વિવિધ ટેકનોલોજી શોધી છે. તિરકામઠાથી શિકાર, ફંદા દ્વારા શિકાર, જાળ દ્વારા શિકાર, માછલી પકડવા માટે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ– નદીનો આખો પ્રવાહ રોકી એક જ જગ્યાએથી પાણી પસાર કરી વાંસમાંથી બનાવેલ સાધન દ્વારા માછલી પકડવી, નદીનો કોઈ એક ભાગ પસંદ કરી તે ભાગમાં પાણી રોકી, તેભાગનું પાણી ઉલેચી માછલી પકડવી, ઝાડ–પાન–મૂળનો ઉપયોગ કરી માછલી પકડવી, આ ઉપરાંત માછલી પકડવા માટે વિવિધ પ્રકારના સાધનો બનાવી ઉપયોગ કરે છે. દારૂ બનાવવાની ટેકનોલોજીનો ઉપયોગ દવાઓ બનાવવામાં ઉપયોગી બને એમ છે. સુકાયેલા વાંસના બે ટૂકડામાંથી અગ્ની પ્રજવલિત કરવી, બે પથ્થરો ઘસી અગ્ની પ્રજવલિત કરવી, મહુડાની ડોળીમાંથી તેલ કાઠવું, મહુડાના ફૂલમાંથી દારૂ બનાવવું, વિવિધ વૃક્ષોના બીજમાંથી મશાલ બનાવવી, વગેરે ક્ષમતાઓ આદિવાસીના ઊર્જાશક્તિના નમૂના છે. ગીલોલ બનાવવી, ગોફણ બનાવવી એ પણ આદિવાસીની ટેકનોલોજીની શરૂઆતની અવસ્થા ઘણી શકાય. પરંપરાગત ઓષધનું જ્ઞાન પણ એમને નાનપણથી જ મળે છે.

ઉપરોક્ત બાબતો જોતા આદિવાસીઓ પાસે કેટલી બધી  ક્ષમતાઓ છે. એ ક્ષમતાઓને તાલીમ આપી જરૂરી સંશાધનો પુરા પાડી તેમની ક્ષમતામાં વધારો કરી શકાય છે. એમીની પરંપરાગત ક્ષમતાઓ જોતા એમનામાં ઓરોગ્ય સારવારલક્ષી ક્ષમતા, એન્જીનિયરને લગતી ક્ષમતા, આર્કિટેકને લગતી ક્ષમતા, કલાઓની ક્ષમતા, મેનેજમેન્ટની ક્ષમતા, શોધને લગતી ક્ષમતા, વગેરે ક્ષમતાઓ તેમનામાં નિર્માણ કરવાની પુરી ક્ષમતા રહેલી છે. એ માટે તેમને થોડુ શિક્ષણ અને તાલીમની આપવાની જરૂર છે. તેમની પાસે રહેલી પરંપરાગત ટેકનોલોજી અને કલાઓની ક્ષમતામાં વધારો કરી આદિવાસીઓના જીવનને વધું સુખમય બનાવી શકાય તેમ છે.

## ➢ ટીમરૂ અને પાન ઉદ્યોગ

છોટાઉદેપુર જિલ્લામાં ટીમરૂ તથા આસેતરાના પાન પુસ્કળ પ્રમાણમાં મળી રહે છે. આથી બીડી વાળવાના ઉદ્યોગને  પ્રોત્સાહન આપી શકાય તેમ છે. હાલમાં પણ ટીમરૂના પાન ભેગા કરવાનું કામ આદિવાસીઓ કરે જ છે. પરંતુ ફોરેસ્ટ વિભાગનો પૂરો દબદબો જોવા મળે છે. એમાં બદલાવ લાવવાની જરૂર છે. હાલમાં પાન તોડવાની અને ભેગા કરવાની માત્ર મજૂરી કરાવવામાં આવે છે. એની સાથે બીડી વાળવાનું કૌશલ્ય પણ એમનું વિકસાવવું જોઈએ. પાન તોડવાની મજુરીમાં એમનું શોષણ થાય છે. તેને અટકાવવા માટે બીડી બનાવવાના નાના યુનિટ એમને પુરા પાડવામાં આવેતો આદિવાસીઓ જાતે જ બીડી ઉદ્યોગને વિકસાવી શકે એ માટે બજાર પુરુ પાડવું જોઈએ. જેથી સ્થાનિક સમુદાયોને રોજગારી પણ મળી રહે અને શહેરોમાં સ્થાળાંતર પણ ન થવું પડે. પરિણામે આર્થિક સ્તર ઝડપથી ઊંચુ આવી શકે.

## ➢ દેશી મધ ઉદ્યોગ

જંગલ વિસ્તારમાં મધ પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે. આદિવાસીઓ સામાન્ય રીતે એ મધને ઉડાડી ખાતા હોય છે. મધ પણ જુદાજુદા પ્રકારના હોય છે. આદિવાસી એનાથી પરિચિત હોય છે. દરેક મધના સ્વાદ અને ગુણવત્તામાં પણ તફાવત હોય છે. હાલમાં જે મધ ઉછેર કેન્દ્રો ચાલે છે. એના જ કૌશલ્યનો ઉપયોગ કરી વનમાં મળતા મધમાંથી વધું ઉત્પાદન આપતા મધનો ઉછેર કરવા પ્રાત્સાહન આપી શકાય. આદિવાસીઓ પાસે મધ વિશેનું પરંપરાગત જે જ્ઞાન છે, તેમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવી મધ ઉછેરના વ્યવાયને વિકસાવી શકાય તેવી પુરી તકો અહી પડી છે. મધ ઉછેરનું પ્રશિક્ષણ કેન્દ્ર દરેક જિલ્લામાં હોવું જોઈએ અને તે માટે સરકાર તરફથી સંપૂર્ણ પ્રોત્સાહન પૂરુ પાડવું જોઈએ જેથી નવી પેઢી આ પારંપરિક જ્ઞાન ને વ્યવસાયના માધ્યથી પોતાના વિસ્તારમાં જ રોજગારી મેળવી શકે.

## ➢ ગુંદર આધારિત ઉદ્યોગ

ઝોઝ મંડલવાના ભુરાભાઈ નાયક જણાવે છે કે છોટાઉદેપુર જિલ્લાના જંગલોમાં વિવિધ પ્રકારના ગુંદર જોવા મળે છે. પરંતુ રાજસ્થાનમાં બંગડીઓ ઉપર જે લાખ જડવાની પ્રક્રિયા હોય છે તેમાં મંડલવા જંગલનો જ લાખ અને ગુંદર ચાલે છે અન્ય વિસ્તારના લાખ ગુંદર તેઓ આજે પણ નથી ખરિદતાં. તેથી ખાસ મહત્વ ધરાવતા ગૃહ ઉદ્યોગનું કૌશલ્ય આ વિસ્તારના આદિવાસીઓમાં વિકસાવવા જોઈએ. પરંપરાગત જ્ઞાનને આ કૌશલ્ય સાથે જોડી તેમના પરંપરાગત જ્ઞાનની ક્ષમતામાં વૃદ્ધિ કરી વિકાસની તકો ખોલી શકાય. આ જંગલોમાં ગુંદર અને લાખ ઉત્પાદન કરતા વૃક્ષોના ઉછેર પર ભાર મૂકી આ વ્યવસાયને રોજગાર લક્ષી બનાવી શકાય તેવા આયોજનો કરવા જોઈએ.

## ➢ સાબુ ઉદ્યોગ

છોટાઉદેપુર જિલ્લામાં લીમડાના વૃક્ષો, અરીઠાના વૃક્ષોનો વિસ્તાર ખૂબ છે. તેથી આ વૃક્ષોના બીજનો ઉપયોગ કરી સાબુ ઉદ્યોગને વેગ આપી શકાય. એ સિવાય અન્ય કયા કયા વૃક્ષોના બીજમાંથી સાબું બનાવવાની તક રહેલી છે. તે વિશે સંશોધન કરી સાબું ઉદ્યોગની તકોને વિકસાવી શકાય. આ ઉદ્યોગમાં પણ ધરેલું સંશાધનનો ઉપયોગ કરી સાબું બનાવી શકાય તેવા કોશલ્યોને વિકસાવી તેમની ક્ષમતામાં વધારો કરી શકાય.

## ➢ બાજ–પડિયાનો ઉદ્યોગ

ખાખરના બાજ– પડિયા બનાવવાનું છોટાઉદેપુર જિલ્લાના દરેક ગામોમાં પહેલા ચાલતું જ હતુ, પરંતુ વિકાસની દૌડમાં થર્મોકોલ ડિશનું પ્રદૂષણ અને કેમિકલ હવે સમજવા લાગ્યા છે. ત્યારે પાછા મૂળ તરફ વાળવા બાજ–પડિયોના ગૃહ ઉદ્યોગને વિકસાવી શકાય તેમ છે. આ ઉદ્યોગને વેગ મળે તે માટે પુરતી સામગ્રી પુરી પાડી બાજ–પડિયાનો ઉપયોગ વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. જેથી આ ઉદ્યોગને પ્રોત્સાહન મળી શકે. આદિવાસીઓ દેવ પૂજનમાં તેમજ પ્રસંગોપાત ખાખરના પાન શિવાઈ બીજો કોઈ પાનનો ઉપયોગ કરતા નથી. આવ્યા છે. પરંતુ આ હાથ બનાવટ મશીન ટુલ્સ જેવા નાના યુનીટ દરેક ગામમાં આપવા જોઈએ.

## ➢ રતન જ્યોત આધારિત ઉદ્યોગ

આ જિલ્લાના વિસ્તારમાં રતનજ્યોત વધુ ને વધુ ઉગાડી શકાય તેમ છે. એને અનુકુળ વાતાવરણ પણ છે. રતનજ્યોતના તેલ કાઢવાની પદ્ધતિ અને જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય. તથા આ તેલનો રોજિંદા વ્યવહારમાં ક્યાં ક્યાં અને કઈ રીતે ઉપયોગ કરી શકાય તેની તકો વિકસાવી શકાય.

## ➢ ફળાવ વૃક્ષોનું વન

આ જિલ્લાના વનોમાં ગણાં ફળાવ વૃક્ષો હોય છે. બીલા, ફાલસા, ટીમરૂ, વગેરે અનેક ફળાવ વૃક્ષો થાય છે. આદિવાસી વિસ્તારમાં થતાં ફળોની ઉપયોગીતા અને તેમાં રહી ગણવત્તાઓને શોધી એ ફળો ખાવા તરફ લોકો આકર્ષાય તેવા પ્રયાસ કરી શકાય. આ પ્રકારના ફળાવ વૃક્ષોનો ઉછેર વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. એ ઉપરાંત જે તે વિસ્તારમાં કયા ફળાવવૃક્ષો ઉછેર કરી શકાય તેમ છે. તે શોધી ઉછેરી શકાય તેવા અન્ય ફળાવ વૃક્ષોનો ઉછેરને પણ પ્રોત્સાહન આપી શકાય.

## ➢ સફેદ મૂશળી

આ જિલ્લાના જંગોલોમાં સફેદ મૂશળી મોટા પ્રમાણમાં થાય છે. આ સફેદ મૂશળીનાં તાત્વિક ગુણોથી આદિવાસી પરિચિત છે. આથી વર્ષોથી એનો ઉપયોગ ભોજનમાં કરતા આવ્યા છે. હવે તો સફેદ મૂશળીનો ઉપયોગ દવા બનાવવાના ક્ષેત્રે પણ થવા લાગ્યો છે. આથી બજારમાં એની માંગ વધી રહીં છે. આ પ્રદેશનું વાતાવરણ સફેદ મૂશળીને અનુકુળ હોવાથી એની ખેતી કરી શકાય તે ક્ષેત્રે વિચારી શકાય. તેનું ઉછેર અને ઉત્પાદન વધે તે અંગે વિચારી શકાય.

## ➢ કાથા ઉદ્યોગ

આ જિલ્લામાં ખેરના વૃક્ષો થતા હોવાથી કાથાના ઉદ્યોગને વિકસાવી શકાય તેમ છે. એ માટે જંગલ કામદાર સહકારી મંડળી જેવા સંગઠનોનો ઉપયોગ કરી કાથાના ઉદ્યોગને વેગ આપી શકાય. ખેરના ખાસ જંગવો વિકસાવી શકાય. પર્વરણની સમતુલાને ધ્યાનમાં રાખી કાથા ઉદ્યોગને વિકસાવી શકાય. કાથા ઉદ્યોગ સંદર્ભે જરૂરી કૌશલ્ય વિકસાવી જરૂરી સાધન– સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય.

## ➢ વાંસ આધારિત ઉદ્યોગ

છોટાઉદેપુર જિલ્લાના જંગલોમાં વાંસનો ઉછેર પુશ્કળ જોવા મળે છે. આ વાંસ ખાસ કરીને કાગળ ઉદ્યોગોને વેચી દેવામાં આવે છે. પરંતુ એની જગ્યાએ સ્થાનિક આદિવાસીઓને એ વાંસમાંથી જીવન જરૂરી સાધન– સામગ્રી બનાવવાનું કૌશલ્ય વિકસાવી વાંસ ઉદ્યોગને વેગ આપી જીવનશૈલીમાં વાંસની બનાવટોનો ખૂબ જ ઉપયોગ થાય છે. ઘર બનાવવાથી માંડીને ભોજન કરવા તેમજ સુખ–દુઃખના દરેક પ્રસંગે વાંસનું સ્થાન મહત્વપૂર્ણ છે. તેનું શાક પણ બનાવાય છે, અને તે ખૂબજ પોષ્ટીક હોય છે. ખાસ પ્રકારના વાસનું અથાણું પણ બનાવવામાં આવે છે. આ પરંપરાગત જ્ઞાનનું યોગ્ય સંવર્ધન કરી ખૂજ મોટા પાયે આ ઉદ્યોગને વિકસાવી શકાય તેમ છે.

## ➢ આમળા આધારિત ઉદ્યોગ

છોટાઉદેપુર જિલ્લાના જંગલોમાં આમળાના વૃક્ષો પણ થાય છે. આમળામાંથી બનતી વિવિધ બનાવટો જેમકે વિવિધ પ્રકારના ચૂર્ણ, પાચન આવલાં, રસ, પેસ્ટ જેવી અનેક બનાવટો બનાવવાની સાધનસામગ્રીનું જ્ઞાન આપી આદિવાસીઓને તેમની આસ–પાસ જે આયુર્વેદમાં વપરાય તેવી ચીજવસ્તુઓનું પ્રોસેસિંગ યુનિટ પુરૂ પાડવામાં આવે તેવા માધ્યમો પુરા પાડવા જોઈએ.

## ➢ મરડાસિંગ આધારિત ઉદ્યોગ

છોટાઉદેપુર જિલ્લાના જંગોલોમાં મરડાસિંગ પ્રમાણમાં ખૂબ થાય છે પરંતુ તેમાંથી આયુર્વેદ બનવવાય છે. આ મરડાસિંગથી ઔષધિજન્ય સામગ્રી બનાવી શકાય છે. તેમાં વૈજ્ઞાનિક અભિગમનો ઉપયોગ કરી તેના સેવનથી થતા ફાયતાઓ તારવી મગડાસિંગ આધારિત ઉદ્યોગથી નના યુનિટ આપી તેની ગોળીઓ બનાવે અને તેના બજારની વ્યવસ્થા પુરી પાડવું જોઈએ.

## ➢ વન ઔષધિઓ

વન ઔષધિઓની જાણકારીના સંદર્ભે આદિવાસી વિસ્તામાં પુષ્કળ જ્ઞાન રહેલુ છે. જ્યારે દવાખાનાઓની સેવાનો લાભ આદિવાસીઓને મળતો ન હતો ત્યારે આદિવાસી એમની આસપાસ જંગલમાંથી જરૂરી ઓષધિઓનો ઉપયોગ કરીને જ અનેક રોગચાળા કે અકસ્માતમાં  ઉપચાર કરતાં. આથી વન ઔષધિઓ સંદર્ભે એમની પાસે પરંપરાગત જ્ઞાનનો ભંડાર છે. એ જ્ઞાના વાહકો દિન–પ્રતિદિન આ ધરતી પરથી અલવિદા થઈ રહ્યા છે એટલે કે પાકાં પાન છે જાણકારો હવે ખૂબ નહિવત ગામો માં બચી શક્યા છે તેવા સમયે જિલ્લા લેવલથી કાર્યશઆળાઓ કરી વૈજ્ઞાનિક પુષ્ટિ આપવા માટે લેબોરેટરી વિકસાવવાની જરૂર છે. જેથી કેટલાક ખોટા ખ્યાલોને દુર કરી શકાય. વનઔષધિ સાથે કામ કરનારા આદિવાસીઓને આ ક્ષેત્રે તાલીમ આપી તેમના જ્ઞાનને વધુ મજબુત કરી શકાય છે. ઔષધિજન્ય વૃક્ષો કે છોડનો ઉછેર અને સંવર્ધન થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. આ વન ઔષધિઓને બનાવવા માટે તથા તેના ઉપયોગમાં સહાયક બને તેવા સાધન–સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય.

## ➢ મહુડા આધારિત ઉદ્યોગ

મહુડાનું વૃક્ષ એટલે આદિવાસીઓનું કલ્પવૃક્ષ. હાલમાં સરકારે આ વૃક્ષને સંરક્ષણની કક્ષાના વૃક્ષમાં સમાવેશ કર્યુ છે. છતા દિવસે ને દિવસે મહુડાના વૃક્ષોનું પ્રમાણ ઘટતું જાય છે. જે એક ચિંતાનો વિષય છે. આ વૃક્ષના પાન, ફળ, ફુલ, છાલ અને લાકડું પણ ઘણું ઉપયોગી છે. એમ કહેવાય છે કે મહુડો સંપૂર્ણ આયુર્વેદ છે. ફળમાંથી નિકળતું તેલ આદિવાસીઓ ખાવામાં ઉપયોગ કરે છે. ફુલનો ઉપયોગ શાક, લાડું બનાવવા ઉપરાંત હરો (દારૂ) બનાવવામાં કરે છે. હવે તો મહુડામાંથી આઈસ્ક્રીમ પણ બવનાવવામાં આવે છે. તેજગઢ ભાષા

સંશોધન કેન્દ્રમાં મહુડાનો ઉપયોગ કાગળ બનાવવામાં કર્યો છે. આમ મહુડાના બીજ અને ફુલમાંથી કઈ વસ્તુ બનાવી શકાય તે સંશોધનનો વિષય છે. એક મહુડાનું વૃક્ષ એક પરિવારને જીવિત રાખી શકે તેટલી ક્ષમતા ધરાવતા આ વૃક્ષના ગુણધર્મોનો વ્યાપ વધારી કરી શકાય.

### ૪.૨ આદિવાસીઓનો ધરતી સાથેનો વ્યવહાર

આદિવાસીઓ સૃષ્ટિ નિર્માણથી ધરતીને માતા માને છે. આથી તેઓ જ્યારે પણ ખેતી માટે ખેડ કરવાના હોય ત્યારે પ્રથમ ધરતીની પૂજા કરે છે. અખાત્રીજમાં ધરતીનું નવું વર્ષ મનાવવામાં આવે છે. ત્યારે ધરતી પર હળ ચલાવવાની મંજૂરી માંગે છે તેની પૂજા કરતી વખતે તે ધરતી માતાની માફી માંગીને કહે છે કે 'હે મા તારું પેટ ચીરીને હું અનાજના દાંણા નાખું છુ, આથી માફ કરજે. આ દાંણા ને તારા પેટમાં સાચવી તેને અનેક દાંણામાં પરિવર્તન કરે એવી પ્રાર્થના કરું છું.' અને વરસાદ આવે ત્યા સુધી ધરતી ને શ્વાસ લેવા દેવામાં આવે છે. અર્થાત ધરતીને તાપથી તપવા છોડી દેવામાં આવે છે. આમ આદિવાસીઓ ધરતીને જીવંત માની આ પ્રકારના વ્યવહારો કરે છે. ગમે તેવા બીજને ધરતી ઉગાડે છે. આ તમામ બાબતોની કાળજી આદિવાસી પરંપરામાં લેવાતી હતી. ધરતી ઉપર ઉછરેલ, ઝાડને કાપવું, પાન તોડવા હોય, ફળ, ફૂલ તોડવા હોય, ભાજી ખાવી હોય, પ્રથમ પાકેલું અનાજ ખાવું હોય તો પણ ધરતી માતાની રજા લેવાની હોય છે. ધરતીને અર્પણ કર્યા શિવાય તેને ખાઈ ન શકાય. ધરતી વિશે આદિવાસી દેવ પૂજનમાં પુરાકથાઓ જોડાયેલી છે. ધરતી અને માનવનો સંબંધ આદિમ સમયથી છે. ધરતી તમામ જીવોનું ઉત્પતિ સ્થાન છે તેથી તેના જેટલુ કોઈ સહન કરી શકતું નથી.

#### ૪.૨.૧ આદિવાસીઓ અને ખેતી

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ પાસે જે જમીન છે. તે મોટા ભાગે જંગલમાં અથવા જંગલની આસપાસ છે. મોટા ભાગની જમીન સમતલ કરતા ટેકરાઓ પર છે. ઘણાં ઓછા આદિવાસીઓ પાસે સિંચાઈની સગવડ છે. જંગલની ખાલી જમીનમાં વૃક્ષોના ઉછેરને પણ ખેતી સાથે જોડવા જોઈએ. જે વૃક્ષો અને છોડ કે વેલ ઔષધની રીતે ઉપયોગી હોય, કે વન પેદાશની રીતે ઉપયોગી હોય તેવા વૃક્ષોની ઉછેરની જવાબદારી સાથે આસ–પાસ ના આદિવાસીઓને જોડી શકાય. જેને આપણે વનખેતી નામ આપી શકાય. આવી ખેતી પોતાની માલીકીની જમીનમાં પણ કરી શકે. ઉપરાંત સરકાર હસ્તકના જંગલોમાં પણ વન સમિતિઓને અમુક હક્કો આપી આ પ્રકારની ખેતીને પ્રોત્સાહન આપી શકાશે. આ પ્રકારની ખેતીથી બે ફાયદા થશે. એક તો એનાથી જંગલનું સરંક્ષણ થશે. બીજો એનાથી આદિવાસીઓને આર્થિક મદદ પણ મળશે. અને જંગલ પ્રત્યે સમ્માન જાગશે પરિણામે વખત જતાં બોડા ડુંગરો નહીં દેખાય, તેની હરિયાલી કાયમ રાખી શકાય. તેથી આજીવિકાનું ધોરણ ઊંચુ આવશે.

### ૪.૩. આદિવાસી અને પશુપાલન

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી અને પશું વચ્ચે પારીવારિક સંબંધો છે. પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. ઘેટા, બકરા, મરઘા, ગાય અને ભેસ જેવા પશુઓનો ઉછેર અને તેમના માધ્યમ થકી આર્થિક વિકાસની તકોમાં વધારો કરી શકાય તેમ છે. પરંતું આ જિલ્લો ચાર મહિનાઓમાં પાણી પીવાની પણ સમસ્યા રહે છે તેવા સમયે ગાય ભેંસ જેવા મોટા પ્રાણીઓને પાલન પોષણ કરવું કઠિન છે. તેવા સમયે નાના પ્રકારના મરઘા, બકરાનો વ્યસાય સારો. કેમકે જ્યારે પૈસાની જરૂર પડી કે તરતજ તેનું વેચાણ કરી આવે. આ માટે વધારે જમીનની પણ પશુપાલન વ્યવસાય માટે એક વસ્તુંનું ધ્યાન રાખવું પડશે, કે જેમની પાસે જમીન નથી એવા લોકોને જ્યારે પશુપાલનનો વ્યવસાય સાથે સાંકળવાનું થાય ત્યારે તેમની પાસે પુરક બીજો વ્યવસાય હોવો પણ જરૂરી છે. તેમને માત્ર પશુઓ આપી દેવાથી જ્યાં સુધી દૂધ મળશે ત્યાં સુધી તેઓ આ વ્યવસાયમાં ટકી શકશે. પરંતું દૂધ બંધ થતાની સાથે તેઓ આ વ્યવસાયમાં ટકી શકતા નથી. કારણકે પશુપાલન તેમના માટે ખર્ચાળ સાબિત થાય છે. ઉનાળામાં ગાસચારાનો પણ પ્રશ્ન ઊભો થાય છે. જેમની પાસે જમીન નથી તેવા આદિવાસીઓને વૈકલ્પિક ઘાસચારાની વ્યવસ્થા અને પશુવ્યવસાયની સાથે વનઆધારિત કોઈ વ્યવસાય હોવો જરૂરી છે. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બકરાં ઉછેરનો વ્યવસાય વિકસાવી શકાય.

### ૪.૪ આદિવાસીઓ અને મત્સ્યઉદ્યોગ

છોટાઉદેપુર જિલ્લામાં સુખી ડેમનો જલસ્ત્રોત લાંબા સમય સુધી રહે છે. અને હાફેશ્વરમાં નર્મદા નદી બાકીના સંપૂર્ણ જિલ્લામાં ચોમાસાની ઋતુ શિવાય પાણીની સમસ્યા કાયમ રહે છે. આ જિલ્લામાં મત્સદ્યોગ ખૂજ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તેથી આદિવાસીઓ પાસે પરંપરાગત માછલી પકડવાના અનુભવો છે. પરંતુ ઉછેરનો એટલો અનુભવ નથી. આથી માછલી ઉછેરની તાલીમ આપી ગામ તળાવોમાં નર્મદાનું કે અન્ય કોઈ સ્ત્રોત ઉભો કરી મત્સ્યઉદ્યોગને આપવું જોઈએ.

### ૪.૫ આદિવાસીઓ અને શિક્ષણ

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ શિક્ષણનું પ્રમાણ મહદઅંશે થયું છે કારણ કે પાણીના સ્ત્રોત ન હોવાના કારણે શહેરોમાં બાળક પણ આર્થિક ઉપાર્જનું સાધન બને છે. મજૂરી કરીને કમાણી કરનાર બાળક એમના માટે અગત્યનું છે. શિક્ષણ એ લાંબાગાળાનું રોકાણ છે. એ પણ ગેરેંટી વગરનું. આ પ્રકારનું રોકાણ એમને પોષાય તેમ નથી. રોજનું લાવીને ખાવું પડતું હોવાથી દરરોજ આવક થાય એ દષ્ટિકોણ એમનો હોય છે. આથી શિક્ષણ તરફ વિશેષ ધ્યાન આપતા નથી. આવા સંજોગોમાં આદિવાસી સમુદાયમાં શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સરકાર ઉઠાવે તો જ લાંબાગાળે એના સારા પરિણામો મળી શકે તેમ છે. હાલની સરકારની પોલીસી પ્રમાણે પ્રાથમિક શિક્ષણ સુધી સરળતાથી શિક્ષણ મેળવવાની સુવિધા છે. પરંતું માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શિક્ષણ એમના માટે કઠિન બની રહે છે. તેવા સંજોગોમાં ઉચ્ચશિક્ષણ તો તેમના માટે એક સપનું જ બની રહે છે. હાલમાં તો સરકારે આદિવાસી વિસ્તારમાં કોલેજ અને છાત્રાલય બંન્ને સુવિધા સાથે ઉચ્ચશિક્ષણની સુવિધા ઊભી કરી છે. આથી ઊચ્ચશિક્ષણ એમની નજીક સુધી પહોચ્યું છેં. છતાં. રહેવાનું અને શિક્ષણનો ખર્ચ ઓછો થયો છે. પરંતું એ સાથે વિદ્યાર્થી સાથે સંકળાયેલા ખર્ચને પહોચી ન વળે એવા કુટુંબો માટે તો આજે પણ ઉચ્ચશિક્ષણ સપના જેવું જ છે. આવા કુટુબો માટે ઉચ્ચશિક્ષણ વધુને વધુ કુટુબોને કેવી રીતે આપી શકાય તે વિચારવું રહ્યું. આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધારવો હોય નિવાસી અને સ્ત્રી શિક્ષણ સિવાય બીજો કોઈ વિકલ્પ કારગત નિવડશે નહી. આદિવાસી વિસ્તારમાં વિસ્થાપિતના પ્રશ્નો છે. વિસ્તાપિતના પ્રશ્નોનો ઉકેલ સ્થાનિક રોજગારી દ્વારા નહી લાવવામાં આવે ત્યાં સુધી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના પ્રશ્નો ઊભા જ રહેવાના છે. સરકારી નોકરી તમામને આપી શકાય તેમ નથી. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં પરંપરાગ વ્યવસાય સાથે સંકળાયેલા જ્ઞાનનું ક્ષમતાવર્ધન કરે તેવા શિક્ષણને પ્રાધાન્ય આપવું પડશે. આદિવાસી વિસ્તારમાં જે જરૂરિયાતો છે તેને અનુરૂપ અભ્યાસક્રમો ઘડવા પડશે. ટેકનિકલ શિક્ષણ, આરોગ્યલક્ષી શિક્ષણ કે વ્યવસાયલક્ષી શિક્ષણમાં પણ આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ નક્કી કરી શકાય. પરંતુ એની સાથે સાથે આદિવાસી બાળકો વૈશ્વિકપ્રવાહથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવી પડશે. લોકલથી વૈશ્વિક પ્રવાહનું શિક્ષણ આપવું પડશે.

પ્રાથમિક શિક્ષણમા તો ભાષાના કારણે પાયો જ નબળો તૈયાર થાય છે. કારણ કે આદિવાસી બાળકો માટે ગુજરાતી એ અંગ્રેજી જેટલું જ અઘરું છે. આદિવાસી બાળકો માટે શિક્ષણનું પ્રથમ પગથિયાનું ચઢાણ વખતે જ સંઘર્ષ કરવો પડે છે. ત્યાંથી જ બાળક શિક્ષણમાં કમજોર પડે છે. શરૂઆતમાં જ તે શિક્ષણક્ષેત્રમાં હતાશા અનુભવે છે. શરૂઆતથી જ તેનામાં ભય પેસી જાય છે. જે ભય લાંબાગાળા સુધી એમને કમજોર બનાવી રાખે છે. જેની અસર શિક્ષણના દરેક ક્ષેત્રમાં થાય છે. આથી જે તે પ્રદેશની ભાષામાં શિક્ષણ અપાય એ ઘણું જરૂરી છે. આદિવાસી ભાષાના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે તો બાળકમાંથી ભયને દુર કરી શકાય. ખાસ કરીને પોતાની ભાષામાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. જેથી બાળકોમાં ડ્રોપ–આઉટનો રેસિયો ઘટે અને બાળકોની ભણવા પ્રત્યે ઉત્સુકતા જળવાઈ રહે.

### ૪.૬ આદિવાસીઓ અને આરોગ્ય

આદિવાસીઓની પરંપરામાં જોવા મળે છે કે, આરોગ્યલક્ષી પ્રશ્નોમાં હંમેશા તેઓ દૂર્લક્ષ સેવે છે. કોઈપણ બિમારી વખતે તેઓ પહેલા ઘરેલું ઉપચારને પ્રાધાન્ય આપે છે. અથવા તો એમની પાસે પરંપરાગત ઔષધિઓનું જ્ઞાન છે, તેવી ઓષધિઓનો ઉપયોગ કરે છે. આદિવાસીઓનો રહેઠાણનું સ્થાન, મજૂરીનું ક્ષેત્ર, સુવિધાઓ ઉપરાંત તેમની પાસે ઉપલબ્ધ સંસાધનો જોતા તેઓ બિમારીના ભોગ બને  જલદી બની શકે છે.

એક તો નાનપણથી જ કુપોષણના ભોગ બન્યા હોય છે. આથી સ્વાભાવિક રીતે જ તેમની પાસે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. આથી તેઓ જલદી રોગના શિકાર બને છે. આથી આરોગ્યની જાગૃતિ માટે સતત પ્રયાશ કરવાની જરૂર છે. તેમ જ બાળકો કુપોષણના ભોગ ન બને તેની કાળજી રાખવી પડશે. આદિવાસી વિસ્તારમાં જે રોગોનું પ્રમાણ વધુ હોય તે રોગોનું કારણ શોધી તેના નિરાકરણ માટે વ્યવસ્થાપન કરવું જોઈએ. સિકલસેલ જેવા પરંપરાગત રોગો અંગે વિશેષ જાગૃતિ લાવવાની જરૂર છે. મેલેરિયા, ટાઈફોડ જેવા રોગો આદિવાસીઓમાં સામાન્ય થઈ ગયા છે. તેની સામે રક્ષણ ભરવા માટે જરૂરી પગલા લેવા જોઈએ. આદિવાસીઓમાં ચામડીના રોગો પણ વિશેષ જોવા મળે છે. તે અંગે જાગૃતિની જરૂર છે. સ્ત્રીરોગ અંગે પણ ખાસ જાગૃતિ જોવા મળતી નથી. એ ક્ષેત્રે પણ વિશેષ વિચાર કરવાની જરૂર છે. આંખ અને દાંતના રોગોનું પ્રમાણ પણ હવે વધવા લાગ્યું છું. તે અંગે અગમચેતીના પગલા ભરવાની જરૂર છે. એક રીતે જો શિક્ષણનું પ્રમાણ વધે તો આરોગ્યના પ્રશ્નોમાં આપોઆપ ઘટાડો  કરી શકાય તેમ છે.

### ૪.૭ આદિવાસી અને જંગલ

આદિવાસીઓનું નિવાસસ્થાન જંગલ રહ્યું છે. જંગલ જ એમનું જીવન હતું. જંગલ આદિવાસીઓના જીવન જરૂરિયાતની વસ્તુઓના તમામ સ્ત્રોત પુરા પાડે છે. આદિવાસીની જીવનશૈલી પણ વન આધારિત જોવા મળે છે. વન વિશેનું પરંપરાગત જ્ઞાન એમની પાસે છે.  છોટાઉદેપુર જિલ્લામાં ૭૫,૭૦૪ હેક્ટરનો જંગલ વિસ્તાર છે. આથી આ વિસ્તારના આદિવાસીઓનો વિકાસ જંગલ આધારિત સ્ત્રોતને ધ્યાનમાં રાખી વિકાસની પરિકલ્પના કરવી જોઈએ. આ વિસ્તારમાં વસતા આદિવાસીઓ પાસે જંગલ આધારિત પરંપરાગત કૌશલ્યો છે. તે કૌશલ્યોની ક્ષમતામાં વધારો કરી વિકાસ કરી શકાય તેમ છે. છોટાઉદેપુરના  જંગલોમાં સાગ, ખેર, મહુડો, આલડી અને  જેવા વૃક્ષો જોવા મળે છે. છોટાઉદેપુર જિલ્લાના કેટલાક વિસ્તારમાં ઉનાળાની ઋતુમાં જંગલો બોડા થઈ જાય છે. જંગલમાંથી ઈમારતી લાકડું, જલાઉ લાકડું, રતમ જોત, સફેદ મુસળી, બહેડા, હરડે, આમળા, મરડાસિંગ, ગળોઈ, ગળો, વાંસ, ઘાસ, ટીમરૂ પાન બીડી વાળવાના પાન, બાજ–પડીયા, ગુંદર, લાખ, કાથો, રાળ, મધ, મહુડાના બીજ, મહુડાના ફૂલ, મીણ, લીમડાના બીજ, તથા અન્ય ગૌણ પેદાશોનું ઉત્પાદન થાય છે. છોટાઉદેપુર જિલ્લા માં કેવળી ના જંગલમાં ઉડતી ખિસકોલી, વાઘ, દીપડા, રીંછ, જરખ, જંગલી ભૂંડ, વગેરે પશુ–પક્ષિયો જોવા મળે છે.

### ૪.૮ શ્રમ, મજૂરી અને રોજગારીની તકો

આ વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તેમ છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે. આ જિલ્લા પ્રાકૃતિક સંશાધનોથી ભરપૂર છે. પરંતુ અહીંના સંશાધનોની લૂટ બહારના એજંડો આવીને કરી રહ્યા છે. આદિવાસી વિસ્તારમાં અનુસૂચી પાંચ લાગૂ છતાં કોઈ અમલવારી થતી હોય તેવું દેખાતું નથી. જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત રોજગારી મળી રહે તેમ છે. ખેતી અને જંગલ આધારિત

ગૃહઉદ્યોગો દ્વારા નાના પ્રોસેસિંગ યુનિટ દ્વારા રોજગારી મળી રહે તેમ છે. આદિવાસી વિસ્તારમાં અન્ય પ્રદેશમાંથી આવી જે કારીગરો કામ કરે છે. એ કારીગરીની તાલીમ આદિવાસીઓને જ આપવામાં આવે તો પુરતી રોજગારી મળી રહે તેમ છે. પરંતુ તે પ્રમાણે થવા દેવાની વિચારધારા ધુંધળી છે. વિકાસકામો કરવાજ હોય તો તેવા માધ્યમો વિકસાવી શકાય.

———————— ———————— ————————

## પ્રકરણ ૫ – કાર્ય યોજના (Action plan)

### ૫.૧ પ્રસ્તાવના

આદિવાસીઓના વિકાસ માટે આઝાદી પછી સતત પ્રયાસ સરકાર, સંસ્થાઓ, સંગઠનો અને કેટલાક વ્યક્તિગત રીતે કરી રહ્યા છે. છતાં આજ સુધી બીજા બધાની હરોળમાં આપણે આદિવાસી સમુદાયને લાવી શક્યા નથી. એનુ એક કારણ તો એ લાગે છે કે એમના વિકાસનું કાર્ય આયોજન તેમની સાંસ્કૃતિક, સામાજિક અને ભોગોલિક સ્થિતિ પ્રમાણે થતું નથી. બજેટ ફાળવવાથી કે બજેટ વાપરી નાખવાથી વિકાસ થવાનો નથી. જ્યાં સુધી જે લોકોનો વિકાસ કરવાનો છે, તેમની જરૂરિયાતને ધ્યાનમાં રાખવામાં નહી આવે ત્યાં સુધી વિકાસ થઈ શકવાનો નથી. એ ઉપરાંત જેમનો વિકાસ કરવાનો છે, એમની ભાગીદારી પણએટલી જ જરૂરી છે. આથી આધિવાસી સમુદાયના વિકાસ માટે એમને જીવનશૈલી, એમની સાંસ્કૃતિક પરંપરા તથા તે જે વિસ્તારમાં રહે છે તેને ભોગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી વિકાસ માટે કાર્યયોજના કરવી જોઈએ. આદિવાસી જીલ્લાઓમાં બજેટનું અયોગ્ય વિભાજન, મોટા ભાગના આદિવાસી જીલ્લાઓમાં સર્વ સામાન્ય છે. તેમ છતાં છોટાઉદેપુર જીલ્લામાં કેટલીક ભૌગોલિક સામાજીક, સાંસ્કૃતિક અને પરંપરાગત વિશેષતા રહેલી છે. એ મુજબ છોટાઉદેપુર જીલ્લામાં વિકાસના ક્ષેત્રો, આર્થિક સમસ્યોઓ તથા સંભાવનાઓમાં ભિન્નતા જોવા મળે છે. તેથી સંપોષિત વિકાસના પ્રયાસ પણ જુદી રીતે થવા જરુરી છે. આ પ્રકરણમાં આદિમ સંસ્કૃતિ અને સભ્યાતા સાથે રહેલી ક્ષમતા અને પરંપરાગત જીવન વ્યવહાર મુજબ ઉકેલ શોધવાનો પ્રયાસ છે.

### ૫.૧ ગૃહ ઉદ્યોગ વિકાસની કાર્યયોજના

આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તે ખૂબ જરૂરી છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે. આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે. ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે. ટેકટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે.

### હસ્ત કલા આધારિત કાર્ય યોજના

**મોતી કામ :**

રાઠવા સમુદાયની મહિલાઓમાં મોતીકામ જોવા મળે છે. તેઓ ઘર ખેતરના કામમાંથી પરવરીને નવરાશના સમયમાં પોતાના ઘરે જ બેસીને પોતાની કુનેહ બુદ્ધિ વડે મનમાં આવે તેવા પ્રકારની કારીગરી વાપરીને ગળાના આભુષણો, કાન–નાકના આભુષણો, હાથ–પગના ઘરેણાં, કમરના કંદોરા કે માથાના છાજશણગારની વસ્તુઓ બનાવે છે.

આ કલા ખૂબજ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે પરંતુ જરૂરી સાધન સામગ્રીના અભાવે અને બજારમાં કોઈ ચોક્કસ માર્કેટીંગ થતુ ન હોવાના કારણે આ કલાના માધ્યમ સાથે જોડાયેલી અસંખ્ય બહેનો ખેતી કામ તરફ પ્રયાણ કરવા મજબૂર બનવા પામી છે. જો તેમને આ કલા સાથે જોડાયેલી મોતી કામની અન્ય ગુંથણીઓ તરફ પ્રશિક્ષણ આપવામાં આવે તો પોતાની પરંપરાગત કલા સાથે આધુનિકતા તરફ કલાના માધ્યમને ખૂબ સરળતા થી પોતાના રોજગાર સાથે કલા ને જીવંત રાખવામાં સફળ બની સકે છે.

**માટીકામ :**

માટીકામમાં ખાસ કરીને અનાજ મૂકવાની કોઠી, દળવાની ઘંટીનું થાળિયું, ઘરના નળીયાં અને ચૂલા, માટીના વાસણો, દેવી–દેવતાના ઘોડાઓ જેવી વસ્તુઓ રાઠવા સ્ત્રીઓ પોતે જાતે કરીને આસપાસથી સારી

માટી લાવીને ઘરના વાળામાં જ આ બધા સાધનો ઘડી કાઢે છે. ખાસ કરીને માટીના વાસણો ઈતિહાસ ખૂબ જૂનો છે  સંશોધનના મૂળના અભ્યાસુઓ કહે છે કે મડાગાસ્કર થી લઈ ન્યુઝીલેન્ડ અને પંજાબ થી લઈ મધ્યપ્રદેઈં અને ગુજરાતના પૂર્વ ક્ષેત્રના સંપૂર્ણ પટ્ટામાં સૌ પહેલા માટીના વાસણો બનાવી તેમાં ખોરાક રાંધવાની પદ્ધતિ વિકસી જેમાં માટીના વાસણોને લાખ થી બનાવવાની કલા ખૂબ અદ્ભુત છે. આ માટીના વાસણો બનાવવાની અને ઝાડ માથી લાખનો ઉપયાગ કરનારાં માટી કલાના વાહકો ખૂબ નહિવત સંખ્યામાં બચ્યાં છે. તેઓની હયાતીમાં આ કલા પ્રશિક્ષણ દ્વારા નવિન પેઢીને તૈયાર કરવામાં આને તેવા પ્રયાસો પણ ભારત સરકાર સંસ્કૃતિ મંત્રાલયના માધ્યમ થી થવા જોઈએ.

**વાંસકામ :**

મોટાભાગના રાઠવાઓ અને હરિજનો વાંસકામ સાથે તેમની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ બાનાવી વાપરવા પુરતાં જોડાયેલા જોવા મળે છે. કેટલાક લોકો પોતાના ઘરની દિવાલ પહેલાનાં વખતમાં વાંસની વળીઓ કાઢીને તેમાંથી ખપેડા બનાવીને લગાવતાં હતાં. તે ઉપરાંત ઘરનો માળ પણ વાંસનાં ફાળા કરીને ભરતાં હતાં. આજે મોટેભાગે પાકાં ઘરોનું બાંધકામ વધતાં વાંસના ખપેડાં કે માળ જોવા મળતાં નથી. કેટલાક રાઠવા સમુદાયનાં લોકોમાં ટોપલા, ટોપલી કે બળદને મોઢે બાંધવાના છીકાં બનાવવાની આવડત જોવા મળે છે. કેટલાક સુથારીકામના જાણકાર રાઠવાઓ વાંસમાંથી ગાડાની ‘ટાટી’ બનાવ છે.

**રેસાકામ :**

મોટેભાગે રાઠવાઓ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલાં હોવાથી ખેતરમાં શણ અને ખજડીભીંડી કરીને તેનાં રેસાંમાંથી બળદને બાંધવાના અછોડા, રાહ, દોરડાં, બળદની નાથ, મોઢે બાંધવાની મોરી, ખાટલા માટેની દોરી, ગોફણ, છીકું વગેરે બનાવે છે.

**લાકડાંકામ**

ખેતીમાં વપરાતાં સાધનો :

મુખ્યત્વે હળ, પરોનો ‘કરોવ’, ‘કરોવળી’, હળ સાથે જોડવાનો લાકડામાંથી બનાવેલો કોષ ‘ચવડૂ’, ‘વરો’(જૂસરી), જૂસરીના છેડે આવતા લાકડાનાં ખીલા ‘હિમેલ’, ગાડું, વેલડું વગેરે.

**ઘરવપરાસના સાધનો :**

રોટલા બનાવવાનો થાળ, ઘંટીથાળો, બેસીને નાહ્વા માટેનો પાટલો, મહૂડાની ડોડીનું તેલ કાઢવાનો ‘ચાપડો’, ઢોરોને પાણી પીવાનું સાધન ‘ઓળવો’, ખાટલો, ખાટલી, હિંચકો, બેસવાનો પાટ, ખૂરશી, ચાટવો ચાટવી, પેટારું, બાળકો માટેનાં રમકડાં, ‘મૂહળું’(સાંબેલું), ઘરની ઉપર મોભે બેસાડેલા લાકડાના મોર કે માદળ ઢોલનું બીબું વગેરે.

લાકડાંની મૂર્તિકલા : દેવી–દેવતાં, ગેરૈયા મૂર્તિ, રાઠવી પરીધાન વાળી ઓળખ ધરાવતી તમામ પ્રકારની કલા કોતરણી કરી તૈયાર કરે છે. તેમજ આદિવાસી ક્ષેત્રોમાં લાકડાની મૂર્તિ કલાના જાણકાર ખૂબ ઊંચી ખ્યાતિ મેળવી ચૂક્યા છે. છોટાઉદેપુર જીલ્લા ગાઠીયા ગામના રાઠવા બલુભાઈ  તેમની કલા ભારત દેશમાં અને લંડનની વિશ્વવિદ્યાલયના મ્યુઝિયમમાં આગવું સ્થાન ધરાવે છે.

**શૈક્ષણિક વિકાસની કાર્યયોજના**

- આદિવાસી વિસ્તારમાં આંગણવાડીથી પ્રાથમિક શિક્ષણ સુધીનું શિક્ષણ સ્થાનિક ભાષામાં આપવું જોઈએ. જેથી શરૂઆતથી જ પાયો મજબુત કરી શકાય. અને ગુજરાતી ભાષાનો ભય દુર કરી

શકાય. પોતાની ભાષાની સમજ અન્ય ભાષા કરતા સરળ હોય છે. તે આસાનીથી ભાષા શીખી શકે છે. પોતાની ભાષાનું શબ્દ ભંડોળ વિશાળ હોય છે. તેને ગોખવાની જરુર પડતી નથી.

- આદિવાસી વિસ્તારમાં ઉચ્ચશિક્ષણ સુધીનું શિક્ષણ નિવાસી શિક્ષણ હોવું જોઈએ. એટલે કે છાત્રાલયની સુવિધા હોવી જોઈએ. જેથી ખર્ચનું ભારણ ઘટાડી શકાય.
- માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકના શિક્ષણમાં પણ આદિવાસીની ક્ષમતાઓને સ્થાન મળે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.
- આદિવાસી વિસ્તારની આઈ.ટી.આઈમાં જે કોર્ષ ચાલે છે તેની સાથે આદિવાસી જે પરંપરાગત કલા–કૌશલ્યો છે, તેની તાલીમ મળી રહે તે રીતે કોર્ષ દાખલ કરવા જોઈએ. આ શૈક્ષણિક સંસ્થાઓમાં પરંપરાગ વ્યવસાય સાથે સંકળાયેલા જ્ઞાનનું ક્ષમતાવર્ધન કરે તેવા શિક્ષણને પ્રાધાન્ય આપવું જોઈએ.
- ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમના ઉદાહરણોમાં આદિવાસી પરિવેશ પ્રગટતો હોવો જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળા સ્વરૂપનું શિક્ષણ વધુ અનુકુળ આવે તેમ છે. પરંતુ એ આશ્રમશાળાના શિક્ષણમાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને અભ્યાસક્રમાં જોડીને શિક્ષણ અપાવું જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં સ્થાનિક ભાષાના જાણકાર શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ.
- ઉચ્ચશિક્ષણના અભ્યાસક્રમોમાં પણ આદિવાસીની સાંસ્કૃતિક વિરાસતને સ્થાન મળે તેવા અભ્યાસક્રમો હોવા જોઈએ.
- શિક્ષણ અને વિદ્યાર્થીને જરૂરિયાતનો તમામ ખર્ચ સરકાર ઉઠાવે તેવું આયોજન કરવું જોઈએ.
- તબિબિ શિક્ષણમાં આર્યુવેદિક શિક્ષણમાં આદિવાસી પાસે રહેલ પરંપરાગત જ્ઞાનને પણ સ્થાન આપવું જોઈએ.
- આદિવાસી બાળકો વૈશ્વિકપ્રવાહથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવી પડશે. લોકલથી વૈશ્વિક પ્રવાહનું શિક્ષણ આપવું જોઈએ..
- આદિવાસીઓની પરંપરાગત ક્ષમતાઓને ધ્યાનમાં રાખી એન્જીનિયરીંગ અને પોલીટેકનિક જેવી કોલેજોમાં ટ્રેડ પસંદગી માટે માર્ગદર્શન આપવું જોઈએ.
- આદિવાસીઓનું સંગીત, રમત–ગમત અને અન્ય કલા–કૌશલ્યોનું વિકાસ થાય તેવા તાલીમ સેન્ટરો ઊભા કરવા જોઈએ.

**૫.૨ આરોગ્ય વિકાસની કાર્યયોજના**

- આદિવાસી વિસ્તારના  માતા અને બાળક બંન્નેની કુપોષણ દુર થાય તે માટે શરૂઆતથી જ પોષ્ટીક આહાર મળી રહે તેવું આયોજન કરવું જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં પરંપરાગત અનુભવના આધારે કામ કરતા વૈધ, દાયણને વૈજ્ઞાનિક અભિગમ વાળી તાલીમ આપવી જોઈએ.

- આદિવાસીઓનો રહેઠાણનું સ્થાન, મજૂરીનું ક્ષેત્રને ધ્યાનમાં રાખી રોગ સામે રક્ષણ મેળવવાની સુવિધાઓ ઊભી કરવી જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં સિકલસેલ જેવા પરંપરાગત રોગો અંગે વિશેષ જાગૃતિ લાવવાની જરૂ છે. મેલેરિયા, ટાઈફોડ જેવા રોગો આદિવાસીઓમાં સામાન્ય થઈ ગયા છે. તેની સામે રક્ષણ ભરવા માટે જરૂરી પગલા લેવા જોઈએ.
- આદિવાસીઓમાં ચામડીના રોગો પણ વિશેષ જોવા મળે છે. તે અંગે જાગૃતિના કારયક્રમો કરવા જોઈએ.
- સ્ત્રીરોગ અંગે પણ ખાસ જાગૃતિ જોવા મળતી નથી. એ ક્ષેત્રે પણ વિશેષ વિચાર કરવાની જરૂ છે.
- આંખ અને દાંતના રોગોનું પ્રમાણ પણ હવે વધવા લાગ્યું છું. તે અંગે અગમચેતીના પગલા ભરવાની જરૂ છે. એક રીતે જો શિક્ષણનું પ્રમાણ વધે તો આરોગ્યના પ્રશ્નોમાં આપોઆપ ઘટાડો કરી શકાય તેમ છે.
- એકલવ્ય સ્કૂલ, આદર્શ નિવાસીશાળા, સરકારી શાળા, સંસ્થાસંચાલિત શાળાઓ, આ બધા જ પ્રકારની શાળાઓનું સ્વરૂપ એક જ સરખું હોવું જોઈએ. જેથી આદિવાસીઓમાં શિક્ષણ વધારવા એક સરખું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

**૫.૩ ખેતી વિકાસની કાર્યયોજના**

- આદિવાસીઓ પાસે રહેલ ખેતી અંગેનું જ્ઞાનને વર્તમાન ટેકનોલોજી સાથે જોડી ખેતીક્ષેત્રે વિકાસની તકો જોવી જોઈએ. આ પ્રકારની ખેતી જમીન અને પાક બંન્નેને ઉપકારક બને છે.
- જમીન વગરના આદિવાસીઓ પાસે તેમને વર્ષમાં જરૂરિયાત પુરતું અનાજ પકવી શકે તેટલી જમીન ઉપલબ્ધ કરાવી જોઈએ.
- જ્યાં પિયતની સગવડ ઊભી કરી શકાય તેમ છે. તેવા વિસ્તારમાં પિયતની સગવડ ઊભી કરવી જોઈએ.
- જંગલની સાથે રહીને જે લોકો ખેતી કરે છે, તેમની જમીન હજી રસાયણોથી મૂક્ત છે. આવા જમીન ધારકોને સજીવખેતી તરફ વાળી શકાય. એમની પાસે પરંપરાગત જે ખેતીનો અનુભવ છે, તેને વૈજ્ઞાનિક અભિગમથી વિકસાવી શકાય.
- આદિવાસી પાસે પરંપરાગત ધાન્ય છે. તે ધાન્યને પ્રોત્સાહન મળે તે રીતે ખેતીનો વિકાસ કરવો જોઈએ. પરંપરાગત ધાન્યમાં રહેલી પોષ્ટિકતા વિશે પણ તેમને અવગત કરવા જોઈએ. જેથી તે બીજા ધાન્ય તરફ આકર્ષાય નહી.
- વનમાં વૃક્ષોના ઉછેરને પણ ખેતી સાથે જોડવા જોઈએ. જે વૃક્ષો અને છોડ કે વેલ ઔષધની રીતે ઉપયોગી હોય, કે વન પેદાશની રીતે ઉપયોગી હોય તેવા વૃક્ષોની ઉછેરની જવાબદારી સાથે આદિવાસીઓને જોડી શકાય. જેને આપણે વનખેતી નામ આપી શકાય. આવી ખેતી પોતાની માલીકીની જમીનમાં પણ કરી શકે. ઉપરાંત સરકાર હસ્તકના જંગલોમાં પણ વનસમિતિઓને અમુક હક્કો આપી આ પ્રકારની ખેતીને પ્રોત્સાહન આપી શકાશે. આ પ્રકારની ખેતીથી બે ફાયદા થશે. એક તો એનાથી જંગલનું સરંક્ષણ થશે. બીજો એનાથી આદિવાસીઓને આર્થિક મદદ પણ મળશે.

- આદિવાસી વિસ્તારમાં સંસ્તા અનાજની દુકાનોમાંથી અપાતું અનાજ આદિવાસી વિસ્તારમાંથી જ ખરીદાયેલું હોવું જોઈએ. કારણ કે એમનો ખોરાક પણ એજ છે. આમ કરવાથી સ્તાનિક ખેડુતોને ખેતીક્ષેત્રે પ્રોત્સાહન મળશે.
- પરંપરાગત ધાન્યો સાથે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે કયા પાકો કરી શકાય તેની શક્યતાઓ શોધી એ પાકો તરફ બજાર અનુરૂપ ખેતી તરફ વાળવા જોઈએ.
- આદિવાસી વિસ્તાર સંપૂર્ણ સજીવખેતી તરફ લઈ જવો જોઈએ. એ સ્થિતિ તેમના આરોગ્ય અને પર્યાવરણ બંન્ને માટે ઉપકારક બનશે.
- આદિવાસી વિસ્તારમાં આદિવાસી સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખી કૃષિસંશોધન કેન્દ્રો શરૂ કરવા જોઈએ.

**૫.૪**

**૫.૪.૧ જંગલ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના**

- આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણાં ગૃહઉદ્યોગો સ્થાપી શકાય તેમ છે. બીડી વાળવાનો ઉદ્યોગ, મધ ઉછેરનો ધંધો, ગુંદર આધારિત ઉદ્યોગ, લાખ આધારિત ઉદ્યોગ, સાબુ ઉદ્યોગ, બાજ–પડિયાનો ઉદ્યોગ, રતન જ્યોત આધારિત ઉદ્યોગ, ફળાવ વૃક્ષોનું વન, સફેદ મૂશળી, કાથા ઉદ્યોગ, વાંસ આધારિત ઉદ્યોગ, આમળા આધારિત ઉદ્યોગ, હરડે આધારિત ઉદ્યોગ, વન ઔષધિઓ આધારિત ઉદ્યોગ, ફર્નિચર ઉદ્યોગ, મહુડા આધારિત ઉદ્યોગ, વગેરે અનેક ગૃહઉદ્યોગો શરૂ કરી શકાય.
- ગુહઉદ્યોગો આધારિત તાલીમસેન્ટરો ઊભા કરવા જોઈએ.
- ગૃહઉદ્યોગને મદદરૂપ બની શકે તેવા સાધનોની શોધ  કરી પુરા પાડવા જોઈએ.
- જંગલમાંથી મળતો કાચો માલમાંથી વર્તમાનમાં બનતી વસ્તુઓ ઉપરાંત બીજી કઈ વસ્તુઓ બનાવી શકાય તેની શક્યતાઓ શોધી તે દિશામાં નવા ઉદ્યોગો પણ શરૂ કરવા જોઈએ.
- જંગલ આધારિત ગૃહઉદ્યોગો ચલાવાવા માટે જરૂરી તજજ્ઞો મળી રહે તે માટે આઈ.ટી.આઈ. જેવી સંસ્થા ઊભી કરી તેમાં આ ઉદ્યોગોને અનુરૂપ તજજ્ઞો તૈયાર કરવા જોઈએ.
- જંગલ આધારિત ગૃહઉદ્યોગોમાં વપરાતો કાચો માલ સતત મળી રહે તેનું આયોજન કરવું જોઈએ.
- જંગલ કે પર્યાવરણને લાંબાગાળે નુકશાન કરે  તેવા ગૃહઉદ્યોગોને ટાળવા જોઈએ.
- જંગલ આધારિત સંશોધનકેન્દ્રો શરૂ કરવા જોઈએ. જેમાં આર્યુવેદિકનો પણ સમાવેશ કરી શકાય. તેમજ જંગલ ઉછેર અને જાળવણીનો પણ સમાવેશ થઈ જાય.

**૫.૪.૨ ખેતી આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના**

- ખેતી આધારિત ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવું જોઈએ, જેમ કે ભીંડીની શરબત, દાળ, ટામેટા શોષ, જુદા જુદા મસાલા વગેરે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ.
- મગફળી, તલ, મકાઈ, રાઈડા, દીવેલા, કપાસ જેવા પાકોમાંથી તેલ સ્થાનિક કક્ષાએ સ્થાનિક ઊર્જાનો ઉપયોગ કરી કાઢી શકાય તેવું આયોજન કરવું જોઈએ.

- વિવિધ અનાજના લોટ ઓછા પરિશ્રમ સાથે બનાવી શકાય તેવી ટેકનોલોજી બનાવી તેનો ઉપયોગ આદિવાસી વિસ્તારમાં કરવો જોઈએ.
- વિવિધ પ્રકારના કઠોળ તૈયાર કરી શકાય.
- પરંપરાગત અનાજમાંથી વિવિધ પ્રકારના બિસ્કીટ કે ખાદ્ય સામગ્રી બનાવી શકાય.
- પાપડ ઉદ્યોગને વિકસાવવાની તકો પડેલી છે.
- કપાસ સાથે સંકળાયેલ કાપડ બનાવવાની જુદીજુદી પ્રક્રિયા સાથે જોડી રોજગારીની તકો ઊભી કરી શકાય.

### ૫.૫ જળ વિકાસની કાર્યયોજના

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં વરસાદનું પ્રમાણ વધું હોય છે. પરંતું એ જ વિસ્તારમાં પાણીની સમસ્યા હોય તેવું પણ જોવા મળે છે. મોટા ભાગના આદિવાસી વિસ્તારમાં ખેતીમાં પિયતપાણીની સગવડ ઉપલબ્ધ નથી. તેના ઘણાં કારણો છે. એક તો ડુગરાળ વિસ્તાર છે. આથી નહેર પહોચાડવી અશક્ય છે. પાણીના તળ ઊડે ગયા છે. આથી સરળતાથી પરંપરાગત પદ્ધતિથી પિયત કરી શકાય તેમ નથી. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં જળવિકાસના કાર્ય યોજના અંગે વિચારવું ઘણું અગત્યનું છે.

### ૫.૫.૧ જળ સંવર્ધનની કાર્યયોજના

- આ જિલ્લાનો વિસ્તાર મોટા ભાગે ડુગરાળ વિસ્તાર છે. આથી વરસાદ વધુ પડતો હોવા છતાં પાણી વહી જાય છે. આવા સંજોગોમાં વહી જતા પાણીને જમીનમાં ઉતારવા માટે આયોજન કરવું જોઈએ.
- નહેર દ્વારા પાણી પહોચાડવાની શક્યતા નહિવત હોવાથી સ્થાનિક ભૂગર્ભ જળનો ઉપયોગ પિયતમાં થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.
- વધારે પાણીની જરૂર પડે તેવા પાકો આદિવાસી વિસ્તારમાં ટાળવા જોઈએ.

### ૫.૫.૨ જળ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના

- છોટાઉદેપુર જિલ્લામાં સરદાર સરોવર, કરજણ જળાશય યોજના એ ઉપરાંત અનેક નાના – મોટા જળાશયો છે. નર્મદા, કરજણ જેવી મોટી નદીઓ પણ છે. અનેક તળાવો છે. આ બધાજ જળાશયોનો ઉપયોગ મત્સ્ય ઉદ્યોગ માટે કરી શકાય તેમ છે. આદિવાસીઓ પાસે પરંપરાગત માછલી પકડવાના અનુભવો છે. પરંતુ ઉછેરનો એટલો અનુભવ નથી. આથી માછલી ઉછેરની તાલીમ આપી મત્સ્યઉદ્યોગને વિકસાવાની પુરી તક રહેલી છે.

### ૫.૬ પશુપાલન આધારિત વિકાસની કાર્યયોજના

- છોટાઉદેપુર જિલ્લા પાસે જંગલ વિસ્તાર વધું છે. આથી ઘાસચારાના સંદર્ભમાં વધારે મુશ્કેલી પડે તેમ નથી. આથી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપી શકાય તેમ છે.
- ઘેટા, બકરા, મરઘા, ગાય અને ભેસ જેવા પશુઓનો ઉછેર અને તેમના માધ્યમ થકી આર્થિક વિકાસની તકોમાં વધારો કરી શકાય તેમ છે.
- પશુપાલન વ્યવસાય માટે એક વસ્તુંનું ધ્યાન રાખવું પડશે, કે જેમની પાસે જમીન નથી એવા લોકોને જ્યારે પશુપાલનનો વ્યવસાય સાથે સાંકળવાનું થાય ત્યારે તેમની પાસે પુરક બીજો વ્યવસાય હોવો પણ જરૂરી છે.

- તેમને માત્ર પશુઓ આપી દેવાથી જ્યાં સુધી દૂધ મળશે ત્યાં સુધી તેઓ આ વ્યવસાયમાં ટકી શકશે. પરંતું દૂધ બંધ થતાની સાથે તેઓ આ વ્યવસાયમાં ટકી શકતા નથી. કારણકે પશુપાલન તેમના માટે ખર્ચાળ સાબિત થાય છે.
- જેમની પાસે જમીન નથી તેવા આદિવાસીઓને વૈકલ્પિક ઘાસચારાની વ્યવસ્થા અને પશુવ્યવસાયની સાથે વનઆધારિત કોઈ વ્યવસાય હોવો જરૂરી છે.
- જ્યાં સપાટ મેદાનો છે ત્યાં ભેંસ જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બતક કે સસલા ઉછેરનો વ્યવસાય બંન્ને પ્રદેશમાં વિકસાવી શકાય તેમ છે.

### ૫.૭. વિસ્થાપન અને ખેતમજૂરો માટેની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તેમ છે. તે માટે યોગ્ય આયોજનની જરૂ છે.
- આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે.
- ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે.
- આદિવાસી વિસ્તારમાં અન્ય પ્રદેશમાંથી આવી જે કારીગરો કામ કરે છે. એ કારીગરીની તાલીમ આદિવાસીઓને જ આપવામાં આવે તો પુરતી રોજગારી મળી રહે તેમ છે.
- આદિવાસી વિસ્તારમાં થતા વિકાસના કામોમાં આદિવાસીઓને જોડવામાં આવે તો સ્થાનિક રોજગારીઓ મળી રહે તેમ છે. ટેક્ટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે.
- સ્થાનિક ઊર્જાશક્તિનો ઉપયોગ કરીને વિકાસકામો કરવાથી પણ શ્રમ અને રોજગારીને તકો વધારી શકાય છે.

### ૫.૧ શૈક્ષણિક વિકાસની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારમાં આંગણવાડીથી પ્રાથમિક શિક્ષણ સુધીનું શિક્ષણ સ્થાનિક ભાષામાં આપવું જોઈએ. જેથી શરૂઆતથી જ પાયો મજબુત કરી શકાય. અને ગુજરાતી ભાષાનો ભય દુર કરી શકાય. અને સ્મૃતિની પકડ મજબૂત થઈ શકે.
- આદિવાસી વિસ્તારમાં ઉચ્ચશિક્ષણ સુધીનું શિક્ષણ નિવાસી શિક્ષણ હોવું જોઈએ. એટલે કે છાત્રાલયની સુવિધા હોવી જોઈએ. જેથી ખર્ચનું ભારણ ઘટાડી શકાય.
- આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળા સ્વરૂપનું શિક્ષણ વધુ અનુકુળ આવે તેમ છે. પરંતુ એ આશ્રમશાળાના શિક્ષણમાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને અભ્યાસક્રમમાં જોડીને શિક્ષણ અપાવું જોઈએ.
- માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકના શિક્ષણમાં પણ આદિવાસીની ક્ષમતાઓને સ્થાન મળે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.
- આદિવાસી વિસ્તારની આઈ.ટી.આઈમાં જે કોર્ષ ચાલે છે તેની સાથે આદિવાસી જે પરંપરાગત કલા–કૌશલ્યો છે, તેની તાલીમ મળી રહે તે રીતે કોર્ષ દાખલ કરવા જોઈએ. આ શૈક્ષણિક સંસ્થાઓમાં પરંપરાગ વ્યવસાય સાથે સંકળાયેલા જ્ઞાનનું ક્ષમતાવર્ધન કરે તેવા શિક્ષણને પ્રાધાન્ય આપવું જોઈએ.
- ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમના ઉદાહરણોમાં આદિવાસી પરિવેશ પ્રગટતો હોવો જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં સ્થાનિક ભાષાના જાણકાર શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ.
- ઉચ્ચશિક્ષણના અભ્યાસક્રમોમાં પણ આદિવાસીની સાંસ્કૃતિક વિરાસતને સ્થાન મળે તેવા અભ્યાસક્રમો હોવા જોઈએ.
- શિક્ષણ અને વિદ્યાર્થીને જરૂરિયાતનો તમામ ખર્ચ સરકાર ઉઠાવે તેવું આયોજન કરવું જોઈએ.
- એકલવ્ય સ્કૂલ, આદર્શ નિવાસીશાળા, સરકારી શાળા, સંસ્થાસંચાલિત શાળાઓ, આ બધા જ પ્રકારની શાળાઓનું સ્વરૂપ એક જ સરખું કરવું જોઈએ. જેથી આદિવાસીઓમાં શિક્ષણ વધારવા એક સરખું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- તબિબિ શિક્ષણમાં આર્યુવેદિક શિક્ષણમાં આદિવાસી પાસે રહેલ પરંપરાગત જ્ઞાનને પણ સ્થાન આપવું જોઈએ.
- આદિવાસી બાળકો વૈશ્વિકપ્રવાહથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવી પડશે. લોકલથી વૈશ્વિક પ્રવાહનું શિક્ષણ આપવું જોઈએ..
- આદિવાસીઓની પરંપરાગત ક્ષમતાઓને ધ્યાનમાં રાખી એન્જીનિયરીંગ અને પોલીટેકનિક જેવી કોલેજોમાં ટ્રેડ પસંદગી માટે માર્ગદર્શન આપવું જોઈએ.
- આદિવાસીઓનું સંગીત, રમત–ગમત અને અન્ય કલા–કૌશલ્યોનું વિકાસ થાય તેવા તાલીમ સેન્ટરો ઊભા કરવા જોઈએ.

### ૫.૨ આરોગ્ય વિકાસની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારના માતા અને બાળક બંન્નેની કુપોષણ દુર થાય તે માટે શરૂઆતથી જ પોષ્ટીક આહાર મળી રહે તેવું આયોજન કરવું જોઈએ.
- આદુવાસી વિસ્તારમાં પરંપરાગત અનુભવના આધારે કામ કરતા વૈધ, દાયણને વૈજ્ઞાનિક અભિગમ વાળી તાલીમ આપવી જોઈએ.
- આદિવાસીઓનો રહેઠાણનું સ્થાન, મજૂરીનું ક્ષેત્રને ધ્યાનમાં રાખી રોગ સામે રક્ષણ મેળવવાની સુવિધાઓ ઊભી કરવી જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં સિકલસેલ જેવા પરંપરાગત રોગો અંગે વિશેષ જાગૃતિ લાવવાની જરૂર છે. મેલેરિયા, ટાઈફોડ જેવા રોગો આદિવાસીઓમાં સામાન્ય થઈ ગયા છે. તેની સામે રક્ષણ ભરવા માટે જરૂરી પગલા લેવા જોઈએ.
- આદિવાસીઓમાં ચામડીના રોગો પણ વિશેષ જોવા મળે છે. તે અંગે જાગૃતિના કારયક્રમો કરવા જોઈએ.
- સ્ત્રીરોગ અંગે પણ ખાસ જાગૃતિ જોવા મળતી નથી. એ ક્ષેત્રે પણ વિશેષ વિચાર કરવાની જરૂર છે.
- આંખ અને દાંતના રોગોનું પ્રમાણ પણ હવે વધવા લાગ્યું છું. તે અંગે અગમચેતીના પગલા ભરવાની જરૂર છે. એક રીતે જો શિક્ષણનું પ્રમાણ વધે તો આરોગ્યના પ્રશ્નોમાં આપોઆપ ઘટાડો કરી શકાય તેમ છે..

### ૫.૩ ખેતી વિકાસની કાર્યયોજના

- આદિવાસીઓ પાસે રહેલ ખેતી અંગેનું જ્ઞાનને વર્તમાન ટેકનોલોજી સાથે જોડી ખેતીક્ષેત્રે વિકાસની તકો જોવી જોઈએ. આ પ્રકારની ખેતી જમીન અને પાક બંન્નેને ઉપકારક બને છે.
- જમીન વગરના આદિવાસીઓ પાસે તેમને વર્ષમાં જરૂરિયાત પુરતું અનાજ પકવી શકે તેટલી જમીન ઉપલબ્ધ કરાવી જોઈએ.
- જ્યાં પિયતની સગવડ ઊભી કરી શકાય તેમ છે. તેવા વિસ્તારમાં પિયતની સગવડ ઊભી કરવી જોઈએ.

- ➢ જંગલની સાથે રહીને જે લોકો ખેતી કરે છે, તેમની જમીન હજી રસાયણોથી મૂક્ત છે. આવા જમીન ધારકોને સજીવખેતી તરફ વાળી શકાય. એમની પાસે પરંપરાગત જે ખેતીનો અનુભવ છે, તેને વૈજ્ઞાનિક અભિગમથી વિકસાવી શકાય.
- ➢ આદિવાસી પાસે પરંપરાગત ધાન્ય છે. તે ધાન્યને પ્રોત્સાહન મળે તે રીતે ખેતીનો વિકાસ કરવો જોઈએ. પરંપરાગત ધાન્યમાં રહેલી પોષ્ટિકતા વિશે પણ તેમને અવગત કરવા જોઈએ. જેથી તે બીજા ધાન્ય તરફ આકર્ષાય નહી.
- ➢ વનમાં વૃક્ષોના ઉછેરને પણ ખેતી સાથે જોડવા જોઈએ. જે વૃક્ષો અને છોડ કે વેલ ઔષધની રીતે ઉપયોગી હોય, કે વન પેદાશની રીતે ઉપયોગી હોય તેવા વૃક્ષોની ઉછેરની જવાબદારી સાથે આદિવાસીઓને જોડી શકાય. જેને આપણે વનખેતી નામ આપી શકાય. આવી ખેતી પોતાની માલીકીની જમીનમાં પણ કરી શકે. ઉપરાંત સરકાર હસ્તકના જંગલોમાં પણ વનસમિતિઓને અમુક હક્કો આપી આ પ્રકારની ખેતીને પ્રોત્સાહન આપી શકાશે. આ પ્રકારની ખેતીથી બે ફાયદા થશે. એક તો એનાથી જંગલનું સરંક્ષણ થશે. બીજો એનાથી આદિવાસીઓને આર્થિક મદદ પણ મળશે.
- ➢ આદિવાસી વિસ્તારમાં સંસ્તા અનાજની દુકાનોમાંથી અપાતું અનાજ આદિવાસી વિસ્તારમાંથી જ ખરીદાયેલું હોવું જોઈએ. કારણ કે એમનો ખોરાક પણ એજ છે. આમ કરવાથી સ્તાનિક ખેડુતોને ખેતીક્ષેત્રે પ્રોત્સાહન મળશે.
- ➢ પરંપરાગત ધાન્યો સાથે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે કયા પાકો કરી શકાય તેની શક્યતાઓ શોધી એ પાકો તરફ બજાર અનુરૂપ ખેતી તરફ વાળવા જોઈએ.
- ➢ આદિવાસી વિસ્તાર સંપૂર્ણ સજીવખેતી તરફ લઈ જવો જોઈએ. એ સ્થિતિ તેમના આરોગ્ય અને પર્યાવરણ બંન્ને માટે ઉપકારક બનશે.
- ➢ આદિવાસી વિસ્તારમાં આદિવાસી સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખી કૃષિસંશોધન કેન્દ્રો શરૂ કરવા જોઈએ.

**૫.૪.૧ જંગલ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના**

- ➢ આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણાં ગૃહઉદ્યોગો સ્થાપી શકાય તેમ છે. બીડી વાળવાનો ઉદ્યોગ, મધ ઉછેરનો ધંધો, ગુંદર આધારિત ઉદ્યોગ, લાખ આધારિત ઉદ્યોગ, સાબુ ઉદ્યોગ, બાજ–પડિયાનો ઉદ્યોગ, રતન જ્યોત આધારિત ઉદ્યોગ, ફળાવ વૃક્ષોનું વન, સફેદ મૂશળી, કાથા ઉદ્યોગ, વાંસ આધારિત ઉદ્યોગ, આમળા આધારિત ઉદ્યોગ, હરડે આધારિત ઉદ્યોગ, વન ઔષધિઓ આધારિત ઉદ્યોગ, ફર્નિચર ઉદ્યોગ, મહુડા આધારિત ઉદ્યોગ, વગેરે અનેક ગૃહઉદ્યોગો શરૂ કરી શકાય.
- ➢ ગુહઉદ્યોગો આધારિત તાલીમસેન્ટરો ઊભા કરવા જોઈએ.
- ➢ ગૃહઉદ્યોગને મદદરૂપ બની શકે તેવા સાધનોની શોધ  કરી પુરા પાડવા જોઈએ.
- ➢ જંગલમાંથી મળતો કાચો માલમાંથી વર્તમાનમાં બનતી વસ્તુઓ ઉપરાંત બીજી કઈ વસ્તુઓ બનાવી શકાય તેની શક્યતાઓ શોધી તે દિશામાં નવા ઉદ્યોગો પણ શરૂ કરવા જોઈએ.
- ➢ જંગલ આધારિત ગૃહઉદ્યોગો ચલાવાવા માટે જરૂરી તજજ્ઞો મળી રહે તે માટે આઈ.ટી.આઈ. જેવી સંસ્થા ઊભી કરી તેમાં આ ઉદ્યોગોને અનુરૂપ તજજ્ઞો તૈયાર કરવા જોઈએ.
- ➢ જંગલ આધારિત ગૃહઉદ્યોગોમાં વપરાતો કાચો માલ સતત મળી રહે તેનું આયોજન કરવું જોઈએ.
- ➢ જંગલ કે પર્યાવરણને લાંબાગાળે નુકશાન કરે  તેવા ગૃહઉદ્યોગોને ટાળવા જોઈએ.
- ➢ જંગલ આધારિત સંશોધનકેન્દ્રો શરૂ કરવા જોઈએ. જેમાં આર્યુવેદિકનો પણ સમાવેશ કરી શકાય. તેમજ જંગલ ઉછેર અને જાળવણીનો પણ સમાવેશ થઈ જાય.

### ૫.૪.૨ ખેતી આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના

- ખેતી આધારિત ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવું જોઈએ, જેમ કે ભીંડીની શરબત, દાળ, ટામેટા શોષ, જુદા જુદા મસાલા વગેરે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ.
- મગફળી, તલ, મકાઈ, રાઈડા, દીવેલા, કપાસ જેવા પાકોમાંથી તેલ સ્થાનિક કક્ષાએ સ્થાનિક ઊર્જાનો ઉપયોગ કરી કાઢી શકાય તેવું આયોજન કરવું જોઈએ.
- વિવિધ અનાજના લોટ ઓછા પરિશ્રમ સાથે બનાવી શકાય તેવી ટેકનોલોજી બનાવી તેનો ઉપયોગ આદિવાસી વિસ્તારમાં કરવો જોઈએ.
- વિવિધ પ્રકારના કઠોળ તૈયાર કરી શકાય.
- પરંપરાગત અનાજમાંથી વિવિધ પ્રકારના બિસ્કીટ કે ખાદ્ય સામગ્રી બનાવી શકાય.
- પાપડ ઉદ્યોગને વિકસાવવાની તકો પડેલી છે.
- કપાસ સાથે સંકળાયેલ કાપડ બનાવવાની જુદીજુદી પ્રક્રિયા સાથે જોડી રોજગારીની તકો ઊભી કરી શકાય.

### ૫.૫ જળ વિકાસની કાર્યયોજના

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં વરસાદનું પ્રમાણ  વધું હોય છે. પરંતું એ જ વિસ્તારમાં પાણીની સમસ્યા હોય તેવું પણ જોવા મળે છે. મોટા ભાગના આદિવાસી વિસ્તારમાં ખેતીમાં પિયતપાણીની સગવડ ઉપલબ્ધ નથી. તેના ઘણાં કારણો છે. એક તો ડુગરાળ વિસ્તાર છે. આથી નહેર પહોચાડવી અશક્ય છે. પાણીના તળ ઊંડે ગયા છે. આથી સરળતાથી  પરંપરાગત પદ્ધતિથી પિયત કરી શકાય તેમ નથી. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં જળવિકાસના કાર્ય યોજના અંગે વિચારવું ઘણું અગત્યનું છે.

### ૫.૫.૧ જળ સંવર્ધનની કાર્યયોજના

- છોટાઉદેપુર વિસ્તાર મોટા ભાગે ડુગરાળ વિસ્તાર છે. આથી વરસાદ વધુ પડતો હોવા છતાં પાણી વહી જાય છે. આવા સંજોગોમાં વહી જતા પાણીને જમીનમાં ઉતારવા માટે આયોજન કરવું જોઈએ.
- નહેર દ્વારા પાણી પહોચાડવાની શક્યતા નહિવત હોવાથી સ્થાનિક ભૂગર્ભ જળનો ઉપયોગ પિયતમાં થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.
- વધારે પાણીની જરૂર પડે તેવા પાકો આદિવાસી વિસ્તારમાં ટાળવા જોઈએ.

### ૫.૫.૨ જળ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના

- છોટાઉદેપુર જિલ્લામાં મત્સ્ય ઉદ્યોગ માટે કરી શકાય તેમ છે. આદિવાસીઓ પાસે પરંપરાગત માછલી પકડવાના અનુભવો છે. પરંતુ ઉછેરનો એટલો અનુભવ નથી. આથી માછલી ઉછેરની તાલીમ આપી મત્સ્યઉદ્યોગને વિકસાવાની પુરી તક રહેલી છે.

### ૫.૫.૬ પશુપાલન આધારિત વિકાસની કાર્યયોજના

- છોટાઉદેપુર જિલ્લામો જંગલ વિસ્તાર વધું છે. આથી ઘાસચારાના સંદર્ભમાં વધારે મુશ્કેલી પડે તેમ નથી. આથી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપી શકાય તેમ છે.
- ઘેટા, બકરા, મરઘા, ગાય અને ભેસ જેવા પશુઓનો ઉછેર અને તેમના માધ્યમ થકી આર્થિક વિકાસની તકોમાં વધારો કરી શકાય તેમ છે.
- પશુપાલન વ્યવસાય માટે એક વસ્તુંનું ધ્યાન રાખવું પડશે, કે જેમની પાસે જમીન નથી એવા લોકોને જ્યારે પશુપાલનનો વ્યવસાય સાથે સાંકળવાનું થાય  ત્યારે તેમની પાસે પુરક બીજો વ્યવસાય હોવો પણ જરૂરી છે.
- તેમને માત્ર પશુઓ આપી દેવાથી જ્યાં સુધી દૂધ મળશે ત્યાં સુધી તેઓ આ વ્યવસાયમાં ટકી શકશે. પરંતું દૂધ બંધ થતાની સાથે તેઓ આ વ્યવસાયમાં ટકી શકતા નથી. કારણકે પશુપાલન તેમના માટે ખર્ચાળ સાબિત થાય છે.

- જેમની પાસે જમીન નથી તેવા આદિવાસીઓને વૈકલ્પિક ઘાસચારાની વ્યવસ્થા અને પશુવ્યવસાયની સાથે વનઆધારિત કોઈ વ્યવસાય હોવો જરૂરી છે.
- જ્યાં સપાટ મેદાનો છે ત્યાં ભેંસ જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બતક કે સસલા ઉછેરનો વ્યવસાય બંન્ને પ્રદેશમાં વિકસાવી શકાય તેમ છે.

### ૫.૫.૭. વિસ્થાપન અને ખેતમજૂરો માટેની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તેમ છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે.
- આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે.
- ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે.
- આદિવાસી વિસ્તારમાં અન્ય પ્રદેશમાંથી આવી જે કારીગરો કામ કરે છે. એ કારીગરીની તાલીમ આદિવાસીઓને જ આપવામાં આવે તો પુરતી રોજગારી મળી રહે તેમ છે.
- આદિવાસી વિસ્તારમાં થતા વિકાસના કામોમાં આદિવાસીઓને જોડવામાં આવે તો સ્થાનિક રોજગારીઓ મળી રહે તેમ છે. ટેકટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે.
- સ્થાનિક ઊર્જાશક્તિનો ઉપયોગ કરીને વિકાસકામો કરવાથી પણ શ્રમ અને રોજગારીને તકો વધારી શકાય છે.
- જ્યાં સપાટ મેદાનો છે ત્યાં ભેંસ જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બતક કે સસલા ઉછેરનો વ્યવસાય બંન્ને પ્રદેશમાં વિકસાવી શકાય તેમ છે.

### ૪.૫ કામદારો અને રોજગારી સંબંધી કાર્ય યોજના :

ડૉ. વિદ્યુત જોશી તેમના આદિવાસી વિકાસ દર્શનમાં જણાવે છે કે– કામદારો અને રોજગારીની સમસ્યાઓ જીવન જીવવા માટે મળેલી તકોમાં ઉત્તરોત્તર ઘટાડાના આખરી પરિણામોમાંનું એક છે. જ્યારે જીવન–તકોમાં ઘટાડો થાય છે ત્યારે નબળા વર્ગોને જ સૌથી વધુ સહન કરવું પડે છે. તેમનું શોષણ કરવામાં આવે છે. તેથી આ પગલા–સૂચક યોજના મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચવામાં આવી છે : (અ) જીવન–તકમાં વૃદ્ધિ અને (બ) કામદારોને લગતા કાયદાઓના ચુસ્ત પાલન દ્વારા શોષણ પર અંકુશ આદિવાસી કામદાર સમસ્યાઓના નિરાકરણ તથા તેને અલ્પતમ કરવા માટે નીચેનાં પગલાં ભરવામાં આવશે :

### (૧) ખેતીક્ષેત્રે સુધારણા :

આદિવાસીઓ મૂળભૂત રીતે ખેતી સાથે સંકળાયેલા છે. આદિવાસી જીવનમાં ખેતી અગત્યની છે. તેમ છતાં આદિવાસી વિસ્તારોમાં ખેતી પછાત દશામાં રહી છે. આજ દિન સુધી આદિવાસી જમીનોની ખેતી સિંચાઈ–વંચિત અને પરંપરાગત સ્વરૂપની રહી છે. તેથી ખેતીસુધારણાના સક્રિય પ્રયત્નો અત્યંત જરૂરી છે. ઘણાખરા આદિવાસીઓની આવક તથા નિભાવનું મુખ્ય સાધન ખેતી જ છે. તે જોતાં, તેમાં

કેટલાક સુધારા તો અત્યંત તાકીદના છે. રાહત દરે બિયારણ, જંતુનાશકો, બળદો અને ગાડા, ખેડૂતોને તાલીમ વગેરે જેવી ઘણી આદિવાસીઓ માટેની ખેતી સુધારણાની યોજનાઓ અમલમાં છે. પરંતુ એક કે બીજાં કારણોસર યોજનાઓ ખેડૂતોને ઊંચા લાવવામાં કારગત નીવડી નથી. આ દિશામાં કંઈક વધુ સઘન અને અસરકારક પગલાં ભરવાં અનિવાર્ય બન્યાં છે. આદિવાસી વિસ્તારોની ભૌગોલિક ભૂરચના જોતાં તેમાં પંપ દ્વારા સિંચાઈ(lift irrigation)ની યોજના જ એકદમ વહેવારુ અને સંભવિત છે. આપણી સમક્ષ તેનું ઉત્તમ પ્રત્યક્ષ ઉદાહરણ દાહોદ વિસ્તારમાં આ દિશામાં કાર્યરત 'સદ્ગુરુ ફાઉન્ડેશન' છે. તેના કાર્યને પરિણામે આ વિસ્તારના આદિવાસીઓના સ્થળાંતરને અંકુશિત કર્યું છે. આ માટેનો ઉત્તમ વિકલ્પ નાના બંધો (check dam) છે. વળી ગામોનાં તળાવોનું બાંધકામ અને/અથવા સમારકામ પણ પંપ–સિંચાઈ યોજનાઓ માટે જરૂરી છે. આદિવાસી ખેડૂતોને વ્યક્તિગત કે સમૂહગત ધોરણે ઑઈલ એન્જિનો તથા પાઈપો ખરીદવા માટે સહાય કે ધીરાણની વ્યવસ્થા થવી જોઈએ. આ જિલ્લાની જમીનો અસમતલ સ્વરૂપની છે. તેથી ત્યાં જમીન–ધોવાણની સમસ્યા ગંભીર છે. જમીન ધોવાણની સમસ્યાને લીધે આ વિસ્તારોની જમીનોની ભેજસંગ્રહશક્તિ પણ ઓછી છે. પરિણામે મોસમના અંતભાગે પણ આદિવાસી વિસ્તારોમાં પાકને વરસાદની જરૂર પડે છે. એટલે નિશ્ચિત રીતે, સરકારે પાળા બાંધવા, નાળાં તૈયાર કરવાં, ઢોળાવવાળી જમીનો માટેની વિશિષ્ટ ખેડ પદ્ધતિ દાખલ કરવી, વનીકરણ, ભૂતળ (જમીન) સંરક્ષણ વગેરે જેવા જમીનધોવાણ અટકાવવા માટેના કાર્યક્રમો હાથ ધરી તેમાં આદિવાસીઓને પણ સામેલ કરવા જોઈએ.

**જંગલ સાથેના આદિવાસીઓના સંબંધોનું પુનઃસ્થાપન**

(Revival of Tribal Relation with Forest)

હજારો વર્ષોથી આદિવાસીઓ જંગલમાં વસતા હોવાથી તેમની બંને વચ્ચે પરસ્પર ગાઢ સંબંધ પ્રવર્તે છે. પરંતુ બ્રિટિશરોના આગમન બાદ તેમાં ભારે ઘટાડો થવા પામ્યો છે. જો બળતણની કોઈ અન્ય વૈકલ્પિક વ્યવસ્થા થઈ શકે તો પ્રાકૃતિક જંગલો ફરીથી સજીવન થઈ શકે. આદિવાસીઓને આ કામમાં સામેલ કરવાથી જંગલ–સંરક્ષણનું વિકટ કાર્ય પણ સુગમ અને શક્ય બની શકે. તે બેવડે સ્વરૂપે ઉપયોગી બનશે. તેનાથી સ્થાનિક સ્તરે રોજગારીની તક સર્જાશે એટલું જ નહિ પરંતુ આદિવાસી સ્થળાંતર પણ નોંધપાત્ર પ્રમાણમાં ઓછું થવા પામશે. એક વાર જંગલ અને આદિવાસીઓનો સંબંધ સજીવન અને પુનઃસ્થાપિત થઈ જાય પછી આદિવાસી સ્થળાંતરની સમસ્યા ઘણી હળવી બની જશે. આનાથી વરસાદ, પર્યાવરણની સ્થિરતા, જમીનનું ધોવાણ વગેરે સમસ્યાઓના નિરાકરણમાં પણ સારી એવી સહાય થશે. વાસ્તવમાં આપણે અગાઉના પ્રકરણોમાં જોયું છે તે પ્રમાણે આદિવાસી જંગલથી વિમુખ થવાને કારણે જ તેને પોતાના અંગરૂપ જંગલોમાંથી સ્થળાંતર કરવાની ફરજ પડે છે.

આદિવાસીઓ અને જંગલ વચ્ચેના સંબંધના સજીવીકરણના આ કાર્યક્રમમાં આદિવાસીઓનો વિશ્વાસ જીતી તેમની સામેલગીરી સાધવી અનિવાર્ય છે. અને તે વિના જંગલ–સંરક્ષણનું કાર્ય પણ શક્ય નથી કૃત્રિમ રીતે જંગલો રચવાને બદલે પ્રાકૃતિક રીતે જંગલો સર્જાવાની પ્રક્રિયા થવા દેવામાં આવે તો જંગલવર્ધન અને સંરક્ષણ બંને કામગીરી વધુ સફળતાપૂર્વક થઈ શકે.

**(૩) ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગોનો વિકાસ**

આદિવાસીઓની પરંપરાગત વિશિષ્ટ ગતિવિધિઓ(know-how)નો અભ્યાસ કરી તેમને વ્યવસાય અભિમુખ પ્રવૃત્તિઓ સાથે સાંકળી લેવાની તાતી જરૂર છે. કેટલાક આદિવાસીઓ ખુલ્લંખુલ્લા કહેતા હોય છે કે તેમને રોજગારીના નિર્દિષ્ટ સ્થળે રોજના રૂ ૨૦૦–૨૫૦ મળે છે. પરંતુ તે તેમના નિર્વાહ માટે પૂરતા થતા નથી. તેમના કહેવા પ્રમાણે તેમને જો રહેવાને સ્થાને જ રોજના રૂ. ૨૦૦ની રોજગારી વર્ષના ૬–૭ મહિના પણ મળી જાય તો તેઓ દૂરના સ્થળોએ રોજગારી માટે જવાનું પસંદ કરતા નથી. આદિવાસી વિસ્તારોમાં તેમનો ખેતીનો મુખ્ય વ્યવસાય નબળો પડ્યો છે. ત્યારે જ પૂરક ડેરીના ઉદ્યોગમાં પણ મંદી પ્રવર્તે છે. આદિવાસી વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ પણ ડેરી ઉદ્યોગ માટે જોઈએ તેવી સાનુકૂળ નથી. વળી આ વિસ્તારના આદિવાસીઓ મોટે ભાગે નિરક્ષર હોઈ તેમને દૂધ માટે નાના–યુનિટના ઉદ્યોગના જ્ઞાનની જરૂર છે. આ જિલ્લામાં ડેરી ઉદ્યોગ વિકસાવવાની જરૂર છે.

**(૪) વિકાસ યોજનાઓની પુનર્વિચારણા :**

સરકારે આદરેલા અમુક નિશ્ચિત ઉદ્ધેશલક્ષી કેટલાક આદિવાસી વિકાસ કાર્યક્રમો અને યોજનાઓના ઉદેશો અસાધ્ય જ રહ્યા છે. અમલીકરણના સ્તરે ઘણા કિસ્સાઓ જાણવા મળ્યો છે. વળી બિનઆદિવાસી વિસ્તારોમાં સફળ થયેલા યોજનાઓ–કાર્યક્રમો આદિવાસી વિસ્તારોમાં સફ થવા પામ્યાં નથી. આવા યોજના તથા કાર્યક્રમોનો અમલ કરવાની રીતમાં કે ટલાક જરૂરી ફેરફારો કરવા ખૂબ આવશ્યક હોય છે. નેહરુના પંચશીલના સિદ્ધાંતો અનુસાર આદિવાસીઓને પોતાનાં સમજ અને જ્ઞાનના સંદર્ભમાં વિકસવાની પૂરી સ્વતંત્રતા હોવી કાર્ય યોજના જોઈએ . આદિવાસી વિકાસમાં બિનસરકારી સંસ્થાઓ કે સંગઠનોને ભેળવવા આવશ્યક છે. આદિવાસીઓમાં સામુદાયિક ભાવનાઓ અને લાગણીઓ વધુ પ્રબળ હોય છે. તેથી આયોજનો એવી રીતે થવાં જોઈએ કે આદિવાસીઓની મૂળભૂત ભાવનાઓ અને ખાસિયતો જળવાઈ રહે. વધુ ધ્યાન વર્તમાન સમયને સાનુકૂળ યોજનાઓ પર કેન્દ્રિત કરવું જરૂરી છે.

આદિવાસીઓ પાસે તેમની પરંપરાગત કળાઓ હોય છે. પરંતુ તેની વ્યાવસાયિક ઢબે કદર કરનારું બજાર મળ્યું ન હોવાથી તેનું વ્યાવસાયિક મહત્ત્વમૂલ્ય અંકાયુ હોતું નથી. અર્થાત તે માટે જરૂ છે તેને વ્યાવસાયિક સ્વરૂપ આપી યથાર્થ ખપત અવકાશ પૂરો પાડવાની ઘણાંખરાં કુટુંબો અમુક તાલીમ લેવા માટે એટલા માટે તૈયાર નથી થતાં કે, તેમને તેનાથી કામ રોજગારી મળવાની ખાતરી થતી નથી.

**(૫) દેવા/કરજની સમસ્યાનું નિવારણ :**

ઘણા આદિવાસીઓ દેવા/કરજને કારણે સ્થળાંતર કરતા હોય છે. એટલે સ્થળાંતરની સમસ્યાને અલ્પતમ કરવા માટે દેવાની સમસ્યાનો ઉકેલ અત્યંત આવશ્યક છે. આદિવાસીઓ સામાન્ય રીતે દેવું ત્રણ કારણોસર કરતા હોય છે. (૧) લગ્ન, (૨) ઘર–વપરાશ/નિર્વાહ અને (૩) ઘાસચારાની ખરીદી. ઘણાખરા આદિવાસીઓ સમગ્ર જીવન દેવા સાથે વીતાવે છે, અને મરે છે પણ દેવા સાથે કોઈક વિરલ કિસ્સામાં જ કોઈ આદિવાસી દેવાના સકંજામાથી છટકી જઈ શકે છે. આદિવાસી માટે દેવાના ઝેરી કૂંડાળાને ભેદી હેમખેમ બહાર નીકળવું અત્યંત મુશ્કેલ હોય છે. દેવાદારી તેમના સ્થળાંતરનાં મુખ્ય કારણોમાંનું એક છે. દેવાને કારણે આદિવાસીઓનું અનેક રીતે શોષણ કરવામાં આવે છે. આદિવાસી દેવાદારીની સમસ્યાનો સાચો અંદાજ મેળવવા માટે સમગ્ર ગુજરાત વ્યાપી ખાસ અભ્યાસ કરવાની જરૂર છે. ખાનગી શરાફો તેમને ઉત્પાદક અને અનુત્પાદક બંને પ્રકારના હેતુઓ માટે નાણાં ધીરે છે. આદિવાસી વિસ્તારોમાં આ માટેની સંસ્થાકીય વ્યવસ્થાઓ સદંતર નિષ્ફળ નીવડી છે. આદિવાસી દેવાદારીની સમસ્યા અન્ય કોઈ વૈકલ્પિક જોગવાઈઓ વિના માત્ર કાયદાથી ઉકેલી શકાય તેમ નથી. કોઈ અન્ય વૈકલ્પિક જોગવાઈના અભાવમાં આદિવાસીઓ પોતાનું શોષણ થતું હોવા છતાં ધિરાણ કરતા ખાનગી શરાફને આશ્રયે જવાનું છોડવા તૈયાર નથી, તે આપણે જોઈ ચૂક્યા છીએ. આદિવાસીઓ ગરીબ જરૂર હોય છે, પરંતુ શાણા અને પ્રામાણિક પણ હોય છે. તેમની આ પ્રામણિકતા ખાનગી શરાફનું દેવું ચૂકવવામાં પ્રગટ પણ થાય છે. આદિવાસીનું ભૂતકાળના સંસ્થાકીય દેવાના જુવાળમાંથી ઊગરવું બહુ મુશ્કેલ છે. આદિવાસીઓને લગ્ન અને મરણ જેવા સામાજિક પ્રસંગો પાર પાડવાના અનુત્પાદક હેતુસર પણ ધિરાણ અપાવું જોઈએ. આદિવાસીઓની એકતાની ખાસિયતનો ઉપયોગ કરીને સહકારી મંડળીઓ મારફત આવાં પગલાં યોજી શકાય. પરંતુ કમનસીબે, આદિવાસી વિસ્તારોમાં સહકારી મંડળીઓ આંગળીને વેઢે ગણાય તેટલી ઓછી છે. આ સંદર્ભમાં તલસ્પર્શી સઘન તપાસ કરી, તદનુસાર જરૂરી જણાય તે તમામ પગલા ચુસ્ત રીતે ભરવા આવશ્યક છે.

**(૬) કામગીરીને સ્થળે કામદારોની હિત–રક્ષા**

આદિવાસીઓનું સ્થળાંતર તાત્કાલિક અને સંદતર અટકી જાય તેવું બનવાનું નથી તે પરિસ્થિતિમાં કામગીરીને સ્થળે આદિવાસી કામદારોનાં હિતોની સુરક્ષા ખૂબ જરૂરી બની જાય છે. આદિવાસીઓના કામના નિર્દિષ્ટ સ્થળ તેમજ તેઓ સ્થળાંતર કરીને જ્યાંથી આવે આદિવાસી વિકાસ દર્શન છે તે બંને અંગેની કેટલીક માહિતીઓની નોંધ રાખવામાં આવે તે જરૂરી છે. તેમને કામે રાખનાર ઠેકેદાર કે કોન્ટ્રાક્ટરના નામ–સરનામાની નોંધણી પણ ફરજિયાત બનાવવી જોઈએ વળી, કામદારોને તેમના કાયદેસરના હકો તથા વિશેષાધિકારો વિષે તથા તેનો ભંગ કરવામાં આવે તો શું કરવું જોઈએ તે અંગે

સભાન કરવા પણ અત્યંત જરૂરી છે. તે માટે CBWE–ની સહાય વડે દર વર્ષે તાલુકા દીઠ ઓછામાં ઓછો એક શિબિર (અર્થાત્ ૧ શિબિર –૩૫ તાલુકા સ ૧૦ વર્ષ = ૩૫૦ શિબિરો) યોજવામાં આવશે. સ્થળાંતરિતો માટેના કામદારલક્ષી કાયદાઓનો ભંગ કરનારા ગુનેગારને ખરેખર પ્રત્યક્ષ સજાનો સ્વાદ ચખાડી દાખલો બેસાડવો પણ જરૂરી છે. આવી કાનૂની જોગવાઈઓની ગંભીરતા અંગે સંબંધિત જવાબદાર અધિકારીને પણ સભાન અને સચેત કરી દેવો જોઈએ. કામદારોની ફરિયાદ લેનારા 'ફરિયાદ કેન્દ્ર'(Grievances Cell)ની સ્થાપના પણ અનિવાર્ય છે. આંતર રાજ્ય સ્થળાંતરિત કામદાર કાયદો, લઘુતમ રોજી ધારો વગેરે કામદારો સંબંધી કાયદાઓનો સઘન અને વધુ કડકાઈપૂર્વક ચુસ્ત રીતે અમલ થવો જોઈએ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની સાથે સાથે તાલીમ પામેલી આદિવાસી વ્યક્તિઓની માગ પણ વધવાની શક્યતા રહેલી છે. તે સંદર્ભમાં ગુજરાત સરકારે ઔદ્યોગિકીકરણને કારણે કુશળ કારીગરોની વધતી જતી માગને પહોંચી વળવાના હેતુથી રાજયના પ્રત્યેક તાલુકા દીઠ ઓછામાં ઓછી એક ઔદ્યોગિક તાલીમી સંસ્થા (ITI) શરૂ કરવાની નીતિ અખત્યાર કરી છે. રાજ્ય સરકારે જિલ્લા આદિવાસી વિકાસ યોજનાના સત્તાવાળાઓની સહાયથી વિવિધ લાંબા તેમજ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો પણ દાખલ કર્યા છે. આવા અભ્યાસક્રમો ગુજરાતમાં નવીન તરેહોની યોજનાઓને અનુલક્ષીને સ્થાનિક પદાધિકારીઓ (officials) દ્વારા કરાયેલી માગોના સંદર્ભમાં કરવામાં આવ્યા છે.

ઔદ્યોગિક તેમજ સેવા–વિભાગો (industrialandservicesectors) સર્જિત રોજગારી સંભાવનાઓને અનુલક્ષીને તબક્કાવાર તાલીમી કાર્યક્રમો પ્રયોજી શકાય. લોકપ્રિય તાલીમી બેઠકો વધારવામાં આવશે. જ્યારે અલ્પ લોકપ્રિય/લોકભોગ્ય અભ્યાસક્રમોની તાલીમી બેઠકો તબક્કા વાર ઘટાડવામાં આવશે. બેઠકોની સંખ્યા વધારવા કે ઘટાડવાનો નિર્ણય સ્થાનિક સ્તરે કાર્યરત કાર્યાલય સ્થાનિક પ્રતિનિધિ સાથે પરામર્શ બાદ કરશે. આત્મનિર્ભરતા માટે આવા રોજગાર/વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં જોડાવાને સંભવિત શક્તિશાળી છોકરીઓ પ્રેરાય તે હેતુથી છોકરીઓ માટે વિશેષ અલગ ઔદ્યોગિક તાલીમી સંસ્થાઓ અથવા તેવી ચાલુ સંસ્થાઓમાં છોકરીઓ માટે અલગ વિભાગ શરૂ કરવામાં આવશે. ત્રણ થી છ માસના ટૂંકા ગાળાના તાલીમી અભ્યાસક્રમો માટેની બેઠકો તબક્કાવાર વધારી શકાય. આદિવાસી વિસ્તારોમાં કમ્પ્યૂટરના તાલીમી કાર્યક્રમો પણ દાખલ કરી શકાશે. જોકે, દરેક તાલીમી કાર્યક્રમો વ્યાવસાયિક બજારો સાથે સંકળાયેલા હોવા જોઈશે રોજગારલક્ષી શિક્ષણ અને તેને સુસંગત ટૂંકી મુદતના અભ્યાસક્રમોની બેઠકોની સંખ્યા વધારવી જોઈએ. હાલમાં વિદ્યુત–કારીગર (electrician), ફિટર, વાયરમેન વગેરે અભ્યાસક્રમોમાં એક થી બે વર્ષની મુદત માટે તાલીમ આપવામાં આવે છે. આવી તાલીમઆપતી આદિવાસી સંસ્થાઓમાં આદિવાસીઓને ૧૦૦

ટકા પ્રવેશ આપવામાં આવે છે, જ્યારે બાકીની આવી સંસ્થાઓમાં આદિવાસીઓ માટે ૨૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે. ડીટીપી ઇન્ટરનેટ, ઈ–મેઈલ, નાણાકીય હિસાબ વગેરે જેવા કમ્પ્યૂટર કાર્ય યોજના અભ્યાસક્રમોના તાલીમી કાર્યક્રમ વિશાળ પાયા પર દાખલ કરવા જોઈએ . અમને જાણવા મળ્યું છે કે, રાજ્ય સરકાર પોતાના શક્તિ અને સંસાધનોનો સૌથી મોટો હિસ્સો રાચરચીલું, સુવિધા–સાધનો, જરૂરી યંત્રો તથા કારખાનાં, કાર્યાલયો કે તાલીમ માટેના બાંધકામો પાછળ ખર્ચી નાખે છે. અહીં અમે સૂચવવા માગીએ છીએ કે, રાજ્ય સરકારે આવી પ્રવૃત્તિઓમાં પડવું ન જોઈએ. આવી વસ્તુઓની ખરીદી પાછળ નાણાં વેડફવા ડહાપણભર્યું નથી. તે તો ખાનગી પાર્ટીઓ પાસેથી કરારી ધોરણે (on contract base) સહેલાઈથી સંપાદન કરી શકાય. આમ કરવાથી જાળવણી તથા તાલીમી કર્મચારીઓ રોકવા–રાખવાની મોટા ભાગની સમસ્યાઓ હલ થઈ જશે, બલકે રહેશે જ નહિ. અલબત્ત, તાલીમનું જરૂરી ઊંચું ધોરણ જળવાય તે માટે કાળજીપૂર્વક જરૂરી શરતો–બાંયધરીઓ અવશ્ય નક્કી કરી શકાય અમે માનીએ છીએ કે, આદિવાસી રોજગારીની સમસ્યા કેવળ રોજગારી વિનિમય કેન્દ્રો કે કચેરીઓ વધુ ખોલ્યા કરવાથી ઉકેલાશે નહિ. મુખ્યત્વે એટલા માટે કે રોજગારીની એટલી તકો ભાગ્યે જ અસ્તિત્વમાં છે. તેથી સરકારનું કામ મુખ્યત્વે રોજગારીની તકો પેદા કરવાનું છે. આદિવાસી વિસ્તારોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરવા માટે તૈયાર કરાવતા વર્ગો શરૂ કરવા જોઈએ. પ્રત્યેક આદિવાસી ઉપયોજના–કેન્દ્રએ ઓછામાં ઓછા આવા બે કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. આ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓ/સંગઠનોના સહાય–સહકાર પ્રાપ્ત કરી શકાય. અને આદિવાસી પરિયોજના કચેરીઓ આવા કાર્યક્રમોમાં મોકળાશ–પ્રવર્તક (facilitator)ની કામગીરી બજાવી શકે. આનાથી, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા યોજવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ મારફત સરકારી નોકરીઓ સેવાઓ પ્રાપ્ત કરવામાં સફળ થવામાં આદિવાસીઓને મોટી સહાય તેમજ ઉમદા માર્ગદર્શન સાંપડી રહેશે.

આદિવાસીઓ, તેમાં પણ વિશેષ કરીને યુવાનો રોજગારલક્ષી અભ્યાસક્રમોમાં કારકિર્દી–કેન્દ્રિત કાર્યશાળાઓ દ્વારા વધુ ને વધુ સંખ્યામાં જોડાવા તૈયાર થાય તે જરૂરી છે. બેરોજગાર આદિવાસીઓને રોજગારી કે સ્વરોજગારી (ધંધો) માટે પ્રોત્સાહિત કરનારી કાર્યશાળાઓ યોજવી અત્યંત આવશ્યક છે. આવા કાર્યક્રમો ઉપાડવા–ચલાવવામાં આદિવાસી ઉપયોજનાના પદાધિકારીઓ તેમજ જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રોનો સાથસહકાર અને સહાય માગવાં–મેળવવાં જોઈએ. રોજગારીની કામગીરી સંબંધી તાલીમ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું જોઈએ.

———————— ———————— ————————

## સંદર્ભ સૂચી


(૧) આદિવાસી સંસ્કૃતિનો સ્વાધ્યાય
રેવાબહેન તડવી, શંકરભાઈ તડવી
પ્રકાશક : રેવાબહેન તડવી,
સી/ઓ જેતપુર તાલુકા શાળા
પાવી–જેતપુર (૩૯૧૧૬૦) જિ. વડોદરા
પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૧૯૮૩

(૨) રાઠવા સમાજના ગીતો
મનહરભાઈ રાઠવા
પ્રકાશક : ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્ર,
૬૨, શ્રીનાથધામ સોસાયટી,
દિનેશમિલની પાછળ,
વડોદરા.

(૩) પાલનાં રાઠવા
શંકરભાઈ સોમાભાઈ તડવી,
પ્રકાશક : ધનરાજભાઈ ઘાસીરામ કોઠારી,
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર ગાંધીમાર્ગ,
અમદાવાદ.
આવૃતિ : ૧૯૭૭

(૪) સામાયિક : ઢોલ(દેહવાલી)
સંપાદક : ચામુલાલ રાઠવા
પ્રકાશક : ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર
૬૨, શ્રીનાથધામ સોસાયટી,
દિનેશમિલની પાછળ, વડોદરા.

(૫) સામાયિક : ઢોલ(રાઠવી)
સંપાદક : સુભાષ ઈસાઈ, નારણ રાઠવા
પ્રકાશક : ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર
૬૨, શ્રીનાથધામ સોસાયટી,
દિનેશમિલની પાછળ, વડોદરા.


**માહિતીદાતા :**

(૬) હરજીભાઈ ભલજીભાઈ રાઠવા
ઉંમર : ૫૧,
ગામ : ભૂઙ્ગર
તાલુકો : કવાંટ
જિલ્લો : છોટાઉદેપુર

(૭) વાજુભાઈ હુરજીભાઈ રાઠવા
ઉંમર : ૬૮,
ગામ : સોડવાણી
તાલુકો : કવાંટ
જિલ્લો : છોટાઉદેપુર

(૮) બુધિયાભાઈ હુરજીભાઈ રાઠવા
ઉંમર : ૭૮,
ગામ : સોડવાણી
તાલુકો : કવાંટ
જિલ્લો : છોટાઉદેપુર
(૬) ઝીણ્યાભાઈ દલસુખભાઈ રાઠવા
ઉંમર : ૪૦,
ગામ : અછાલા
તાલુકો : છોટાઉદેપુર જિલ્લો : છોટાઉદેપુર
જિલ્લો : વડોદરા
(૯) સકલાભાઈ નાન્યાભાઈ રાઠવા
ઉંમર : ૬૨,
ગામ : અછાલા
તાલુકો : છોટાઉદેપુર
જિલ્લો : છોટાઉદેપુર
(૧૦) કેસલાભાઈ મનસુખભાઈ રાઠવા
ઉંમર : ૬૦,
ગામ : અછાલા
તાલુકો : છોટાઉદેપુર
જિલ્લો : છોટાઉદેપુર

(૧૧) છોટાઉદેપુર જિલ્લા મ્યુઝીયમ.

(૧૨) વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સંયાજીરાવ ત્રીજાનું પ્રદાન (1863-1939) - કિશોરભાઈ ચૌધરી

(૧૩) આદિજાતિ પેટા યોજના બજેટ જોગવાઈ – 2018-19

(૧૪) વનબંધુ કલ્યાણ યોજના બજેટ જોગવાઈ – 2018-19

(૧૫) Government of Gujarat Annul Report of The Administrative of Scheduled Areas – 2018-19

(૧૬) Peoples Plan Campaign For Gram panchayat Development Plan (GPDP) -sabki Yojana Sabka vikas

(૧૫). Political Economy Of Tribal Development A Cas Study of Andra Pradesh

(૧૬). Pradhan Mantri Van Dhan Yojana (mera van – mera dhan- mera Udyam) – 200 daye Report march 2020

(૧૭). Guidelines for Mechanism for Marketing of Minor Forest Produce (MFP) Through Minimum Support Price (MSP) & Development of Value Chain for MFP 2018

(૧૮). ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, 2017

(૧૯). Monthly update on status of implementation of the Scheduled Tribes and Other TraditionalForest Dweller (Recognition of Forest Rights) Act,2006, Date - 24/08/2020

(૨૦). Land and Governance Under the Fifth Schedule – Guverment Of indiaa

(૨૧). राष्ट्रीय अनुसूचित जनजाति आयोग विशेष रिपोर्ट मई 2012

(૨૨). Fifth Schedule of the constitution, India

(૨૩).The scheduled Tribes and other Traditional Forest Dewellers (recognition Forest rights) act 2006

(૨૪). આદિવાસી વિકાસ દર્શન – વિદ્યુત જોષી

(૨૫). ગુજરાતનો વિકાસ – એક વણથંભી કૂચ – લેન્સી લોબો

(૨૬). ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ વિઝન 2010 – સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ, સુરત

(૨૭). છોટાઉદેપુર જિલ્લાની આકડાકીય રૂપરેખા 2015-16, 2017-18, 2019-20.

(૨૮). District Human Development Report (Narmada) 2016

(Gujarat social Infrastructure Development society)GSIDS

(૨૯). District Industrial Potentiality Survey Report – Narmada 2016-17

(૩૦). District Census Handbook A-B (DCHS) 2011

(૩૧). District Census Handbook A-B (DCHS) 2001

(૩૨). Religion and Tribal Society Social life and belief Systems. Editor : S. M. Channa

(૩૩). Technology Transfer for Rural Development. Edited by : Devendra Thakur

(૩૪). Tribal situation in India- Dr. Vidyut Joshi.

(૩૫). ર્યાવરણ પરિસ્થિતિકી અને આપત્તિ વ્યવસ્થાપન સંપાદકઃ ઈશ્વર પાડવી. લેખકઃ ઋત્વિક ચૌધરી

------------ ------------ ------------